જુબેદા

અથવા

રહસ્યમયી રમણી

(ખંડ બીજો)



કિંમત રૂા. ૧—૦—૦

જુબેદા

અથવા

રહસ્યમયી રમણી

(ખંડ બીજો)

લખનાર,

ચિત્રગુપ્ત

સંવત ૧૯૮૩

કિંમત રૂા. ૧

મુદ્રક અને પ્રકાશક
જયશંકર ભોડીદાસ દ્વીવેદી
મોજ-મજાહ પ્રીન્ટીંગ પ્રેસ, ખટાવ બિલ્ડીંગ
ગીરગામ-મુંબઇ ૪,

જુબેદા

અથવા

રહસ્યમયી રમણી

(ખંડ બીજો)

પ્રકરણ ૧ લું.

હું કેવી રીતે બેહોશ બની ગયો હતો તથા મારું જીવન મરણના તારપર કેવી રીતે ઝુલી રહ્યું હતું એ વાત વાંચકોથી અજાણી નથી. શુદ્ધિમાં આવતાં આંખો ઉઘાડી તો પણ હું કાંઇ જોઇ શકયો નહિ. મારી વાક્‌શક્તિ ગુમ થઇ હતી. માથું ગરમ થયું હતું. હૃદયમાં વેદના થતી હતી.

આવી અર્ધચેતન અવસ્થામાં હું કયાં સુધી હતો એ ચોક્કસ કહી શકતો નથી. એ હાલતમાં કોઇ જાણે કે ઉશિકા પાસે બેસી વેદનાથી વ્યાકુળ બનેલી દૃષ્ટિથી જોઇ રહ્યું હતું. એ જુબેદા હતી કે ? જુબેદાની સુન્દર મૂર્તિને, તેની કુસમથી પણ કોમળ દેહલતાને હું મારા મનમાં યાદ કરવા લાગ્યો. જુબેદાના કોમળ કરસ્પર્શને મેં મારા હૃદયપર સ્પષ્ટ અનુભવ્યો તેનાં અંગ તેમજ વસ્ત્રની સૌરભે મદિરાની માફક મને વિહ્વળ બનાવી દીધો.

તેની સાથે પ્રણય સંભાષણ કરવાની મને ઘણી ઇચ્છા થઇ આવી; પરંતુ હું કાંઇ બોલી શકયો નહિ. આંખો મીચી હું

મારી આરાધ્ય દેવી જુબેદાના નામનો ઉચ્ચાર કરવા લાગ્યો; પરંતુ સ્પષ્ટ ઉચ્ચારને બદલે કંઠમાંથી કેવળ અસ્પષ્ટ આર્તનાદ થવા લાગ્યો. ત્યારે શું હું બોબડો બન્યો હતો? દીનદ્રષ્ટિથી મારા તરફ જોઈ જુબેદાએ કાંઈક કહ્યું; પરંતુ શું કહ્યું એ હું સમજી શક્યો નહિ. મારી શ્રવણ શક્તિ બધીર થઈ ગઈ હતી કે શું! સઘળું ગયું હતું—કેવળ કષ્ટને સમજવાની શક્તિ કાયમ હતી. મહા મુસિબતે દષ્ટિ શક્તિને કેંદ્રિભૂત કરી જુબેદાના અંગ તરફ જોતાં મારું સર્વાંગ રોમાંચિત થયું. તેનો એક હાથ ખભામાંથી ખરેખર છિન્ન થઈ ગયો હતો. કયા નિષ્ઠુરે કુસુમકલિકા પર આવો વજ્રાઘાત કર્યો હશે! મારાં નયનોમાંથી અશ્રુધારા વહી જવા લાગી એ જોઈ જુબેદાએ પોતાનું સુન્દર મુખ નીચું કરી કૃતજ્ઞ ભાવથી મારા મુખ ઉપર ચુંબન કર્યું.

એ ચુંબનના સ્પર્શથી મારા દેહમાં જાણે કે નવજીવનનો સંચાર થયો. તથા મારી સઘળી વેદના અકલ્પનીય ભાવથી ધીમે ધીમે અદ્રશ્ય થઈ ગઈ! હવે મારી ખાત્રી થઈ કે એ જુબેદાજ હતી! પરંતુ સુખસ્વપ્નની સ્મૃતિની માફક જુબેદા એકાએક અદ્રશ્ય થઈ ગઈ. જાણે કે વસંતના મૃદુ મધુર વાયુની માફક, નમતા પ્રહરના પ્રભાકરનાં નમ્ર કિરણોની માફક, દુર્ભાગ્યથી અંધકારમય બનેલા ચિત્તમાં ક્ષણિક સુખસ્વપ્નની માફક એ મારી માનસી પ્રતિમા ગુમ થઈ ગઈ! ગુમ થઈ જવું હતું તો શા માટે આવી હતી? મારી વેદનામાં સહાનુભૂતિ દર્શાવવા આવી નિષ્ઠુર હૃદયથી તે નાસી કેમ ગઈ? તેના એ પ્રેમમય ચુંબનની મધુરતા હજી સુધી હું અનુભવતો હતો. એ મોહ નહોતો—સ્વપ્ન નહોતું—ચિત્તનો ભ્રમ નહોતો; પરંતુ સનાતન સત્ય હતું. ધીમે ધીમે મેં આંખો ઉઘાડી.

લાવાકાને જે વખતે મારા પર હુમલો કર્યો હતો, અને હું બેહોશ બની ગયો હતો, એ વખતે દિવસ આથમવા આવ્યો હતો અને હમણાં મધ્યાન્હ કાળ હતો. ત્યારે શું વીશ કલાક સુધી હું બેહોશ હતો? ના—ના. બેહોશ હાલતમાં પસાર થઈ

ગયેલા કાળનું માપ હું કેવી રીતે કળી શકું ! દેહની દુર્બળતા પરથી ઓછામાં ઓછા બે ત્રણ દિવસ સુધી હું બેશુધ્ધ હાલતમાં રહ્યો હોઉં એમ મને લાગ્યું.

એકાએક હૃદય પર હાથ પડયો. શરીરપરની બિઝરાઇ છિન્ન થયેલી હોઇ નરપિશાચ લાવાકાને કટારનો ઘા કરેલો હોવાથી હૃદયમાં અસુહ્ય વેદના થતી હતી. થયેલો ઘા મારા જોવામાં આવ્યો નહિ. કેમકે, કોઇએ ઘણી સાવધાનતાથી ઘા ઉપર પાટો બાંધી દીધો હતો. દયાને વશ થઇ કોઇ દયાળુ દેવતાએ એ કામ કર્યું હોય એમ મને લાગ્યું. પાટાના કપડામાં રત્નજડીત કારીગિરી જોઇ મારી સારવાર કરનાર કોઇ કરૂણામયી રમણી હોય એમ મને લાગ્યું.

કયા સ્થળે લાવાકાને મારા ઉપર હુમલો કર્યો હતો એ હું જાણતો હતો. પરતુ હમણાં હું એ સ્થળે નહોતો. હમણાંનું સ્થળ પત્થરોથી બંધાયેલું એક લાંબુ મકાન હતું. ચારે તરફ દિવાલ હતી અને ઉપરનો ભાગ ખુલ્લો હોવાથી સૂર્યનો પ્રકાશ એ સ્થળે સંચાર કરતો હતો. એ પ્રકાશમાં મકાન ઘણું પુરાતન જણાયું. કાળની સાથે યુધ્ધ કરી મકાનની પત્થરોથી બનેલી દિવાલ કાળી પડી ગઇ હતી.

હું પત્થરથી બનેલા આસનપર સુતો હતો. તથા મારા દેહને દુઃખ ન થાય એવા વિચારથી મારી રક્ષણકારિણીએ એ પત્થરના આસનપર મુલાયમ બિછાનું બિછાવ્યું હતુ, મખમલ અને રેશમના વસ્ત્રોથી બિછાનું બન્યું હતું તથા એ વસ્ત્રો કોઇ કુળવંત કુટુંબની કામિનીના પોષાક જેવાં દેખાતાં હતાં. બિછાનાની પાસે ચામડાની નાની થેલીમાં સુપેય જળ તથા તેની નજીક થોડી ખાદ્ય-સામગ્રી નજરે પડી. આ અનાથપર આટલી બધી દયા કોણે કરી હશે ! કાળના કરાળ મુખમાંથી મારો જીવ બચાવવા આટલું બધું આયોજન કોણે શા માટે કર્યું હશે ! હજુ જગતમાંથી દયાનો નાશ થયો નથી તથા જેનો કોઇ આધાર નથી તેનો આધાર શ્રી કિરતાર છે એ સનાતન સત્યની આ પ્રસંગે મને સંપૂર્ણ પ્રતીતિ થઇ.

શરીરની વેદના ઓછી થતાં ધીમે ધીમે હું ઉઠી બેઠો થયો. મારૂં કૌતૂહલ એટલું બધું વધી ગયું હતું કે એ સ્થાન કેવું તેમજ કયાં હતું એ જોવાનો પ્રયત્ન કર્યા સિવાય હું સ્થિર રહી શકયો નહિ. તપાસ કરતાં ચામડાની પાણીની થેલી પાસેથી એક કાગળ મળી આવ્યો. તેમાં અસ્પષ્ટ અરબી અક્ષરોમાં જે હકીકત લખેલી હતી, તે મહા મુસીબતે હું વાંચી શકયો.

"...ખુદાનું પવિત્ર નામ ધન્ય થાવ. હે દરીયાપારના અજાણ્યા મુસાફર તારૂં કલ્યાણ થાવ. તું સેંકડો આફતોમાં સપડાયેલો હોવા છતાં દયાળુ ખુદા તને ભૂલી ગયા નથી. તેમણેજ તને મદદ કરવા એક મિત્રને મોકલ્યો છે. એ મિત્ર તારા સુખનો સાથી અને દુઃખનો દોસ્ત છે, એવો તું દઢ વિશ્વાસ રાખજે. તારે નિરાશ થવાની જરૂર નથી. દુશ્મનોનાં કપટ કારસ્થાનને હજી પણ તું વ્યથા કરી શકે તેમ છે. અહિં ઘણા અદ્‌ભુત અને ભેદ ભરેલા ભયંકર દેખાવ જોવામાં આવશે, છતાં તે જોઇ તું ગભરાઇશ નહિ. સંસારમાં જેઓ કઠીન કાર્યને સાધ્ય કરવા ઇચ્છે છે તેઓને જીવ સટોસટની આફતો સાથે સામનો કરવો પડે છે, એ સિધ્ધાંત ભૂલીશ નહિ. જે નરપિશાચો તારો નાશ કરવા વિવિધ છળકપટોની યોજના કરે છે—અતિથીનું અપમાન કરે છે અને નિત્ય નિષ્ઠુરતાનો પરિચય કરાવે છે, તેમનો નાશ અલ્લા અવસ્ય કરશે."

શરીર પુનઃ અવસન્ન બની ગયું. ઉપરોકત પત્ર હાથમાંથી પડી ગયો અને વિના વિલંબે હું બેહોશ બની ગયો.

બેહોશ હાલતમાં કેટલો કાળ પસાર થઇ ગયો, તે હું કહી શકતો નથી. શુધ્ધિમાં આવતાં સૂર્યકિરણના પ્રકાશનો એ સ્થળે સંચાર થયેલો જોયો. મારૂં શરીર ઘણા અંશે સ્વસ્થ થયું હતું. ઉપરોકત પત્રને મેં ફરીથી વાંચી જોયો. પછી એ સ્થળે હું કેદી થઇ પડયો છું કે કેમ, એ વિષયની ખાત્રી કરવા થોડું પાણી પી હું ઉઠી ઉભો થયો. મકાનની દીવાલ જોતાં દૈત્યોની ટોળીએ જમીનના ગર્ભમાં આવેલા પર્વતને ભેદી આ પાષાણપૂરી નિર્માણ કરી હોય, એમ મને લાગ્યું. સર્વત્ર શિત-

બતા પરિવ્યાપ્ત–થયેલી હોવા છતાં વાયુ અને પ્રકાશનો યોગ્ય બંદોબસ્ત નહોતો–પાષાણપુરીનું નિર્માણ કાર્ય જોતાં તે એક ભીષણ કારાગૃહ હોય, એવો સંદેહ ઉપજ્યો. સૂર્ય પ્રકાશમાં જ્યાં સુધી સામાન્ય અસ્તિત્વ હતું, ત્યાં સુધી હું એ પાતાળપૂરીના ભિન્ન ભિન્ન અંશોમાં ભૂત–પ્રેતની માફક ભમ્યો. પરંતુ એ સ્થાનમાંથી બહાર નીકળવાનો કોઇ પણ માર્ગ મારી નજરે પડયો નહિ. શ્રમની વિશેષતાથી ક્ષુધાનો અનુભવ થયો. રોટી, મેવો વગેરે ખાઇ શીતળ જળથી પ્રાણને પરિતૃપ્ત કરી પાષાણના આસન પર બિછાવેલા બિછાનામાં હું સુઇ ગયો. યથા સમયે ભગવાન પ્રભાકર પશ્ચિમાકાશમાં ઉતરી પડી અદ્દશ્ય થયા અને ચારે દિશાએ ભીષણ અંધકારનો વિસ્તાર થયો. થોડા વખતમાંજ હું નિદ્રાવશ થઇ ગયો.

બીજે દિવસે પ્રભાતમાં જાગ્યા પછી થોડો નાસ્તો કરી પાતાળપુરીના જે સ્થાનમાં પ્રકાશ થયો નહોતો એ સ્થળે ઉપસ્થિત થતાં ઘણા કાળથી જમા થયેલા માટી તથા ધૂળના ઢગલામાં મારા પગ પડવા લાગ્યા. ફરતો ફરતો હું એક ઓરડામાં ગયો. ઓરડામાં અંધકાર હોઇ છાદમાંના કોઇ છિદ્રમાંથી ક્ષીણ પ્રકાશ પ્રવેશ કરતો હતો. હાથથી તપાસ કરતાં એ ઓરડાની દિવાલ સાથે આવેલું એક નવું દ્વાર જણાયું. એ દ્વારમાંથી આગલા ખંડમાં જતાં મારા પગ સાથે કોઇ વજનદાર વસ્તુ અથડાવાથી શરીરનું સમતોલપણું ગુમાવી હું પડી જવાની તૈયારીમાં હતો, એવામાં મ્હોં તથા હૃદયને આઘાતથી બચાવી લેવા બન્ને હાથ મેં લંબાવ્યા. બંને હાથના ટેકાથી હું નીચે પડયો તેથીજ મારૂં કપાળ છુંદાયું નહિ. અને હૃદયના ઘામાં વેદના થઇ નહિ. હાથ નીચે પડતાં તે કોઇ વસ્તુને વળગ્યા હોય એમ લાગ્યું. એ વસ્તુપર હાથ ફેરવી તપાસ કરતાં ભયભીત બની એક અસ્પષ્ટ કારમી ચીચીયારી પાડી બંને હાથ મેં પાછા ખેંચી લીધા. હું સમજી શકયો કે હાડકાના ઢગલા સાથે મારા હસ્તનો સ્પર્શ થયો હતો. એ હાડકાં માનવ જાતિનાં હતાં ! ક્ષીણ પ્રકાશમાં હું એ સ્થળે આવેલી સામગ્રીની પરીક્ષા કરવા લાગ્યો. એ ઓરડાની છાદમાંથી તીરની માફક એક

સૂર્ય કિરણ પ્રવેશ કરતું હતું. તેના પ્રકાશની સહાયતાથી જે દેખાવ મેં જોયો તેથી—આશ્ચર્ય, ભય, અને વ્યાકુળતાથી હું વિમૂઢ બની ગયો. ઓરડામાં પત્થરનાં બનેલાં પુષ્કળ આસનો પડયાં હતાં અને તેના ઉપર માનવદેહનાં હાડપીંજરોનો ઢગલો જોવામાં આવતો હતો, મૃદુ અંધકારમાં એ ભયંકર દેખાવના હાડપીંજરો જાણે કે, પ્રેત પિશાચની માફક દષ્ટિહીન નેત્રોથી મારા તરફ જોઇ રહ્યાં. તેમના વિકટ દાંત મારા દેહનું માંસ ચાવવાને લોલુપ બન્યા હોય એમ લાગ્યું. કોઇ હાડપીંજરનો હાથ નહોતો, તો કોઇનો પગ ખસી ગયો હતો, કોઇનું મ્હોં બહાર નીકળી ગયું હતું, તો કોઇનો ડોળો ઉપસી આવ્યો હતો કોઇ કોઇ હાડપીંજરો ઉપર હજી પણ નિસ્તેજ શ્યામ વર્ણ ચમાંધાર દેખાતો હતો. કોઇના અંગપર હજી સુધી સોના રૂપાના અલંકાર કાયમ હતા. પાષાણના એક આસન ઉપર એક સ્ત્રીનું હાડપીંજર હતું. તેના બન્ને શિથિલ—નિસ્તેજ—પાંડુ વર્ણ હાથ ઉપર હજી પણ સુવર્ણ કંકણ પ્રકાશતાં હતાં. એ રમણીનો લાંબો કેશ કલાપ વિખરાઇ જઇ આમ તેમ પડયો હતો. તેના કંઠમાં લોખંડી સાંકળ હતી. તથા એ સાંકળને કાળના વહેવા સાથે કાટ ચડી ગયો હતો. થોડા અંતરે બીજી એક રમણીનું હાડપીંજર હતું. જમીન ઉપર અસંખ્ય ભાંગ્યાં—તુટયાં હાડકાંઓનો ઢગલો થએલો હતો. એ બધો દેખાવ જોઇ એ સ્થાન કારાગાર હોવું જોઇએ એમ મને લાગ્યું. જેમને ભૂખ તરસથી રીબાવી મારી નાખવામાં આવતાં હતાં તેમનાં નિર્જીવ શરીરનાં અવશિષ્ટ ચિહ્નો આ સ્થળે રાખવામાં આવતાં હતાં. આવી પાતાળપુરીમાં—આવા ભયંકર ભેદી કબ્રસ્તાનમાં હમણાં હું રાત દિવસ પસાર કરતો હતો, એવા વિચારથી મારૂં આખું શરીર પસીનાથી ભીંજાઇ ગયું. જેમ બને તેમ ઝડપથી આ કબ્રસ્તાનનો ત્યાગ કરવા હું અધીર બની ગયો.

દ્વારની શોધ કરતાં કરતાં એક સ્થળે બે થેલા પડેલા મેં જોયા. તેમાંની વસ્તુઓ જોવાની ઇચ્છા નહિ થવાથી દિવાલ પર હાથ ફેરવી હું દ્વાર શોધવા લાગ્યો. બે કલાક સુધી પરિશ્રમ

કરવા છતાં દ્વારનો પત્તો લાગ્યો નહિ. શરીર વેદનાથી અવસન્ન બની ગયું. આત્મરક્ષણની આશા અંતરમાંથી અદૃશ્ય થઇ.

પત્થરના એક ખાલી આસન ઉપર બેસી હવે શું કરવું એ વિષયનો હું વિચાર કરવા લાગ્યો. જેઓ મને અહિં રાખી ગયા હતા, તેમની મને મારી નાખવાની ઇચ્છા હોય તો પછી તેઓ પીવાનાં પાણી, ખોરાક અને મુલાયમ બિછાનાની વ્યવસ્થા શા માટે કરે! આ ભેદ ભરેલા પ્રશ્નનો કંઇ ઉત્તર મારો અંતરાત્મા આપી શકયો નહિ. આ રહસ્ય ઉકેલવાની મારામાં શક્તિ નહોતી. વળી બંધુભાવ દર્શાવનાર પેલો પત્ર લખનાર કોણ હશે? તેની સાથે મુલાકાત થવાનો કાંઇ સંભવ હશે કે કેમ? એ સમજમાં નહિ આવવાથી હું નિરાશાના સમુદ્રમાં ડૂબી ગયો.

સંધ્યાકાળ થઇ ગયો અને શરીરની દુર્બળતાથી હું પત્થરના આસન પર મારા ભાગ્યની ભયંકરતા કિંવા કિસ્મતની ક્રૂરતાના વિચારો કરતો કરતો ઉંઘી ગયો.

બીજે દિવસે એ સ્થળે પ્રકાશનો પ્રવેશ થતાં ઉઠી બેઠા થઇ અવશિષ્ટ રહેલા થોડા ખોરાકમાંથી નાસ્તો કરી લઇ આગલે દિવસે જે બે થેલા મારા જોવામાં આવ્યા હતા, તેમાંનો એક નજીક ખેંચી લાવી તેમાંની વસ્તુઓ જોવાની તૈયારી કરી. એ થેલામાંની સઘળી વસ્તુઓ કીમતી અને યુરોપિય હોવાથી મારૂં કૌતુહલ વધી ગયું. એમાં બે ઘડીયાળો હોઇ તેમાં બનાવનાર તરીકે લંડનની એક વિખ્યાત વોચમેકર કંપનીનું નામ હતું. કેટલીક ઇંગ્લીશ પિસ્તોલો હતી અને એક ઉત્તમ "મનીબેગ" હતી. હતભાગ્ય મુસાફરને લૂંટી એ વસ્તુઓ મેળવવામાં આવી હોવી જોઇએ એમ મને લાગ્યું.

બીજા થેલાને પણ પાસે ખેંચી લાવી તેમાંની ચીજોનો નીચે જમીન પર ઢગલો કર્યો. પછી એ થેલામાં હાથ નાખતાં ડબી જેવી કોઇ વસ્તુનો સ્પર્શ થતાં મેં તે બહાર ખેંચી કહાડી.

જે કાંઇ મારા જોવામાં આવ્યું, તેથી મારા આશ્ચર્યનો પાર રહ્યો નહિ. હું મારી દૃષ્ટિ શક્તિ પર વિશ્વાસ મૂકી શકયો નહિ; પરંતુ પાઠક! એ સ્વપ્ન નહોતું–ચિત્તનો વિકાર નહોતો પણ

સત્યનો સાક્ષાત્કાર હતો. એ પેટી લોહચન્દ્રની ચામડાની ડબી હતી. કંપતા હાથે મેં ડબી ખોલી જોઇ તો તેમાં હું લોહચન્દ્રનું દર્શન કરી શક્યો. મારા આનંદનો પાર રહ્યો નહિ. હર્ષથી મારૂં હૃદય કુદી ઉઠ્યું. આજે મારા સકળ પ્રયત્ન અને સકળ કષ્ટની સાર્થકતા થઈ જે ભવિષ્યમાં કદાપિ પ્રાપ્ત થવાની સંભવના નહોતી, તે વસ્તુ અનાયાસે-દૈવયોગે આજે મને પ્રાપ્ત થઇ. હું મારાં સકળ દુર્ભાગ્યને ભુલી ગયો.



પ્રકરણુ ૨ જું.

મારા હર્ષનો આવેશ કાંઇક અંશે શાંત થતાં મેં એ અર્ધ-ચન્દ્રની બરાબર પરીક્ષા કરી. એ જુએદાએ આપેલીજ વસ્તુ હતી, એ સંબંધી કાંઇ સંદેહ રહ્યો નહિ; પરંતુ એ અર્ધચન્દ્ર અહિં કેવી રીતે આવ્યો તેનો કાંઇ નિર્ણય હું કરી શકયો નહિ. એટલી વાત ખરી હતી કે, થેલા અહિં સંભાળથી છુપાવી રાખવામાં આવ્યાં હતાં. ત્યારે જે દસ્યુઓએ મારા ઉપર હુમલો કરી મારૂં સર્વસ્વ લૂંટી લીધું હતું, તેમનો આ ગુપ્ત પાતાળપુરી સાથે કાંઇ સંબંધ હશે કે શું? એ સઘળા ગંભીર રહસ્યને હું ઉકેલી શકયો નહિ.

એક તરફથી અર્ધચન્દ્રની પ્રાપ્તિ થવાથી મને આનંદ થયો હતો, તેવીજ રીતે બીજી તરફથી આ સ્થાનમાંથી મુક્ત થવાની ચિંતામાં હું ગમગીન બની ગયો હતો.

કોઇ પણ સ્થળે ગુપ્તદ્વાર છે કે કેમ, તેની તપાસ કરવામાં હું ગુંથાયો. તપાસ કરતાં કરતાં મધ્યાન્હકાળે પાસે આવેલા એક ઓરડામાં પ્રવેશ કરી હું જાણે કે કોઇનો કંઠસ્વર સાંભળી શકયો. કાન માંડી જોતાં એ મારી કલ્પનાનો વિકાર હોય, એમ મને લાગ્યું. એ એકાંત જનશૂન્ય અંધકારમય પાતાળગૃહમાં મનુષ્યનો કંઠસ્વર કયાંથી આવી શકે? નીચે બેસી પડી હું આકાશ પાતાળના વિચાર કરવા લાગ્યો.

ઉપરના છિદ્ર માર્ગમાંથી આવતા મધ્યાન્હના પ્રકાશમાં હું એક વસ્તુ સ્પષ્ટ જોઇ શકયો કે જે પહેલાં કદાપિ મારા જોવામાં આવી નહોતી. મારાથી થોડા અંતરે બેંચ જેવા એક આસનના મધ્ય ભાગમાં એક લોખંડી કડું જડેલું હતું. કડું એ ઓરડાની જમીનથી એક ફુટ જેટલી ઉંચાઇએ હતું, તથા બે હાથ જેટલી તેની આસપાસની જગ્યામાં સહજ પણ ધુળ નહોતી; એટલું સ્થાન સ્વચ્છ હતું. ત્યારે બીજું સઘળું સ્થાન ધુળ ઢેફાંથી ભરાઇ ગયું હતું. વિશેષ અજાયબીની વાત એ હતી કે એ લોખંડી

કડાને થોડું લોહી લાગેલું હતું. એ દેખાવ જોઇ એ સ્થળે જ ગુપ્તદ્વાર હોવું જોઇએ એમ મને લાગ્યું.

કડું ખેંચવા મેં ઘણી મહેનત કરી, પરંતુ તે બિલકુલ હાલ્યું નહિ. કેદીઓને બાંધી રાખવા માટે એવી રીતે તેને જડી રાખવામાં આવ્યું હોય એ બનવા જોગ હતું; પરંતુ તેના પરનું લોહી અને આસપાસની સ્વચ્છતા એ સ્થળે કાંઇ ભેદ હોવાની સાક્ષી પૂરતાં હતાં.

નિરાશ બની નહિ જતાં છૂરી બહાર કહાડી કડાંની ચોતરફના પત્થર ઉપર મેં ઘા કર્યા. પોલાણુવાળી જગ્યા ઉપર ઘા કરવાથી જેવો અવાજ થાય તેવો ખોખરો અવાજ થવાથી પુનઃ કડું પકડી જોરથી હું ખેંચતાણુ કરવા લાગ્યો.

થોડા કાળના પરિશ્રમથી મારૂં આખું શરીર પસીનાથી તરબોળ થઇ ગયું. કપાળ પરનો પસીનો લૂછી હું સહજ વિશ્રામ લેતો હતો એવામાં એક તીવ્ર સ્વરે મારા કાનમાં પ્રવેશ કર્યો. એ માણસનો કંઠસ્વર હતો કે પ્રવેશમાર્ગમાં સંચાર કરતા વાયુનો શબ્દ હતો, એ વિષે હું કાંઇ નિર્ણય કરી શક્યો નહિ.

ફરીથી પેલા કડાને સઘળું બળ અજમાવી ખેંચવામાં આવતાં તેની સાથે જોડાયેલો પત્થર સહજ હાલી ઉઠયો. અધીર અને ઉત્સાહિત બની જઇ મેં મારી સઘળી શક્તિનો ઉપયોગ કર્યો. આ વખતે પત્થરનું એક દ્વાર જમીનથી પાંચ છ ઇંચ જેટલી ઉંચાઇ પર સરકી આવ્યું.

હું હાંફવા લાગ્યો; પરંતુ ઉધ્ધારનો માર્ગ સાફ થયેલો ધારી મારા આનંદનો પાર રહ્યો નહિ.

દ્વારના જેવો જે પાષાણુ ખંડ મારી ખેંચતાણુથી બહાર આવ્યો હતો તે એક શબાધારના જેવો હતો. અંદર કેવળ એક માણુસ પ્રવેશ કરી શકે તેમ હતું.

એ દ્વાર ચાર ફીટ બહાર આવ્યું એટલે લોખંડી અર્ધચન્દ્ર લઇ મેં તેમાં પ્રવેશ કર્યો. ક્યાં સુધી જવું પડશે એ અચોક્કસ હોવાથી થોડી ખાદ્ય સામગ્રી પણુ મેં સાથે લીધી. મહાકષ્ટે આ-

ભાતો કુદતો હું એક જમીનના ગર્ભમાં આવેલી સુરંગમાં ગયો. એ સુરંગમાં જાણે કે પ્રલયકાળના અંધકારનો વિસ્તાર થયો હતો. માથું નીચું નમાવી બન્ને હાથ ઉંચા રાખી નાળીયેર ફુટી ન જાય એવી કાળજીથી હું એ સુરંગનો માર્ગ કાપવા લગ્યો. થોડે દૂર ગયા પછી હું મનુષ્યનો કંઠસ્વર સાંભળી શક્યો.

કેટલાક માણસો એકી સાથે અવાજ કરી કાંઇ બોલતા હોય એમ મને લાગ્યું. હું કયાં આવ્યો હતો, એ કોનો કંઠસ્વર હતો, એ સંબંધી કાંઈ નિશ્ચય કરી નહિ શકાવાથી પત્થરના પુતળાની માફક જડ ભાવથી હું ઉભો રહ્યો. પછી પાછો ધીમે પગલે આગળ વધ્યો એટલે ઉજ્વળ પ્રકાશથી પૃથ્વીના પેટમાં આવેલો એક ઓરડો પ્રકાશી રહેલો મેં જોયો. એ ઓરડા આગળ ગુફામાંથી એકઠા થયેલા મનુષ્યોનો કંઠધ્વનિ સંભળાતો હતો; પરંતુ મારી સામે એક પરદો ઝુલી રહેલો હોવાથી એ ભેદી સ્થળની કોઇ પણ વસ્તુ હું જોઇ શક્યો નહિ.

કૌતુહલનું દમન નહિ કરી શકાવાથી ધીમે ધીમે પરદાનો એક છેડો ખસેડી મેં એ ગુપ્ત સ્થાનમાં જોયું. સ્થાન, કાળ તથા ભયને ભૂલી મંત્રમુગ્ધ બની જઇ આશ્ચર્યચકિત દૃષ્ટિથી હું કેવળ જોઈ રહ્યો.

મારી સામેનું એ સ્થાન લગભગ ચાળીસ ફીટ લાંબું અને પંદર ફીટ પહોળું હતું. તેની ઉંચાઇ નવ દસ ફીટ જેટલી હતી. એ સ્થાનના એક ખુણામાં એક ઉચ્ચાસન હતું. મધ્યસ્થળે એક મોટા કુંડમાં અગ્નિ સળગતો હોઇ, તેની શિખાઓ ધગધગ ધ્વનિ કરતી જાણે કે ઉંચે ચડવાની હરીફાઇ કરતી હતી. એ અગ્નિકુંડની ચોતરફ પાષાણનાં આસન ઉપર વૃધ્ધ અરબો બેઠેલા હતા. તેમની બધાની દાઢી સુફેદ, પોષાક દમામદાર અને વેષ મુલ્લાંઓ જેવો હતો. તેમના પગો પાસે એટલે કે નીચેની હારમાં ઘણા અરબ યુવકો બેઠેલા હોઇ તેઓ દરેકને માથે શહા-મૃગ પંખીનાં પીંછાની ટોપીઓ શોભતી હતી. એ દરેકની કમર પર એક એક તલવાર લટકી રહી હતી.

અરબો વારંવાર એક સાથે માથાં હલાવી કોઇ મંત્ર પઢતા

હતા આવી રીતે મંત્રો ઉચ્ચારવાનું કાર્ય થોડો વખત ચાલ્યા પછી લાલ રંગના પોષાકવાળો એક અરબ આસન ઉપરથી ઉતરી નીચે આવ્યો. તેના હાથમાં એક નાનો સાપ હતો. સાપ એ અરબના ક્ષીણ હાથ ઉપર પુછડું વીંટાળી છુટવાનો પ્રયત્ન કરતો હતો. એ સાપનું ગળું વૃધ્ધ અરબની મુઠ્ઠીમાં હતું. વૃધ્ધે અગ્નિકુંડની છેક નજીક જઇ સાપને એ કુંડમાં નાખ્યો. સાપ સળગી જવા લાગ્યો અને સાથે સાથે એ બધા માણસો પાછા માથાં ધુણાવી કાંઇ બોલવા લાગ્યા. કાન માંડી આ વખતે હું તેમનું બોલવું સાફ સાંભળી શકયો. તેઓ બોલતા હતા કે, "આ દુનિયાના માલિક એક માત્ર અલ્લા છે. અલ્લા અવિનાશી છે. તેમને જન્મ અને મૃત્યુ નથી, તથા તેઓ માયાની ઉત્પત્તિ પણ કરતા નથી, તેમની તુલનાજ નથી. હે ભાઇઓ! આવો, આપણે બધા એ દીન દુનિયાના માલેક અલ્લાના નામને યાદ કરી આપણા દુશ્મનો વિરૂધ્ધ જેહાદ જાહેર કરીએ કે જેથી દુશ્મનોને અલ્લા આપણી પ્રિય જન્મભૂમિમાંથી દુર હાંકી કહાડે. હે દયાળુ અલ્લા! તમે અમારા તરફ દયા કરો. વિદેશી ક્રિશ્ચિયનોનો અમે નાશ કરી શકીએ, એ કાર્યમાં તમે અમને મદદ કરો."

લાલ પોષાકવાળો બુઢ્ઢો એ ટોળાનો સરદાર હોય એમ લાગ્યું. તેણે વેદીની સામે આવી એક હાથતાળી વગાડી એટલે નજીક આવેલો એક પરદો ક્ષણ કાળમાં સરકી ગયો. પરદાની પાછળ એક નાની ઝુંપડી આવેલી મેં જોઇ. એ ઝુંપડી તાડનાં લાંબાં પાંદડાંથી બનેલી હતી. ટોળીના માણસો કોઇ અજાણી આશંકાથી વ્યાકુળ બની ગયા. પેલા વૃધ્ધે મંત્રોચ્ચાર કરી તેમને શાંત કર્યા. બરાબર એજ વખતે અગિયાર હથિયારબંધ પુરૂષો ખુલ્લા પગે અને નગ્ન શરીરે એ ઝુંપડી તરફ આગળ વધ્યા. પેલા વૃધ્ધે પોતાની ટોળીના માણસો ઝુંપડી નજીક ઉપસ્થિત થયા એટલે શાહામૃગનો એક પગ છેદી તેમાંથી વહેતું લોહી એક પાત્રમાં ઝીલી લઇ પોતાના અનુચરોના અંગ ઉપર છાંટયું. પછી પેલા અગિયાર માણસો વૃધ્ધ તરફ

મ્હોં ફેરવી નમાજ પઢતા હોય એવી રીતે ઉઠબેસ કરવા લાગ્યા અને વિચિત્ર કંઠે કાંઇ બોલવા લાગ્યા.

થોડા વખત પછી એ આગયાર અનુચરો એક બીજા સાથે ગોઠવાઇ જઇ સામે જવા લાગ્યા. સૌથી પહેલાં એક દસ–અગિયાર વર્ષના છોકરાએ એ ઝુંપડીમાં પ્રવેશ કર્યો, તથા એક ખાડામાં હાથ નાખી વિકટ અવાજથી તે કાંઇ બોલવા લાગ્યો. બીજા માણસો પણ તેના વાક્યનો પ્રતિધ્વનિ કરી વિકટ આર્ત્તનાદ કરવા લાગ્યા. પછી એ છોકરાએ પેલા ખાડામાંથી લાંબા હાથ જેવો એક મોટો અજગર સાપ બહાર ખેંચી કહાડયો. અજગરને ઉંચકી તેણે તેની ફેણથી ચાર પાંચ ઈંચ નીચેથી મુખમાં પકડી રાખ્યો. અજગરના પુંછડાને એ છોકરાએ ડાબા હાથે ઉંચું પકડી રાખ્યું. આવી રીતે એ છોકરો વેદી તરફ અગ્રેસર થયો. તેના સોબતીઓએ નાચ અને ગાન શરૂ કરી દીધાં. અજગર મ્હોં ઉંચું કરવાનો પ્રયત્ન કરતો એટલે બાળક પાસે ઉભેલો માણસ શહામૃગનાં પીછાંથી તેના મ્હોં ઉપર આઘાત કરતો હતો. એ વિચિત્ર રીતભાતવાળા માણસોની અંદરના આઠ માણસો ઉપરોક્ત ખાડામાંથી એક એક સાપ ખેંચી કહાડી એ છોકરાની પાછળ પાછળ વેદીની આસપાસ ઘુમવા લાગ્યા. છોકરાએ થોડાં ચક્કર મારી અજગરને મેજ ઉપર મૂકયો. મરી ગયો હોય એવી રીતે અજગર પડી રહ્યો. તેનામાં જાણે કે, હાલવાની શકિત પણ નહોતી. પછી છોકરાએ ફરી પેલા ખાડા પાસે જઇ બીજો એક મોટો સાપ ઉંચકી લાવી ટેબલ ઉપર મૂકી દીધો તથા તેના સોબતીઓ ન્હાના સાપ હાથમાં લઇ સૂર ખેંચી કોઇ મંત્ર ઉચ્ચારવા લાગ્યા.

થોડા સમય સુધી આવી ક્રિયા કર્યા પછી એ માણસો એક બાજુએ ચાલ્યા ગયા એટલે મેં સ્ત્રીઓની એક ટોળીને રંગભૂમિ પર ઉતરેલી જોઇ. એ મહિલામંડળનાં શરીર તેમજ મસ્તક કપડાંથી ઢંકાયેલાં હતાં. દરેક સ્ત્રીના મુખ ઉપર લાંબો બુરખો હતો અને બુરખાની અંદરથી જોઇ શકાય એવી રીતે આંખો આગળ નાની જાળી ગુંથવામાં આવી હતી.

ગજગામિની જેવી ગતિથી આવી ગંભીર ભાવથી એ ઓરતો ધીમે ધીમે વેદી ઉપર બેઠી. પછી સુર કહાડી માથાં હલાવી ઉચ્ચ કંઠે તેઓ કાંઇ બોલવા લાગી. પછી વૃધ્ધ સરદારના હુકમથી તેમણે દરેકે પોતાના ખીસામાંથી એક એક નાનું કુરાન બહાર કહાડયું, અને તેઓ કુરાનના એક ભાગને સુર કહાડી વાંચવા લાગી. આ વખતે પુરૂષો પણ આવી તેમની સાથે જોડાયા. સ્તબ્ધ બની જઇ હું આ સઘળો અદ્ભુત દેખાવ જોવા લાગ્યો. કોઇ અદ્ભુત માયાપુરીમાં હું ઉપસ્થિત થયો હોઉં એમ મને લાગ્યું. આ માણસોએજ અલજીરીયા, ટયૂનીસ અને મિસરમાં ક્રિશ્ચિયનો વિરૂધ્ધ યુધ્ધની આગ સળગાવી હતી તથા વિદેશીઓને દુ:ખી કરી હાંકી કહાડવા માટે તેઓ અહિં કારસ્તાન કરતા હતા અને વિચિત્ર સાધના સાધતા હતા.

તેઓ હવે શું કરશે એ જાણવા માટે મારૂં કૌતુહલ ઘણું વધી ગયું હતું. સ્થાન કાળ ભુલી હું જે પરદા પાસે ઉભો રહ્યો હતો, તેને વધુ ખસેડી બરાબર જોવાની ખટપટ કરવા લાગ્યો.

સરદાર વૃધ્ધે એકાએક હાથતાળી વગાડી એટલે સઘળું શાંત થયું. એક સાથે બધા માણસો ચુપ થઇ ગયા. વૃધ્ધ ગંભીર કંઠે બોલ્યો:-"હે વત્સો! આપણા ઉપર ગુપ્તદૂતની નજર પડી છે તેથી આપણું કાર્ય ગુપ્ત રહી શકવાનું નથી."

વૃધ્ધના અનુચરોએ એકી અવાજે પૂછયું:-'આપના કથનનો સારાંશ અમે સમજી શકતા નથી."

"આ પરદાની પાછળ એક અજાણ્યો માણસ છે! આપણી છુપી હકીકત આટલા દિવસે જાહેર થઇ ગઇ છે."

મારી ગભરામણનો પાર રહ્યો નહિ. દસબાર માણસોને મારા તરફ દોડી આવતા જોઇ હું પાછળના ભાગમાં આવેલી અંધારી સુરંગમાં ઝડપથી ચાલવા લાગ્યો. આરબોએ મારી પૂંઠ પકડી. ઘોર અંધકારમાં ઘણી વખત હું ગબડી પડયો તથા ઉઠી જે તરફ રસ્તો મળ્યો, તે તરફ દોડવા લાગ્યો. એક સુરંગમાંથી પાછો મેં બીજી સુરંગમાં પ્રવેશ કર્યો, પરંતુ દુશ્મનોએ મારો પીછો છોડયો નહિ. વિદેશી હોવાથી તેમના હાથમાં સપડાતાં મારા


જીવનનો અંત આવશે એમ સાફ હું સમજી શક્યો.

ઉન્મત્ત બનેલા અરબોની ટોળી હાથમાં નાગી તલવારો લઇ મારી પાછળ પડી હતી. એ અંધકારમય સુરંગમાં શત્રુઓના હાથમાંથી પ્રાણનું કેવી રીતે રક્ષણ કરવું એ હું નક્કી કરી શક્યો નહિ. સેંકડો વખત મૃત્યુના પંઝામાંથી મારૂં રક્ષણ થયેલું હોવાથી ભયભીત બની જઇ હું નિરાશ થયો નહિ; પરંતુ આશાના આવેશથી દોડવા લાગ્યો. છેવટે જે ઓરડીમાંથી લોહ અર્ધચંદ્ર મળ્યો હતો તે ઓરડીમાં હું જઇ ચડયો. પાછળ આવતા અરબોની વિકટ ગર્જના હું સાંભળી શકતો હતો.

મેં ઝડપથી પેલુ શબાધાર જેવું પત્થરથી બનેલું દ્વાર સુરંગના મ્હોં પાસે હડસેલી મૂકયું. પછી બંને હાથથી તેને ઠેલી હું બેસી રહ્યો. પુષ્કળ પરિશ્રમથી હું હાંફવા લાગ્યો હતો. છતાં મેં એ પાષાણદ્વારને છોડયું નહિ.

ક્ષણ કાળ પછી સુરંગની અંદર શત્રુઓનાં પગલાંનો અવાજ મેં સાંભળ્યો તથા તેમના કંઠધ્વનિએ મારા કાનમાં પ્રવેશ કર્યો. તેઓ ગર્જના કરી કહેતા હતા કે, એ છુપા દૂતનું ખુન કરો. તેને પકડી અગ્નિકુંડમાં ફેંકી દો. કોઇ પણ રીતે એ નાસી છુટવો જોઇએ નહિ. પાષાણદ્વારની પેલી બાજુએ નજીક આવ્યા પછી તેઓ દ્વાર શોધવા લાગ્યા; પરંતુ મેં અગાઉથીજ માર્ગ બંધ કરી દીધો હતો. દુશ્મનો દ્વારનું એક પણ ચિહ્ન જોઇ શકયા નહિ. થોડા સમય સુધી વૃથા પ્રયત્ન કરી તેઓ દૂર ચાલ્યા ગયા; છતાં હું નિશ્ચિત થયો નહિ. થોડા સમય પછી તેમનાં પગલાંનો અવાજ સંભળાતો બંધ થયો. હવેજ મારા મરણતોલ દેહમાં પુનઃ નવજીવન આવ્યું. મારા આનંદનો પાર રહ્યો નહિ. નિશ્ચિંત ચિત્તે હું આરામ લેવા લાગ્યો. એ અરબોની ટોળી જે પાતાળગૃહમાં હું હતો તેના અસ્તિત્વથી અજ્ઞાત હોવી જોઇએ. નહિ તો આવી રીતે આત્મરક્ષણ કરવાનું કામ મારે અશક્ય થઇ પડયું હોત. જો પેલા પાષાણદ્વારની તેમને માહિતી હોત તો દસ બાર માણસો મહેનત કરી તેને જરૂર હડસેલી શકત તથા તેમની એકત્રિત શકિત આગળ મારે પરાજિત થવું પડત. પરમેશ્વરની કૃપાથી હું આવી

રીતે આવી પડેલી આફતમાંથી બચી ગયો; પરંતુ એ જમીનના ગર્ભમાં આવેલા ભેદી ભોંયરામાંથી બહાર નીકળવાનો કોઈ પણ માર્ગ મને સુઝ્યો નહિ. વળી ભોંયરામાં વધુ દિવસ જીવંત રહી શકાય એવી આશા નહોતી. અવસન્ન ભાવથી હું સુઈ ગયો. ઉ-તેજના પછી અવસાદે આવી મને નિદ્રાધીન બનાવી દીધો.



પ્રકરણ ૩ જું.

થોડા કલાક પછી હું ઉઠી આસનપર બેઠો થયો તથા પ્રકાશનું દર્શન કરી વિશેષ વખત રહ્યો નથી, એમ સમજી ફરીથી એક વખત આજ સ્થળેથી મુક્તિ મેળવવાના પ્રયત્નમાં ગુંથાયો. નાસ્તાની સામગ્રી તથા લોહ અર્ધચન્દ્ર મેં સાથે રાખ્યાં હતાં. પેલું પત્થરનું દ્વાર મેં પાછું ફરીથી ખેંચી ખોલી નાખ્યું અને ધીમે ધીમે પેલી અંધકારમય સુરંગમાં પ્રવેશ કર્યો.

થોડે દૂર ગયા પછી બીજી એક નાની સાંકડી સુરંગ મળી આવી. તેનો અંત ક્યાં આવ્યો હતો એ હું જાણતો નહોતો. પરંતુ પ્રથમના રસ્તે જવાથી અરબોના પંજામાં સપડાવાનો ભય હોવાથી મેં આ સાંકડી સુરંગમાં પ્રવેશ કર્યો. એ સુરંગ જમીનની અંદર વિશેષ ઉંડી ઉતરેલી હોય એમ લાગ્યું. વાયુના અભાવથી જાણે કે મારો દમ બંધ થઇ જવા આવ્યો. ક્યાં જવાશે એ હું જાણતો નહોતો. પરંતુ ભૂખ તરસથી નિશ્ચેષ્ટ પડી રહી મરણને શરણ થવા કરતાં પ્રયત્ન કરવામાંજ પુરૂષાર્થ હતો. આશા અને આકાંક્ષાથી મારૂં હૃદય ધબકતું હતું. જતાં જતાં સીડી જેવાં કેટલાંક પગથીયાં આગળ હું ઉપસ્થિત થયો. હું અંધકારમાં એ પગથીયાં ઉતરવા જતાં બે ચાર વખત ગબડી પડયો. કેમકે વચ્ચે વચ્ચે કોઇ પગથીયું ભાંગી ગયું હતું. આવી રીતે આગળ વધતાં યથાક્રમે વાયુનો પ્રવાહ નિર્મળ થતો હોય એમ મને લાગ્યું અને વિના વિલંબે લોખંડના એક બંધ બારણા પાસે હું ખડો થયો. હાથ ફેરવી બારણાના બધા ભાગને મેં તપાસી જોયા. એક બાજુએ નાની સાંકળ જણાવાથી મેં તે ખોલી નાખી. બારણું ઉઘડતાં નજીક આવેલા એક પરદા પાસે હું ગયો. પરદાની પેલી તરફ એક મનોહર ખંડ આવેલો હતો. એ ખંડમાં ગુલાબની મધુર સુવાસ ફેલાઇ રહી હતી. ચારે તરફ રેશમી વસ્ત્રાચ્છાદિત સુખાસનો અને વિરામાસનો હતાં. એ ખંડની સામગ્રી જોતાં તે કોઇ વૈભવસંપન્ન સુંદરીનું શયન-

ગૃહ હોય એમ લાગતું હતું. કેવું દુર્ભાગ્ય ! રઝળતો રખડતો છેવટે હું એક સુંદરીના શયનગૃહમાં દાખલ થયો.

એ સ્થળે એક પુરૂષ ઘણા ઉત્તેજીત કંઠથી કોઇને કાંઇ કહેતો હતો. બરાબર નજર ફેરવતાં એક ફાંકડી અરબ રમણીને એક કીમતી આસન ઉપર બેઠેલી મેં જોઇ. તેનો કૃષ્ણકેશકલાપ પીઠ ઉપર ઝુલી રહ્યો હતો. તેના મ્હો ઉપર બુરખો નહોતો. માનવને મુગ્ધ બનાવે એવું એનું રૂપ હતું. જુબેદાના મુખ જેવી સરળતા અને પવિત્રતા આ અરબ અંગનાના મુખ ઉપર દેખાતી હતી; પરંતુ તેમાં એક પ્રકારની અસ્પષ્ટ વેદના અને નિરાશાની છાયા મિશ્રિત થયેલી લાગતી હતી. આટલા બધા સુખ–વિલાસ અને ગૌરવમાં રહેવા છતાં આ યુવતીનું મન ચિંતાતુર હતું. તેના સર્વાંગ ઉપર રત્નજડીત સુવર્ણાલંકાર હતા તથા માથા ઉપર સુવર્ણ મુકુટ ઝળકી રહ્યો હતો અને તેની મધ્ય ભાગમાં આવેલો સુફેદ હીરો ઝગઝગાટ કરી રહ્યો હતો. તેણે રેશમી અને મખમલનાં વસ્ત્રો પહેરેલાં હતાં. તેનો વર્ણ ગૌર હતો અને દેહનું ગઠન જાણે કે સંચામાં ઘડી કઢાડેલ પુતળી કેમ ન હોય, તેવું દેખાતું હતું. યુવતીના વક્ષસ્થળપર બહુમૂલ્ય હીરાના હાર આવેલા હતા. પરંતુ તેના આ ઉન્નત વક્ષસ્થળમાંથી એક પછી એક નિશ્વાસો નીકળતા જતા હતા. આ યુવતી આ શયનગૃહમાં એકલીજ નહોતી, પણ તેનાથી થોડે દૂર એક બળવાન પુરૂષ ઉભો હતો.

યુવતી અને પુરૂષની ઉમ્રમાં ઘણો અંતર જણાઇ આવતો હતો. પ્રથમ નજરે જોતાંજ મેં જાણ્યું કે તે એક અરબ હતો. તેની ઉમ્ર પચાસ કરતાં પણ વધારે જણાતી હતી. મ્હોઢા પર પશુત્વના ભાવો સ્પષ્ટ દેખાઇ આવતા હતા. તેનું શરીર સુદૃઢ હતું. મ્હોડું ક્રોધથી લાલચોળ થઇ ગયેલું હતું. તેના પોષાક પરથી તે કોઇ ખાનદાન કુટુંબનો હોય એવો ભાસ થતો હતો. ત્યારે શું તે સ્ત્રી આ વિકટ નર પુરૂષની પત્ની હશે ?

હું ધીમે ધીમે એક પડદાની પછવાડે આવીને ઉભો રહ્યો. અને મારી પછવાડેનું બારણું જરા પણ શબ્દ કર્યા વિના વાસી દીધું કે સુરંગમાંથી કોઇ આવ્યું છે એમ તે બેમાંથી કોઇને

ખબર પડી નહિ. અને ખબર પડે તેમ પણ નહોતું. કારણ કે, બન્ને વ્યક્તિઓનાં અંતઃકરણ એવાં તીવ્ર આંદોલનમાં ગુંથાઇ ગયાં હતાં કે, તેમની આસપાસ શું બને છે, તેનું તેમને ભાન પણ નહોતું.

પુરૂષ ઉભો થયો અને છાતી પાસે બન્ને હાથ લાવી ગુસ્સાથી હથેળી ચોળતો અવનત દૃષ્ટિએ અને અપ્રસન્ન મને તે શયન-ગૃહમાં આમતેમ ચાલવા લાગ્યો.

યુવતી પણ તે પુરૂષના તરફ તીવ્ર દૃષ્ટિથી જોઇ રહી હતી. બેચાર ક્ષણ આમ મૂક નાટક ભજવાયા બાદ યુવતી બોલી ઉઠીઃ—"તમારા લત્તા પ્રહારથી મને જેટલું દુઃખ ન થાય તેટલું તમારા કઠણ વાક્ પ્રહારથી થાય છે. તમારા શબ્દો એક નિષ્ઠુર શખ્સના જેવા છે."

પુરૂષે ચાલતાં ચાલતાં સ્થંભી જઇ કઠોર દૃષ્ટિએ તેના તરફ જોઇ કર્કશ સ્વરે કહ્યુંઃ "શયતાની! મારી પાસે કોમળ શબ્દોની પ્રત્યાશા તું કેવી રીતે રાખી શકે છે? તારા હૃદયમાં હળાહળ ઝેર ભરેલું છે, તે શું હું જાણતો નથી? તારી ગુપ્ત કથા જાણવા માટે મેં તને કેટલી બધી વિનંતિ કરી છે, પ્રયત્નો કર્યા છે, પણ તું એકની બે થતી નથી! મેં ઘણો વખત સહન કર્યું છે. હવે સહન કરી શકીશ નહિ હું તને એક લોંડીની પણ લોંડી બનાવીશ ત્યારે જ મારા મનને શાંતિ થશે. તું સુંદરી હોવાથીજ આહિરના સુલતાનના મહેલમાં તને સ્થાન મળ્યું છે, પરંતુ તારૂં રૂપ—"

યુવતી તેને અટકાવી તિરસ્કારપૂર્વક બોલીઃ—"તમારી તો સાઠી બુધ્ધિ નાઠી છે! તમે માણસના—તેમાંય વળી સ્ત્રીજાતિના મનના ભાવો મ્હોડેથી પ્રતિફલિત થતા ક્યારેય સાંભળ્યા છે?"

પુરૂષ ગર્જના કરી બોલ્યોઃ—"દુરાચારિણી—વિશ્વાસઘાતિની! તારાં બધાં કારસ્તાન હું જાણી ગયો છું. સ્ત્રીઓના મૌખિક આદરની પછવાડે જે ભયંકર તીવ્ર વિષ છુપાયેલું હોય છે, વિષધર સર્પ કરતાં પણ અધીક તીવ્ર—તે હવે બરાબર સમજ્યો છું." ક્રોધથી પુરૂષની આંખો લાલ થઇ ગઇ અને જાણે કે તેમાંથી

અંગાર વરસતા હોય તેવી દેખાવા લાગી; પરંતુ યુવતી તેનું આ અભિમાન અને કટુ ઉક્તિ સાંભળવા છતાં ભય નહિ પામતાં સરળ ભાવે ઉન્નત મસ્તક રાખી પોતાનાં આસન પર બેસી રહી મૃદુ હાસ્ય કરવા લાગી.

તેનું આવું ઠંડું વર્તન જોઇ પુરૂષનો ક્રોધ વિશેષ પ્રજ્વલીત થયો. તે બોલ્યોઃ—"હતભાગિની કુલટા! શું તું એમ સમજે છે કે તારાં આવાં હાસ્યથી હું હારી જઇશ? ના—ના, તારાં ચક્ષુનાં આ કૌતુકમય હાસ્યનો અર્થ હું બરાબર સમજું છું. મારી આંખમાં તું ધુળ નાખવા માગે છે, એ હું શું નથી જાણતો? નમકહરામ! તું એટલો પણ વિચાર કરતી નથી, કે આજે જે ઐશ્વર્યનો તું ઉપભોગ કરી રહી છે તે મારી મહેરબાનીથી છે! મારી મહેરબાની ન હોત તો મરૂભૂમિના એકાદ લુંટારાની કિંવા ઉંટવાળાની ઓરત બની રખડી રઝળી તને દિવસો પૂરા કરવા પડત અને—"

"બસ કરો. તમારા ઘરમાં—તમારા જનાનામાં—સોનેરી પીંજરામાં પુરાયેલા પંખીની માફક કેદ પડી રહી સડવા કરતાં તે જીંદગી લાખ દરજ્જે ઉત્તમ છે. દારિદ્રય કષ્ટકર હોય છે, પણ તેમાં કાંઇ પાપ નથી. તેજ દારિદ્રયને આલિંગનવા હજી પણ હું તૈયાર છું. હા, તમારા અનુગ્રહના ચિહ્ન સ્વરૂપ અનેક ધનરત્નોની હું માલેક થઇ છું—ઉત્તમ વસ્ત્રાલંકાર મને પ્રાપ્ત થયા છે, તેનો હું અસ્વીકાર કરતી નથી અને તેના બદલામાં મેં તમને મારો પ્રેમ આપ્યો છે. તમે મને તમારી માનીતી બેગમ બનાવી છે. બીજા કરતાં મારા તરફ તમારો કેવો અનુરાગ અને આસક્તિ છે, તે બતાવતાં તમે મને વારંવાર સન્માનના શિખરે ચડાવી છે; પરંતુ એ બધું શાને માટે? તેનું કારણ શું? કારણ એજ કે, મારૂં સુંદર મુખ તમને બહુ ગમે છે. બીજી રૂપસુંદરીના રૂપ કરતાં મારાં રૂપે તમારા પર વિશેષ જાદુ કર્યું છે અને તેને લીધેજ તમે મને ચાહો છો. ગમે તે હોય, તમારો અનુરાગ કિંવા આસક્તિની હું અવજ્ઞા કરતી નથી. પણ એટલું યાદ રાખજો કે, તમારી સાથે હું વિશ્વાસઘાતિની બની

નથી—જે ગુપ્ત રહસ્ય હું જાણી શકી છું—તે પણ મારા મનમાંજ છુપાયેલું છે.”

“નહિ, અમારી ગુપ્ત કથા તેં શત્રુને કહી દીધી છે.”

“જુઠ્ઠી વાત. હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે, મેં કોઇને પણ વાત કહી નથી.”

“તેં નહિ તો તારા લીધેજ અમારી ગુપ્ત વાત પ્રગટ થઈ ગઈ છે. તારા આ અપરાધની હું ક્ષમા આપી શકીશ નહિ. ખુદાનો શ્રાપ તારા પર પડયા વિના રહેશે નહિ—તારા બાપનો વંશ નિર્વંશ થઇ જશે.”

“પણ તમારા આટલા બધા ક્રોધનું મૂળ કારણ હું સમજી શકતી નથી કે તે શું છે?”

“પિશાચીની! દીવા જેવું સ્પષ્ટ દેખાતું હોવા છતાં મારી આંખમાં ધૂળ નાખવા ઇચ્છે છે! ખાત્રી રાખજે કે, તારી આ કપટ ચાતુરીમાં હું ફસાઇશ નહિ. કહે, મૃત્યુમંદિરમાં તેં એક જખ્મી શખ્સને જોયો નથી?”

તેના આવા પ્રશ્નથી યુવતી એકાએક ચમકી ઉઠી. તેનો ચ્હેરો ફિક્કો પડી ગયો.

યુવતીનો હાથ પકડી શેખ કહેવા લાગ્યો:—“હું બધી ખબર રાખું છું. હું જાણી શકયો છું કે, તે વિદેશીનું રૂપ જોઇ તું મોહાંધ બની ગઇ છે. તેના જખ્મ ઉપર તેંજ પાટો બાંધ્યો હતો અને મૃત્યુમંદિરમાંથી લઇ આવી તેનાં ખાનપાનની વ્યવસ્થા કરી તેં તેને એકાદ ગુપ્તસ્થાને સંતાડયો છે. કહે, તેને કયાં રાખ્યો છે?”

યુવતી ક્રોધથી એકદમ ઉભી થઇ બોલી:—“નરપિશાચ! મારો હાથ છોડી દે! શું તું એમ ધારે છે કે, હમેશાને માટે તારો આવો જુલ્મ સહન કરી હું અહિં રહીશ? ના, હું તો મારા ખરા અંતઃકરણથી તને ધિક્કારૂં છું. નર્કના કુતરા! તારા મ્હોડામાં જોડા મારી હું હમણાંજ મારા દેશમાં ચાલી જાઉં છું! તારી મરજીમાં આવે તેને તારી વડી બેગમ બનાવજે. હું કોઇ વાતની દરકાર કરતી નથી અને તારા ઘરનાં સુખની આશા

રાખતી નથી."

"તું મારા હાથમાં કેદ છે. મેં પુછ્યું તેનો બરાબર જવાબ આપ. ત્યાર પછી તને શી શિક્ષા કરવી તેનો વિચાર કરીશ."

"મને અસતિ–વ્યભિચારિણી કહેનાર શખ્સ જુઠો અને મિથ્યાવાદી હોવો જોઇએ. પરમ દયાળુ અલ્લાના સૌગંદ ખાઇને કહું છું કે, મારા મનના કોઇ પણ ખુણામાં પરપુરૂષને સ્થાન આપ્યું નથી. માટે તું જે કાંઇ પૂછે છે, તેનો જવાબ આપીશ નહિ. તારી મરજીમાં આવે તેમ કર."

"શયતાની! અમારો નાશ કરવાને તૈયાર થઇ છે અને ઉપરથી આટલી બધી સફાઇ! તારો પ્રિયકર–પરદેશી પરદાને આડે છુપાઇ અમારો ગુપ્ત પરામર્શ સાંભળી ગયો છે. ત્યાર પછી ગુપ્ત ગુહામાં ક્યાં પસાર થઇ ગયો તે અમે જાણી શકયા નથી. તે વખતે જો પકડાયો હોત તો તેની જીભના ટુકડે ટુકડા કરી નાખત કે કોઇની આગળ તે એક શબ્દ પણ બોલી શકત નહિ. તેના બન્ને હાથો ખડગથી કાપી નાખત કે, જેથી તે કોઇને લખીને પણ જણાવી શકત નહિ. અફસોસ! અમે તેને પકડી શકયા નહિ–અમારા ઘરના માણસોએજ ઘાત કર્યો. તે હવે અમારા હાથમાંથી પલાયન કરી જઇ અલજીરીયા જશે અને ફ્રેન્ચોને અમારા ગુપ્ત પરામર્શની વાત કહી દેશે. આ બધું તારા લીધેજ બન્યું છે માટે તેનું ફળ તારે ભોગવવુંજ પડશે."

"કોઇ હરકત નહિ. મારી મરજીમાં આવ્યું તેમ મેં કર્યું છે. તારા જેવા હૃદયહીન અત્યાચારીના ઘરમાં એક પળ પણ હું રહેવા ઇચ્છતી નથી. સૂર્યોદય થયા પહેલાંજ હું મરજીમાં આવશે ત્યાં ચાલી જઇશ."

યુવતીનો હાથ પકડી તેને ખેંચતાં શેખ બોલ્યોઃ–"શું તું મારા જનાનખાનામાંથી જીવતી બહાર જવા માગે છે? નહિ. તેં જે અપરાધ કર્યો છે–અપકાર કર્યો છે–તેના બદલામાં તને પ્રાણ-દંડનીજ સજા કરવી જોઇએ. ચાલ, મોતની સજા ભોગવવા તૈયાર થા."

યુવતી ગુસ્સાથી લાલચોળ બની તિરસ્કારપુર્વક બોલી:– "નરપશુ! શું તું એમ માને છે કે, હું અસહાયા દુર્બળ રમણી છું? નહિ. મારો જરા પણ વાંકો વાળ થતાં યાદ રાખજે કે, મારા પિતૃવંશીઓ આ અપમાનનો બદલો લીધા વિના રહેશે નહિ–તારા હૃદયના શોણિતથી તેઓ પોતાનો ક્રોધાનલ શાંત કરશે."

શેખ ગર્જના કરતાં બોલ્યો:–"પાપિણી! એક ઔરત જાત થઇ મને દમ ભરાવે છે! લે આ તારા ગુમાનનું ફળ–" એટલું કહી શેખે પોતાના કટીદેશમાંથી તીક્ષ્ણ ધારવાળી કટાર બહાર કહાડી, રમણીને નીચે પાડી નાખી તેની છાતી પર ચડી, કટાર ઉગામી.

મેં જોયું કે એક પળ માત્રમાં યુવતીનું મસ્તક દેહથી વિચ્છિન્ન થઇ જશે. હું ધૈર્ય ધારણ કરી શકયો નહિ. નસીબમાં લખ્યું હોય તેમ થાય, મનુષ્યનું જે કર્તવ્ય છે–કૃતજ્ઞનું જે કર્તવ્ય છે–તે પૂર્ણ કરવુંજ જોઇએ. આ નરપિશાચના હાથમાંથી યુવતીનો પ્રાણ બચાવવા જતાં મારો પ્રાણ જાય તો હરકત નહિ એમ માની એક કુદકો મારી હું અરબની પીઠપર કુદી પડયો અને તેના હાથમાંથી કટાર ઝુંટવી લીધી.

શેખનો મનોરથ વિફળ જતાં મારા તરફ દ્દષ્ટિપાત કરી ક્રોધકંપિત કર્કશ સ્વરે તે બોલી ઉઠયો:–"મારા રંગ મહેલમાં આવી મારા કાર્યમાં અટકાવનાર તું કોણ છે?"

મેં કહ્યું:–"તમારી સ્ત્રીએ મારા પ્રાણની રક્ષા કરી છે–આ વખતે તેના પ્રાણ બચાવવા–મારા કર્તવ્યનું પાલન કરવા આવ્યો છું!"

"કર્તવ્ય પાલન? ચોરની માફક બીજાના ઘરમાં ઘુસી જવું એ કર્તવ્ય પાલન! અસુર તારૂં કર્તવ્ય પાલન તને આ શસ્ત્રથી બરાબર બતાવું છું. શિયાળવું થઇ સિંહની ગુફામાં આવવાની તેં હિંમત કરી છે!" ત્યાર પછી તેની સ્ત્રીના તરફ જોઇ તે બોલ્યો:–"કમજાત કુલટા! જો આ તારો યાર! તારૂં રક્ષણ કરવા આવ્યો છે."

"જુઠી વાત, આ સ્ત્રીને અત્યાર પહેલાં મેં કયારેય જોઇ નથી."

"બદમાશ–પાજી! ચોરની માફક ઘુસી અમારૂં ગુપ્ત

રહસ્ય તું જાણી ગયો છે. અમોને નિરાપદ રહેવા માટે તારો પ્રાણ વધ કરવોજ જોઇએ. આવો સુયોગ હું હવે વૃથા જવા દેવાનો નથી." એટલું કહી શેખે પોતાની કમરમાંથી એક તીક્ષ્ણ ધારવાળી છુરી કહાડી મારી સામે ઉગામી. મારા હાથમાં શેખની કટાર મોજૂદ હતી. અમો ઉભય જીવ સટોસટની લડાઇ લડવા લાગ્યા. શેખની પત્ની આ રહ સ્ય જોઇ થોડો વખત હતબુધ્ધ બની સ્તબ્ધ ઉભી રહી. ત્યાર પછી તેણે સહાયના માટે બૂમો પાડવા માંડી.

શેખ પત્નીની મદદ માટેની બૂમો સાંભળી બે કાળા હબસીઓ હાથમાં નાગી તલવાર લઇ ત્યાં દાખલ થયા. તેઓના યમદૂત જેવા ચ્હેરા જોઇ હું ભયભીત બની ગયો અને વિચાર્યું કે, હવે મારૂં આવી બન્યું. પરંતુ મારો આ ભય વધારે વખત રહ્યો નહિ. એક પળમાત્રમાં—વિજળી ચમકે તેમ—તે સ્ત્રીના એક નેત્રસંકેતે કામ પાર પાડી દીધું. બંને હબસીઓએ શેખને પકડી લીધો અને તેના હાથમાંથી છુરી ઝૂટવી લઇ બંને હાથ પીઠ પછવાડે લઇ જઇ મુસ્કેટાટ બાંધી દીધો, અને તે બૂમ મારી કાંઇ કહે તે પહેલાં તો તેના મ્હોડામાં ડૂચો મરી તેઓ તેને એક કાળા પડદાની પછવાડે લઇ ગયા. તરતજ એક બારણું બંધ થવાનો અવાજ આવ્યો.

આ બનાવથી વિસ્મિત બની મેં તે સુંદરીને પૂછ્યું:—"તમારા પતિને તમારા અનુચરો કયાં લઇ ગયા ?"

"જે ગુપ્તસ્થાનમાં તમને રાખવામાં આવ્યા હતા ત્યાં." રમણીએ નિડરતાથી મને જવાબ આપ્યો. સ્વામી તરફ તે જે પ્રમાણે વર્તતી હતી, તે માટે તેના દિલમાં અનુતાપ કિંવા ચિંતા દેખાતી નહોતી. મુક્તિલાભની આશાથી તેનું મુખ પ્રફુલ્લ દેખાતું હતું.

મેં તેને પૂછ્યું:—"સુન્દરી! તમારી સાથે મારે કોઇ જાતનો પરિચય નથી—હું અપરિચિત વિદેશી મુસાફર છું—મારા તરફ આટલી બધી દયા—માયા દર્શાવવાનું કાંઇ કારણ ?"

"તેન. કારણો અનેક છે, તમે કયા ઉદ્દેશથી આ મરૂપ્રદે-

શમાં ફરો છો એ બધી વાત હું જાણું છું, અને તેટલા માટેજ મૃત્યુમંદિરમાંથી તમારો ઉધ્ધાર કરી હું તમને અહિં લઇ આવી છું. થોડા વખત પહેલાં હું મારી બે સખીઓની સાથે આસુ તરફથી મુસાફરી કરી આવતી હતી. રસ્તામાં મૃત્યુ-મંદિર આવ્યું એટલે અમોએ વિશ્રાંતિ લેવા વિચાર કર્યો. ત્યાં તમારા પર એક દાસીની નજર પડી. ત્યાર પછી શું બન્યું છે તે વિષે વધારે ખુલાસો કરવાની હું જરૂર જોતી નથી."

મેં વિસ્મિત બની પૂછ્યું:–"મારી પ્રિયતમા રમણી કોણ છે? તેને તમે ઓળખો છો?"

"વાહ! કેવો વિચિત્ર સવાલ! જુબેદા–રૂપ લાવણ્યવતી આ મરૂભૂમિની મોહિનીને કોણ નથી ઓળખતું! સૂર્યકન્યાના નામથી તે સમસ્ત મરૂપ્રદેશમાં પ્રખ્યાત છે."

"સૂર્યકન્યા! તેના શા સમાચાર છે! તેના વિષે મેં ઘણી અશુભ વાતો સાંભળેલી છે."

"હા, મારા સાંભળવામાં પણ આવી છે. અમારા શેખોના કારાગારમાંથી જૂદી જૂદી જાતની વિચિત્ર અને અસંલગ્ન વાતો બહાર પડે છે. તે જેટલી અદ્દભુત હોય છે, તેટલોજ તેમાં વિશ્વાસ પણ મૂકી શકાતો નથી. એક સોદાગર પાસેથી મેં સાંભળ્યું છે કે વિશ્વાસઘાતકતાનો આરોપ મૂકી તેને મારી નાખવામાં આવી છે. જ્યારે બીજી ખબર એવી આવી છે કે, ઉંટ ચલાવનારનો ગુપ્ત વેષ ધારણ કરી તમારી પછવાડે તે આગાદેજ તરફ ગઇ છે. ત્યાર પછીના સમાચાર તો ઘણાજ વિચિત્ર છે. અમારા સુલતાન હાજી અબુસલામે તેને કેદમાં રાખી છે. તેનાથી ક્યાંઇ પણ જઈ શકાતું નથી–જીવન ભર તેને ત્યાંજ સડયા કરવું પડશે."

"શું આ વાતો સત્ય હોય એમ તમે માનો છો?"

"ના. તે વિષે વિશ્વાસપૂર્વક કાંઇ કહી શકાય નહિ. જુબેદા એક રહસ્યમયી રમણી છે. તેનામાં અસાધારણ શક્તિ છે. તેનું રૂપ અસામાન્ય છે; પરંતુ તેનાં જીવનનાં વિચિત્ર રહસ્યનો પાર હજી સુધી કોઇ પામી શક્યું નથી."

પ્રકરણ ૪ થું.

એક કલાકમાં અમે મુસાફરીની સર્વ તૈયારીઓ કરી લીધી. શેખના મહેલમાંથી બહાર પડવાને અમોને હરકત પડી નહિ. મારી સંગિનીએ શેખના અનુચરોને જણાવ્યું હતું કે, શેખના આદેશાનુસાર અમે તિર્થયાત્રા કરવા જઇએ છીએ. મહેલમાંથી બહાર નીકળતી વખતે મને બાંદીના સ્ત્રી વેષમાં બહાર પડવું પડયું હતું. મારા આ ગુપ્ત વેષમાં મને કોઇ ઓળખી શકયું નહિ.

મારી સંગિનીનું નામ હલિમા હતું. શરૂઆતમાં હું અને હલિમાં એકજ ઉંટ ઉપર બેઠાં હતાં; પરંતુ બે ત્રણ માઇલ દૂર જવા બાદ તેના ઉંટ પરથી હું ઉતરી ગયો અને પૂર્વ પોષાક ધારણ કરી આહારાદિ સામાન લાદેલો હતો તે ઉંટ પર બેઠો. હલિમા અને મારો ઉંટ પાસે પાસે ચાલવા લાગ્યા.

રસ્તે ચાલતાં મેં અનેક પ્રકારની વાતો હલિમા સાથે કરી, પરંતુ જુએદા વિષેની વિશ્વસનીય બાતમી હું મેળવી શકયો નહિ. તેણે માત્ર એટલું કહ્યું કે, હાજી અબુ સલામની પ્રજાએ તેને પ્રત્યક્ષ કયારેય જોઇ નથી—માત્ર તેનું નામજ સાંભળ્યું છે. જુએદા જ્યારે ખુલ્લી રીતે બહાર નીકળે છે, ત્યારે તેનાં સર્વાંગ પર બુરખો હોય છે. છતાં બધા જાણે છે કે તે પરી જેવું સૌંદર્ય ધરાવે છે. જુએદામાં અદ્‌ભુત ક્ષમતા છે. અનાથ દરિદ્રો પ્રત્યે તે ઘણી દયાળું છે. એ શિવાય તેનામાં ઘણા અજબ ગુણો સમાયેલા છે. તેણે કેવી રીતે દૈવીશકિત પ્રાપ્ત કરી કિંવા કઇ શકિતના પ્રતાપે આટલી બધી પ્રભાવશાલિની છે, તે કોઇ જાણી શકયું નથી.”

મેં પૂછ્યું:—“મને મારી નાખવા શા માટે આટલા બધા પ્રયત્નો કરવામાં આવે છે?”

હલિમાએ કહ્યું:—“તમારા શત્રુઓનો ધ્વંસ કરવાની શકિત તમે જુએદા પાસેથી પ્રાપ્ત કરી છે, તેને લીધેજ તમારો પ્રાણ-વધ કરવાના પ્રયત્નો કરવામાં આવ્યા છે. તમારા શત્રુઓ માને

છે કે, તમારા મૃત્યુ સિવાય તે શક્તિ જુબેદાની પાસે આવશે નહિ."

મેં મનમાં વિચાર્યું કે, લાવાકાન પણ મને તેજ વાત કહેતો હતો. તે સિવાય અર્ધચન્દ્ર ગુપ્ત ગુહામાં કેવી રીતે મને મળ્યો તે વિષે પણ મારા મનમાં ચિંતા રહ્યા કરતી હતી. મેં તેને પૂછ્યું:–'હું જે ગુપ્ત ગુહામાં હાડપિંજરોની અંદર વાસ કરતો હતો, તે સ્થળની તમારા સિવાય બીજા કોઇને ખબર છે કે નહિ?–શું બીજાઓ પણ તે સુરંગ પથમાંથી ગમનાગમન કરી શકે છે?"

હલિમાએ સહજ હસીને કહ્યું:–"તમે શા માટે આવો પ્રશ્ન પુછો છો? તમે શું એમ માનો છો કે, મારો પતિ તે ગુફામાંથી મુક્તિ મેળવી આપણું અનુસરણ કરશે?"

"ના, હું એ ચિંતા કરતો નથી, મારી જીજ્ઞાસાનું કારણ જૂદું છે."

"શું તમે ત્યાં કોઇ બીજા માણસને જોયો હતો?"

"ના, અન્ય માણસની મુલાકાતની વાત જુદીજ રહી, પણ તે ઓરડાની ભયંકરતા જોઇ હું તો દિગ્મૂઢજ બની ગયો હતો. જ્યાં ત્યાં અસ્થિ. નિસ્તબ્ધતા અને અંધકાર માણસને ભયભીત કરી દે તેવો હતો."

"પરંતુ હું તો અભયદાનનો પત્ર લખી તમારી પાસે મૂકી આવી હતી!"

"હા, તે હું જાણું છું. પરંતુ તમારા સિવાય બીજું કોઇ ત્યાં આવવા જવાના ગુપ્ત માર્ગથી માહિતગાર છે કે નહિ, એજ હું જાણવા માગું છું."

"જુઓ, આપણી આગળ ચાલતા બે ખોજા ભૃત્યો પણ તે સુરંગ પથ વિષે જાણે છે તમારા માટે ખાદ્યખોરાકી તેઓજ ત્યાં લાવ્યા હતા, એટલુંજ નહિ પણ મારી આજ્ઞા મુજબજ તેઓ તમને ગુપ્ત સ્થાને રાખી આવ્યા હતા.

અમારી આગળ ચાલતા એ બંને ચાકરો તરફ મેં બરાબર નીરિક્ષણ દષ્ટિથી જોયું. તેઓમાના એકને મેં ક્યાંઇ જોયો હોય એવો મને ભાસ થયો. ક્યાં જોયો હતો? એકાએક મને યાદ

આવ્યું જે લુંટારાઓની ટોળીએ મને અગાઉ લુંટયો હતો, એ તેઓમાંનોજ એક માણસ હતો. તેણેજ મારી બૅગ ઝુંટવી લઇ તેમાંથી ચીજ વસ્તુઓ કહાડી લીધી હતી ! અત્યારે હું તેનીજ સાથે ચાલતો હતો. ભાગ્ય ક્યાં લઇ જતું હતું તેની મને ખબર પડતી નહોતી.

મેં હલિમાને ચિંતિત ભાવે પૂછ્યું:—"તમારા દળના માણસો મારો પ્રાણ લેવા માટે સદા તત્પર હોય છે, છતાં આપણે તેઓ તરફ જઇએ છીએ તેની કાંઇ મને સમજ પડતી નથી !"

હલિમાએ કહ્યું:—"તમે વ્યર્થ ચિંતા કર્યા કરો છો. શત્રુના હાથમાંથી તમે મારો ઉધ્ધાર કર્યો છે. મને પ્રાણદાન આપ્યું છે છતાં અમારા દળના માણસો તમારો વધ કરે એ અસંભવિત છે. જો કે, તેઓ અત્યંત નિષ્ઠુર, હત્યાકારી અને લુટારાઓના સહચર હોય છે તો પણ જેણે તેમના પર ઉપકાર કર્યો હોય તેના પર અપકાર કરી તેની સામે હથિયાર ઉગામે તેવા તેઓ નમકહરામ નથી."

હાજી અબુ સલામની નિષ્ઠુરતા વિષે મેં સાંભળ્યું અને અનુભવ્યું હતું તે બધું મેં તેને કહી સંભળાવ્યું. માત્ર જુબેદાનું નામ ક્યાંઇ આવે નહિ અને તેણેજ મને આસન્ન મૃત્યુ મુખમાંથી બચાવ્યો હતો, તે વાત છુપાવી રાખી.

હલિમાએ કહ્યું:—"દસ્યુપતિ હાજી અબુ સલામ ઘણા કઠોર હૃદયનો છે. કોઇ કોઇ વાર અમારા દળના લોકો સાથે પણ તે એવી દયાહીન રીતે વર્તે છે કે, તેઓ તેના તરફ વિરક્ત બની જાય છે. તેની નિષ્ઠુરતાનો મને જેટલો પરિચય છે તેના શતાંશની પણ તમને ખબર નથી. તમારી સાથે તે જેવી મુલાયમ રીતે વર્ત્યો છે, તેનો મુકાબલો બીજાઓની સાથે કરી જોતાં તમે ઘણાજ ભાગ્યશાળી હો, એમ જણાય છે. તેનો એકજ દાખલો આપું છું. આબિલ પર્વતની તળેટીમાં એક વાર અમારા સૈન્યે છાવણી નાખી હતી. તે વખતે એક યુવાન—શત્રુ સૈન્યનો હોય કિંવા કેમ્પોનો ગુપ્તદૂત હોય તે કહી શકતી નથી—ફરતો ફરતો દસ્યુપતિની છાવણીમાં આવી પહોંચ્યો. દસ્યુપતિના આદેશાનુસાર

તરતજ તેને પકડવામાં આવ્યો. પછી તેના બન્ને કાન કાપી ફ્રેંચ સેનાપતિ પાસે મોકલાવી આપ્યા. બીજા દિવસે તેનું નાક કાપી મોકલાવી આપ્યું. ત્યાર પછી તેના બન્ને હાથ કાપી મોકલી આપ્યા. આવી રીતે તેના નાક, કાન, હાથ કાપી ત્રણ અઠવાડીયા સુધી રીબાવી મારવા છતાં તેના ક્રોધની શાંતિ થઇ નહિ. તેના કાપી નાખેલા અંગ પર ખજુરનો ગોળ ચોપડી તેને ખજૂરનાં વૃક્ષ સાથે બાંધી લેવામાં આવ્યો. લાખો જંગલી કીડીઓ તેના શરીર પર ઉભરાવા લાગી અને તેઓના અસંખ્ય ચટકાની મૃત્યુ વેદનાથી રીબાઇ રીબાઇ તે બિચારો ત્રણ દિવસે મરણને શરણ થયો.”

ઉપરોક્ત વાત સાંભળી મારૂં હૃદય ધબકવા લાગ્યું. હું ભયભીત સ્વરે બોલી ઉઠયો—“ઓહ, કેવી નિર્દયતા ?”

હલિમા બોલી:—“નિર્દયતાની વાત શી કરો છો ! આવો અત્યાચાર શત્રુ પક્ષના માણસો પરજ ગુજારવામાં આવે છે એમ આપ સમજતા નહિ. દસ્યુપતિના હાથે સ્વપક્ષનો બાળક, વૃધ્ધ યુવાન કોઇ છટકી શકતું નથી.”

મેં પૂછયું:—“ત્યારે આવા હૃદયહીન—નિષ્ઠુરનાં દળ તરફ પાછા ફરવા માટે તમે કેમ આટલાં બધાં વ્યાકુળ થઇ ગયાં છો ?”

“કેવળ પ્રેમને માટે. જે પિંજરામાં આબધ્ધ કરી રાખે તેવા પ્રેમીની હું પક્ષપાતિની નથી. તેવા કષ્ટદાયક પ્રેમ કરતાં યંત્રણાદાયક મૃત્યુને હું સેંકડો વાર પસંદ કરૂં છું.”

“પરંતુ તમોને તો ત્યાં સુખનો બિલકુલ અભાવ નહોતો. જનાનખાનાની વડી બેગમ જેવું માન મળતું હતું. તમારી સેવામાં સેંકડો દાસ—દાસીઓ હાજર હતાં. અખૂટ ખજાનો અને અમૂલ્ય રત્નાગારનાં તમે માલેક હતાં.”

“તે વાત સત્ય છે; પરંતુ મનુષ્યના જીવનમાં કોઇ કોઇવાર એવી ઘડી આવી જાય છે કે, તેવા કહેવાતા સ્વર્ગ સુખને પણ લાત મારવાનું તેને મન થઇ જાય છે. મારા જીવનમાં જે એક બનાવ બન્યો છે, તે મારા સ્મૃતિપટમાંથી બિલકુલ ભુંસાતો નથી. તેને ભુલવાનો યત્ન કરૂં છું પણ ભુલાતો નથી—દિલ તે તરફ

ખેંચામાં કરે છે."

"તે શું બનાવ હતો?"

"જે દિવસે હું શેખના હાથમાં બંદિની થઈ તેના બે દિવસ પહેલાં અમારા દળના એક માણસની સાથે દષ્ટોદષ્ટ મળતાંજ હું ભાન–સાન ગુમાવી બેઠી. અચાનક પવનના સપાટાથી મારા મુખ-પરનો બુરખો ઉઘડી ગયો. મારૂં મુખ જોતાંજ તે મુગ્ધ થઈ ગયો. હું પણ તે રૂપવાન યુવાન પુરૂષને જોઈ, તે દિવસથી તેને મનથી વરી ચુકી. તે દિવસથી અમો ઉભયનાં મનમાં એક બીજા તરફ આસક્તિ વધવા લાગી. મેં મારા પિતાના મુખે સાંભળ્યું કે, તે હાજી અબુ સલામનો એક વિશ્વાસુ સેનાપતિ છે. એ સાહસી વીરનરે અલજીરીયામાં એવો તો અત્યાચાર આરંભ્યો હતો કે, ખ્રીસ્તીઓ તેના જુલ્મથી ત્રાહ્ય પોકારી ગયા હતા–તેઓએ તેને પકડવાને માટે મોટું ઇનામ પણ કહાડયું હતું. તે ગમે તેવો નિષ્ઠુર–અત્યાચારી હોય. હું તેના પ્રેમમાં પાગલ બની ગઈ છું. મૃત્યુકાળ સુધી હું તેનો પ્રેમ છોડી શકીશ નહિ."

"ત્યારે તમારા તે પ્રેમીને મળવા માટેજ તમે શેખની પાસેથી નાસી છુટયાં છો એમ ખરૂં ને?"

"હા, તેને મેળવ્યા વિના મારૂં જીવન ક્યારે પણ સુખી થવાનું નથી. તેનું મુખ એક ક્ષણ માટે પણ હું ભુલી શકતી નથી–ભુલી શકીશ એવી આશા પણ નથી. ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ ચારે દિશાએ ફરવું પડે તો હરકત નહિ, પણ તેને મેળવ્યા સિવાય હું રહીશ નહિ."

આ પ્રમાણે મુસાફરીમાં ત્રણ દિવસ નીકળી ગયા. ચોથે દિવસે પ્રભાતમાં હલિમા અને હું ઉંટપર બેસી સિગારેટ પીતાં ગપ્પાં ચલાવતાં મુસાફરી કરી રહ્યાં હતાં એટલામાં અમારા એક પથપ્રદર્શકે સાવધાન થવાની ચીસ પાડી. તેનો ચિત્કાર સાંભળી ટોળીનાં બધાં માણસો ભયભીત થઈ ગયાં. હલિમાએ તરતજ પોતાના મુખ પર બુરખો નાખી દીધો.

દશેક મિનીટમાં પચાસેક સશસ્ત્ર અરબોએ અમને ઘેરી લીધા. અમારાં માણસો તરતજ સામે થયાં અને લડાઇ જામી.

એટલામાં હલિમાની નજર તે ટોળીના સરદાર પર પડી. તેણે તરતજ તેને પીછાણ્યો અને ઉચ્ચ સ્વરે બોલી ઉઠી:-" ભાઇ-ભાઇ ! સબુર કર."

"ભાઇ શબ્દ સાંભળતાંજ સરદાર ચમક્યો. તેણે તે બુરખાવાળી રમણી તરફ જોયું. રમણીએ તરતજ મ્હોં પરનો બુરખો કહાડી નાખ્યો. સરદાર અજાયબીથી બોલી ઉઠ્યો:-"કોણ હલિમા બ્હેન ?"

" હા."

" અહિં ક્યાંથી ? "

" શેખની પાસેથી છુટીને પિતાની પાસે જાઉં છું."

તરતજ તે સરદારે પોતાના માણસોને હથિયાર મિયાન કરવાનું કહ્યું પછી પોતાની બ્હેન તરફ ફરીને બોલ્યો:-" બ્હેન ! મારા નિષ્ઠુર વર્તનને માટે માફ કર. તને ઓળખ્યા વિના અમે તારા માણસોપર હલ્લો કર્યો હતો. ચાલ, આપણા સુલતાન નજીકમાંજ છે ત્યાં જઇએ." સરદારના આ ખુલાસા પછી દરેકે પોતપોતાનાં હથિયાર મિયાન કર્યાં. યુધ્ધનો કોલાહલ આત્મિયતાના નિર્બિડાનન્દમાં પરિણુત થયો. માત્ર હું એકલો એ સંવાદ સાંભળી અસ્વસ્થ થયો. ભયભીત બની મેં દસ્યુ સરદારને પુછ્યું:- " તમારા સુલતાન અહિં છે ? "

"હા, તેઓ જ્યાં સુધી અમારી સાથે છે, ત્યાં સુધી કોઇને ભય રાખવાનું કારણ નથી. કારણ કે, અમારા સુલતાન હાજી અણુ સલામ સહરામાં અજેય-અતુલ-પરાક્રમશાળી નરપતિ છે."

અમો ધીમે ધીમે આગળ વધવા લાગ્યા. બરાબર મધ્યાહ્ન વખતે અમો દસ્યુપતિની છાવણીમાં આવી પહોંચ્યા. તે વખતે છાવણીથી થોડે દૂર ત્રણ બુરખાવાળી રમણીઓ મારી નજરે પડી. તેઓમાંની એક મને જોઇ વિસ્મિત બની, ચક્ષુ સામેની વિસ્તૃત જાળીમાંથી કેટલોક વખત સ્થિર દૃષ્ટિએ મારી સામે જોઇ રહી. પછી તરતજ ત્યાંથી ચાલી ગઇ. તે રમણી મને ઓળખતી હોય, એમ લાગ્યું. તે રમણી કોણ હોવી જોઇએ ? શું તે મારી કોઇ પરિચિતા રમણી હશે ? એવી શંકા મારા મનમાં ઉદ્ભવી.

પ્રકરણ ૫ મું.

મને એક ન્હાના તંબુમાં ઉતારો આપવામાં આવ્યો હતો. રાત્રિ પડતાંજ પહેરેલાં વસ્ત્રો નહિ બદલતાં હું વિશ્રાંતિ લેવા આડો થયો. મારી ચારે બાજુએથી દસ્યુદળના માણસોની આવજાવનો કોલાહલ તથા શસ્ત્રોનો ખણખણાટ સંભળાયા કરતો હતો. કોઇ નિદ્રા લેવાની તૈયારી કરતા હતા ત્યારે કોઇ પોતાના તંબુની આસપાસ ફરતા હતા. મને નિદ્રા આવી નહિ. માત્ર ચક્ષુઓ મીચી હું જૂદી જૂદી જાતની ચિંતામાં પડયો. આ બધી ઝંઝટનું મૂળ કારણરૂપ મારી શય્યા નીચેનો અર્ધચન્દ્ર હતો. મારા સાંભળવામાં આવ્યું હતું કે લાવાકાન હાજી અબુ-સલામનો મુખ્ય વજીર હતો. અત્યારે હું હાજી અબુ સલામની છાવણીમાં આવી પહોંચ્યો હતો—તેની નજરે પડું તો મારા પ્રાણની રક્ષા થઇ શકે તેમ નહોતું. આવી રીતની અનેક ચિંતાએ મારી નિદ્રાને ઉડાડી દીધી. ગમે તેમ પણ લાંબા દિવસની મુસાફરીના શ્રમને લીધે લગભગ મધ્ય રાત્રિએ મને નિદ્રા આવી ગઇ.

આમ કેટલા વખત સુધી મેં નિદ્રા લીધી એ નિશ્ચિત કરી શકયો નથી; પરંતુ એટલું તો ખરૂં કે, મારા મસ્તક ઉપર કોઇના મૃદુ કરનો સ્પર્શ થતાંજ હું જાગી ઉઠયો.

હું ઉઠીને બેઠો થયો કે તરતજ એક રમણી મૃદુ સ્વરે બોલી:—

"તમારી ચારે બાજુએ વિપત્તિનું વાદળ ઘેરાઇ ગયું છે; પરંતુ ભય પામશો નહિ. તમારા શુભેચ્છકોની પણ અહિં ખોટ નથી."

મેં વિસ્મિત બની પૂછયું:—"તમે કોણ છો?"

"હું એક બાંદી છું. ચુપચુપ મારી સાથે આવો."

"કોની બાંદી? કયાં જવું છે?"

"તમોને જે મળવા માગે છે, ત્યાં તમોને લઇ જવા છે. તેટલા માટેજ હું અહિં ગુપચુપ આવી છું. મને વધારે પ્રશ્ન પૂછશો નહિ. મારી સાથે આવશો એટલે બધો ખુલાસો થઇ રહેશે."

તેના બોલવાનો ભાવાર્થ હું સમજી શક્યો નહિ. શું હલિમા મને મળવા માગતી હશે? ગમે તેમ હોય પણ તેની સાથે જવાને કર્તવ્ય માની હું તે બાંદીની પછવાડે ચાલવા લાગ્યો.

કેટલાક ન્હાના મોટા તંબુઓ વટાવ્યા બાદ અમે એક વિશાળ તંબુની સમીપ આવી પહોંચ્યા. ચાર સશસ્ત્ર પહેરેગીરો ખુલ્લી તલવારે ત્યાં પહેરો ભરતા હતા. બાંદીએ સંકેત કરતાંજ તેઓ બાજુએ ખસી ગયા અને તંબુમાં દાખલ થવાને અમોને માર્ગ મોકળો કરી આપ્યો. તંબુમાં દાખલ થતાંજ એક પરિચિત સ્વર મારા કાને અથડાયો. તે સાથેજ કેટલાક સશસ્ત્ર માણસો મારી આસપાસ ફરી વળ્યા. હું વિસ્મિત બની આસપાસ જોવા લાગ્યો. બદમાશ લાવાકાન મારી સામે જોઇ હસી રહ્યો હતો.

શત્રુઓના હાથમાં હું પુનઃ બંદીવાન થઇ ગયો હતો. સૈનિકોના પહેરા વચ્ચેજ મને એક સુસજ્જિત ઓરડામાં લઇ જવામાં આવ્યો. તે ઓરડામાં એક મોટો પ્રદીપ બળતો હતો અને તેના પ્રકાશથી આખો ઓરડો ઝળકી રહ્યો હતો. બે ચાર જણા ત્યાં બેસી ધુમ્રપાન કરી રહ્યા હતા. વચમાં જે માણસ બેઠો હતો તેનો રેશમી ચમકિત પોષાક જોઇ મેં તેને ઓળખી લીધો. જીવનમાં મેં તેને એક વાર જોયો હતો, છતાં તે મુખ હું વીસરી શક્યો નહોતો. તે દસ્યુપતિ હાજી અબુ સલામ હતો!

તેનાં ચક્ષુઓ સાથે મારાં ચક્ષુ મળતાંજ મારૂં સમસ્ત શરીર કંપી ઉઠ્યું; પરંતુ ક્ષણ માત્રમાં આત્મસંવરણ કરી હું સ્થિર ઉભો રહ્યો. હાજી અબુ સલામે મને ઓળખ્યો નથી, એમ મને લાગ્યું. મેં હલિમાના પ્રાણની રક્ષા કરી હતી એટલે મારી સાથે સારી ચાલ ચલાવવામાં આવશે એમ માન્યું, અને તેમ બને તો તે નર રાક્ષસના હાથમાંથી મુક્તિ મેળવવાને અડચણ પડશે નહિ એમ મારા મનને ખાત્રી થઇ. પરંતુ લાવાકાન—હાજી અબુ સલામનો વજીર મને બરાબર ઓળખતો હતો. તેની આંખમાં કેવી રીતે ધુળ નાખવી? તે તો મારી સામે જોઇ મનમાં ને મનમાં હસ્યા કરતો હતો!

હાજી અબુ સલામે હુક્કાની નળી બાજુએ મુકી તીક્ષ્ણ

દૃષ્ટિથી મારી સામે જોયું. તે સાથે તેના બે સાથીઓ પણ કરડી નજરે જોવા લાગ્યા. મધ્ય રાત્રિના ગંભીર વખતે અપરિચિત સ્થાનની અંદર આવા વિચિત્ર સ્થળમાં હું સ્તંભિત ભાવે ઉભો રહ્યો. મારા મ્હોડામાંથી એક પણ શબ્દ નીકળી શક્યો નહિ.

લાવાકાન આગળ આવ્યો અને મારા તરફ અંગુલી નિર્દેશ કરી હાજી અબુ સલામને કહેવા લાગ્યો:—"હે મહા પ્રતાપશાળી સહરાના સુલતાન! આપના શત્રુને જીવિત દશામાંજ આપની સમક્ષ હાજર કરવામાં આવ્યો છે."

સુલતાને ક્રોધપૂર્ણ સ્વરે કહ્યું:—"આપણાં ગુપ્ત રહસ્યનો ચોર!—શું આ માણસ છે? આટલા દિવસો બાદ પણ પકડાયો તો હવે તેને બરાબર સ્વાદ ચખાડો." પછી મારા સામે જોઇ તે કહેવા લાગ્યો:—"અય કાફર કુત્તા! તેં અમારી પ્રિય જન્મભૂમિને તારાં પગલાંથી અપવિત્ર કરી છે—અમારો સર્વનાશ કરવાને તું ગુપ્ત કપટ કારસ્થાન રચી રહ્યો છે. આજે તને તારા અપરાધનો બરાબર સ્વાદ ચખાડું છું."

મેં કહ્યું:—"હે મરૂપ્રદેશના શાસનકર્તા સુલતાન! હું પુનઃ આપના હાથમાં બંદીવાન થયો છું; પરંતુ આશા રાખું છું કે મારા તરફ અવિચારની દૃષ્ટિથી જોવામાં આવશે નહિ. બેદુઇન જાતિનું હૃદય સખ્ત હોવા છતાં તેઓ વીરપુરૂષ છે. નામર્દની માફક—"

"ખબરદાર, શયતાન! વધારે બોલતો નહિ. કીટકની માફક પગ તળે તને ચગદી નાખવાથીજ તારો ખરો ન્યાય થશે."

"ત્યારે શું નિરાશ્રય પથિકને વિના વાંકે ત્રાસ આપવામાંજ ખરૂં પુરૂષાર્થ અને ન્યાય છે?"

"નમકહરામ કુત્તા! તુંજ અમારા ગુપ્ત રહસ્યની ચોરી કરી ગયો છે. અમારા નાશની તુંજ તૈયારીઓ કરી રહ્યો છે. એકવાર અમારા હાથમાંથી છટકી ગયો—હવે છટકવાની આશા વ્યર્થ છે. તારા અવયવોને છિન્ન વિચ્છિન્ન કરી નાખી તેનાપર મીઠાનું પાણી છંટાવું છું!"

"આપ મારા પર જે આરોપ મુકો છો, તે સંપૂર્ણ મિથ્યા છે. આપની કોઇ પણ શક્તિનું મેં અપહરણ કર્યું નથી. ઉલટો મેં તો આપના પર ઉપકાર કર્યો છે, તેનો મને આવો બદલો મળે છે! આજે આપની એક આશ્રિયા રમણીનો ઉધ્ધાર કરી અહિં લઇ આવ્યો—તેના પ્રત્યુપકારમાં મારૂં સર્વાંગ છિન્ન વિચ્છિન્ન કરી નાખવાની દંડાજ્ઞા! અફસોસ!—"

"કઇ રમણીનો તેં ઉધ્ધાર કર્યો?"

લાવાકાન વચ્ચેજ બોલી ઉઠયો:—"ખુદાવદ! તેનું નામ હલિમા છે. હલિમાએ મને કહ્યું છે કે, આ કાફર તેને ફોસલાવીને લઇ આવ્યો છે અને અહિંથી પણ તેવીજ રીતે ઉપાડી જઇ તેની સાથે નિકાહ કરવા માગે છે!"

લાવાકાનની વાત સાંભળી સુલતાન ક્રોધથી ગર્જના કરતો બોલી ઉઠયો:—"અરે નરાધમ! એક વિધર્મી થઇ અમારી રમણી ઉપર નજર નાખે છે! શિયાળ થઇ શેરની ગુફામાં હાથ નાખે છે?"

"નહિ હજૂર! તે જુઠું બોલે છે. મારા જીવને જોખમમાં નાખી મેં તેના પ્રાણની રક્ષા કરી છે. તેની સત્યતાની સાબીતી જોઇતી હોય તો તે રમણીનેજ અહિં બોલાવી પૂછી જુઓ."

"હું તેને પુછવાની કાંઇ જરૂરત જોતો નથી. શું મારો વજીર જુઠું બોલે છે? અમારી રમણીઓ તરફ તું સન્માનની નજરથી જોતો નથી, એનાં પુષ્કળ પ્રમાણો મને મળેલાં છે. તેં તેઓનાં મુખનાં દર્શન કરીને પણ અપમાન કરવામાં બાકી રાખ્યું નથી. અમારા દળની અધિષ્ઠાત્રી રમણી—સૂર્યનન્દિનીના નામથી જે ચરાચર વિશ્વમાં વિખ્યાત છે, તેની સાથે પણ તેં તેવો અસદ્‌ વ્યવહાર કર્યો છે. એટલુંજ નહિ, પણ તેના ગુપ્ત નિવાસ સ્થાનમાં પ્રવેશ કરી તેં તેની સાથે વાર્તાલાપ પણ કરેલ છે. તારા જેવા વિદેશી પાસે તેણે ગુપ્ત કથા કહી દીધી છે—અમારા ગુપ્ત રહસ્યનો ભેદ ખુલ્લો થઇ ગયો છે અને તેટલાજ માટે તું અમારૂં અનિષ્ટ કરવાના પ્રયત્નો આદરી રહ્યો છે."

"હજૂર, જો કે આપનાં ગુપ્ત રહસ્યનો કેટલોક અંશ હું જાણી ચૂક્યો છું, છતાં હજી સુધી મેં તે ગુપ્ત શક્તિનો પ્રયોગ કરી જોયો નથી. જે વાત ગુપ્ત છે, તે હંમેશને માટે મારી પાસે ગુપ્તજ રહેશે."

હાજી અબુ સલામનો એક સાથીદાર તેના કાનમાં કંઈક બડબડયો એટલે તેણે મને પૂછ્યું:—"તેં ગુપ્ત રહસ્યનો ભેદ કેટલો જાણ્યો છે, તે કહે."

"નહિ સાહેબ, જુબેદા પાસે મેં પ્રતિજ્ઞા કરી છે કે, પ્રાણ જાય તો બહેતર, પણ તે ગુપ્ત રહસ્યનો સ્ફોટ હું કોઈની પણ પાસે કરીશ નહિ."

"કદાચિત્ તારાપર રહમ લાવી અમે તને છોડી દઈએ—તારા પ્રાણનું દાન કરીએ તોપણ તું નહિ કહે ?"

"ના. આસક્રિયાનો સમસ્ત ધનભંડાર મળે તો પણ હું એ રહસ્ય ભેદનો ઉકેલ નહિ કરૂં."

"આસક્રિયાનો ધનભંડાર ?! તે વિષે તું શું જાણે છે ?"

"મરૂભૂમિમાં પ્રવાસ કરતી વખતે આસક્રિયાનાં અગણ્ય ધનરાશિ વિષેની વાતો મેં સાંભળેલી છે."

"બદમાશ, ત્યારે એમજ કહેને કે ગુપ્ત રહસ્ય વિષે તું કંઈ જાણતોજ નથી. વારૂ, અમારી જાતિય સંપત્તિરૂપ જે ચીજ તું અપહરણ કરી ગયો છે તે ક્યાં છે ? બતાવ નહિ તો—"

હું નીચું માથું રાખી સુલતાનના શબ્દો સાંભળતો હતો એટલામાં મારી આસપાસના પ્રહરીઓ ખસી ગયા. હાજી અબુ સલામનું વાક્ય અર્ધમાંથીજ બંધ રહી ગયું. હાજી અબુસલામનો કોઈ તિરસ્કાર કરતું હોય એવા શબ્દો મારા કર્ણપટપર અથડાયાઃ—"ચુપ રહે જંગલી ! જો એક પણ શબ્દ વધારે બોલીશ તો ભીષણ અભિશાપ આપી તારી પાયમાલી કરી નાખીશ."

હાજી અબુ સલામને આવું ભયંકર વાક્ય સંભળાવી થરથરાવી દેનાર કોણ હતું ? મરૂભૂમિમાં એવું કોઈ છે શું ? એમ વિચારી મ્હોડું ફેરવતાં મેં શું જોયું ? એજ અપૂર્વ રમણી મૂર્તિ ! એજ સુન્દરી કે જેની રૂપજ્યોતિથી સમસ્ત વિશ્વ પ્રકાશિત

થઈ રહ્યું હતું. તેના સર્વાંગે હીરા મોતીનાં આભુષણો ઝળકી રહ્યાં હતાં. રમણી મંદગતિએ સુલતાનની નજીક ઉભી રહી. હાજી અબુ સલામ પવનથી કંપતી વેલની માફક થરથર કંપવા લાગ્યો. તેના દિલમાં સખ્ત આઘાત લાગ્યો હતો અને હમણાંજ પડી જશે કે શું એમ જણાતું હતું. જોત જોતામાં તેનો ક્રોધ શમી ગયો. ભયભીત બની વિસ્મિત દૃષ્ટિએ તે રમણીની મુખમુદ્રા તરફ જોઈ રહ્યો.

હું દિંગ્મુઢ બની આ બધો બનાવ જોતો નિર્વાક્ ઉભો રહ્યો. વિસ્મય, આનંદ અને ઉદ્દીપનાથી મારૂં હૃદય ઉછળી રહ્યું હતું. આ રમણી મારી હૃદયાન-દવિધાયિની–પ્રીતિમયા–મહિમ-મયી જુબેદા હતી! જુબેદાની હાજરીથી તે વિશાળ તંબુ રૂપા-જ્યોતિથી ચમકી રહ્યો.



પ્રકરણ ૬ ઠું.

—:૦:—

ત્યારપછી જુબેદાએ પોતાના મુખ ઉપરનો બુરખો કહાડી નાખતાં સુમિષ્ટ વિશુધ્ધ અરબ્બી ભાષામાં હાજી અબુ સલામને કહ્યું:—"દસ્યુપતિ! હું કોણ છું તે જાણો છો?"

"હા, જાણું છું; રમણી કુલશિરોમણી, અસીમ ક્ષમતા-શાલિની જ્ઞાનવતી સુન્દરી! તમે કોણ છો તે હું બરાબર જાણું છું. ખુદા તમારૂં ભલું કરે." સુલતાને તેને અભિવાદન કરી ઉપરોકત શબ્દો ઉચ્ચારતાંજ તે ખંડ માંહેલા દરેક શખ્સે તેને નમન કર્યું અને તેના શબ્દો ઝીલી લીધા. આખો ઓરડો તેઓના નાદથી ગુંજી રહ્યો.

જુબેદાએ તેઓનું નમન સ્વિકારતાં સ્પષ્ટ સ્વરે સુલતાને કહ્યું:—"હું તમને પુછું છું કે, આ નિરપરાધી શખ્સને તમે શા માટે પીડા આપો છો? છળકપટથી તેને શા માટે પકડી મંગાવ્યો છે?"

હાજી અબુ સલામ ક્ષણકાળ સુધી નિસ્તબ્ધ રહ્યા પછી બોલ્યોઃ—"હે સૂર્યનન્દિની! આ નરાધમ કુત્તો આપણા સ્વદેશનો-સ્વજાતિનો—કટ્ટો દુશ્મન છે. છતાં આજે તમે તેને સહાય કરવા આવ્યાં છો એ અજબ થવા જેવું છે."

મારી પાસે ઉભી રહી, મારો હાથ પકડી જુબેદા બોલવા લાગી:-"સુલતાન! તમારી બધી વાતો મેં સાંભળેલી છે. મારાપર તમે ભયંકર આરોપ મૂકયો છે. એક વિદેશી સાથે હું ઘાડો પરિચય રાખું છું એ વાત ખરી છે—ગુપ્ત રહસ્યનો કેટલોક અંશ તે જાણે છે એ વાત પણ ખરી છે—છતાં તમોને હું ચેતવણી આપું છું કે, આ વિદેશી મુસાફરના એક વાળને પણ તમો અગર તમારો અનુચર સ્પર્શ કરશે તો તમારા પર હું એવો શ્રાપનો વરસાદ વરસાવીશ કે જેથી વિના વિલંબે તમારા બધાનો નાશ થઇ જશે—તમારાં અસ્થિઓ રેતીના કણની સાથે મળી વંટોળીયા સાથે દૂર દેશાવરમાં ઉડી જશે-તમારા દળનું ચિહ્ન

માત્ર પણ રહેશે નહિ.”

જુબેદાનાં ઉપરોક્ત વચનો સાંભળી સુલતાન કર્કશ સ્વરે બોલ્યોઃ–“તું ગમે તે કહે. આ વિદેશી તારો આશક છે–તું તેના પ્રેમમાં પડી છે. એક વિદેશી કાફર સાથેની તારી આશનાઈ અમો ચલાવી શકીએ એમ નથી. બોલો, મારા સિપાહીઓ, સૂર્યનન્દિનીનું આ વર્તન તમો સાંખી શકો છો ?”

“નહિ, જહાંપનાહ ! એ કાફરને ઠાર મારવોજ જોઇએ.”

જુબેદાએ તરતજ મારો હાથ છોડી દીધો. ત્યાર પછી પોતાના સુગોળ શુભ્ર મૃણાલભુજ સુલતાનની સામે પ્રસારિત કરી ગંભીર સ્વરે તે કહેવા લાગીઃ–“તમોને જો મારામાં વિશ્વાસ નથી, તો આજ સુધી જે સત્ય પ્રતિજ્ઞાથી તમારી સાથે બંધાઇ હતી, તે પ્રતિજ્ઞા હું આજથી તોડી નાખીશ. કાફરોની વિરૂધ્ધમાં એટલુંજ નહિ પણ વિભિન્ન સંપ્રદાયની વિરૂધ્ધમાં જે જે લડાઇઓ થઇ તે બધીમાં મેં તમને જય અપાવ્યો છે–સર્વપ્રદેશ અજેય બનાવી તમારા શત્રુઓને મેં ધુળમાં મેળવી દીધા છે. પરંતુ હવે મારી મદદની આશા રાખશો નહિ. તમોને જ્યારે મારામાં વિશ્વાસ નથી–મને શત્રુ માની મારા તરફ સંદેહની દૃષ્ટિથી જુઓ છો તો પછી યાદ રાખજો કે, આજથીજ હું તમારો ત્યાગ કરી જઇશ–જેને હું ચાહું છું તેનો જો તમે વધ કરશો–તેનો વાંકો વાળ પણ કરશો–તો ખાત્રી રાખજો તમારો નાશ થયા વિના રહેશે નહિ. માટે તમારી ખુશીમાં આવે તેમ કરો–મારા તરફની મદદની આશા રાખશો નહિ.”

આ વખતે સુલતાનની બાજુમાંથી એક શખ્સ બોલી ઉઠયો–“જહાંપનાહ ! આ માયાવિનીને પણ તેના આશકની સાથે એકજ કબ્રમાં દાટવાની રજા આપો. તે સિવાય અમારો ક્રોધ શાંત થશે નહિ.”

આ વક્તા બીજો કોઇ નહિ પણ લાવાકાનજ હતો. લાવાકાનના શબ્દો સાંભળી તિરસ્કારપુર્વક સુસ્પષ્ટ સ્વરે જુબેદા બોલીઃ–“જો તમે અમારો પ્રાણ લેવાનો પ્રયત્ન કરશો તો યાદ રાખજો કે, એક માસની અંદરજ અજેરેલની તીક્ષ્ણ તલવારની

ધારથી તમારાં મસ્તકો ધડથી જુદાં થઇ જશે. તે વખતે તમારી રક્ષા કોઇ કરી શકશે નહિ. જેની શક્તિથી તમે આજે આટલા બધા બળવાન બન્યા છો, તેના શરીરમાંથી એકજ લોહીનું ટીપું પડશે તો નર્કના અગ્નિમાં તમારો આત્મા હંમેશાને માટે સળગ્યા કરશે.''

જુબેદાની આવી સ્પષ્ટોક્તિ સાંભળવા છતાં હાજી બાબુ સલામ વિચલીત થયો નહિ. તે ગંભીર સ્વરે બોલ્યોઃ—" અમારા ભાગ્યમાં ગમે તે બને તેની મને દરકાર નથી; પરંતુ આ કાફરને તો હું કોઇ રીતે છોડીશ નહિ. અત્યંત રીબાવી રીબાવીને તેનો પ્રાણવધ કરવામાં આવશે. પહેલાં તેના બન્ને કાન કાપી નાખીશું, ત્યાર પછી બન્ને ચક્ષુઓ ફોડશું, પછી જીભના ટુકડે ટુકડા કરી નાખીશું, આખરે તેના દેહ પરથી મસ્તકને ઉડાડી દઇશું. બોલો, મારા નમકહલાલ દોસ્તો! તમો મારા આ મતને સંમત છો કે નહિ?"

બધા એકદમ બોલી ઉઠયાઃ—" હજૂરનો જેવો હુકમ. માલેકની મરજી તેજ અમારી મરજી!"

" ત્યારે મારા આદેશનું પાલન કરો. વિદેશી દગાખોર આદમીને મારી સન્મુખથી દૂર લઇ જાઓ અને તેના હાથ, નાક, કાન કાપી રીબાવી રીબાવીને મારી નાખો."

ચાર જબરદસ્ત દસ્યુઓએ મને પકડી લીધો. તથાપિ એક રાણીની માફક નિચલીત નહિ બનતાં જુબેદા રોષયુક્ત સ્વરે બોલીઃ—"અરે મૂર્ખાઓ! તેના તરફથી તમોને નુકસાન થવાનું નથી, તો પછી શા માટે તેને મારી નાખો છો? તમો એમ માનો છો કે, મારી શક્તિ મેં આ વિદેશીના હસ્તમાં સમર્પણ કરી છે? તેનું કાંઇ પ્રમાણ છે?"

સુલતાન—" અમારૂં એક માત્ર રક્ષાકવચ—લોહ અર્ધચન્દ્ર આ કાફરને તેં સુપર્દ કર્યો નથી?"

" તે તો કેલફાદીઓના હુમલા વખતે ચોરાઇ ગયો છે. ત્યાર પછી તે કોઇને મળ્યો નથી."

" જુઠી વાત" સાવાકાન એકદમ બોલી ઉઠયો. " લોહ

અર્ધચન્દ્ર આ કાફરના જીનમાં છે એમ હું ખાત્રીપૂર્વક કહું છું."

"ત્યારે હમણાંજ તેના તંબુમાં જઇ જીનમાં તપાસ કરી આવો."

સુલતાનની આજ્ઞા થતાંજ એ ત્રણ શખ્સો મારા તંબુમાં તલાસને માટે ચાલ્યા ગયા. પરંતુ પાંચેક મીનીટ બાદ ખાલી હાથે પાછા આવ્યા એટલે મારી અજાયબીની સીમા રહી નહિ. મનમાં ભયનો સંચાર થયો. તેને કોણ ચોરી ગયું હશે ? એવા વિવંચનામાં હું પડયો હતો, પણ જુબેદા તો બધાના મ્હોડા સામે જોઇ મૃદુ મન્દ હાસ્ય કર્યાં કરતી હતી.

થોડીક પળો સુધી બધા શાંત થઇ ગયા એટલે જુબેદા બોલી:—"ખરેખર, અર્ધચન્દ્ર કેલફાદીઓના હાથમાં ગયો છે. તેઓની પાસેથી આપણે કોઇ પણ તરકીબે પડાવી લાવવો જોઇએ."

સુલતાન બોલ્યો:—"જો તેમ હોય તો ગમે તેવા પ્રયત્ને પણ આપણે હસ્તગત કરવો જોઇએ. તેને માટે મહા ભયંકર રણસંગ્રામ કરવો પડે તો પણ હરકત નહિ."

બધા અનુચરો પણ તેને સંમતિ આપતાં બોલી ઉઠયાઃ—"કેલફાદીઓ સામે આપણે ચડાઇ લઇ જવી જોઇએ. તેનું રાજ્ય લૂંટી લેશું અને આપણું રક્ષાકવચ પૃથ્વીના ગમે તે પડમાં તેઓએ સંતાડયું હશે, ત્યાંથી શોધી કહાડીશું."

સુલતાન:—"શાબાશ દોસ્તો! લડાઇની તૈયારી કરો. આ કાફરના હાથમાં તે અર્ધચન્દ્ર નથી તો પછી તે આપણી જાતીયશક્તિ નષ્ટ કરી શકશે નહિ."

જુબેદા:—"આપણી જાતીયશક્તિ તેના હાથમાં નથી તો પછી તેના પ્રાણ લેવાનું શું પ્રયોજન ?"

સુલતાન:—"કારણ કે એ કાફર છે. કાફરનો વધ કરવો એ પુન્યનું કામ છે."

જુબેદા:—"અને તેના પ્રાણના બદલામાં હું તમને દરેક રીતે મદદ કરી જીત મેળવી આપું તો ?"

જુબેદાનો પ્રશ્ન સાંભળી સુલતાને બીજા બે ચાર શખ્સો સાથે ખાનગી મસલત ચલાવી. હું અને જુબેદા શું પરિણામ

આવેછે, તે માટે આતુર દૃષ્ટિએ તેઓ તરફ જોઇ રહ્યાં. આખરે સુલતાન બોલ્યોઃ–"આ કાફરને જે યંત્રદાયક મૃત્યુદન્ડની મેં આજ્ઞા કરી છે, તે મારી આજ્ઞા બહાલ રહેશે, પણ તેને માટે એક અપવાદ દાખલ છુટ મૂકવામાં આવે છે. કેલ્હાદીઓ સામેના યુધ્ધમાં અમે જય પામી અર્ધચન્દ્ર મેળવીશું તો તેને મુક્તિ આપવામાં આવશે નહિ તો પછી આજ્ઞા મુજબ તેના પ્રાણનો વધ કરવામાં આવશે."

તેઓનો આવો હુકમ સાંભળી તરતજ જુબેદાએ મને ફ્રેંચ ભાષામાં કહ્યું:–"આમીન, હાલમાં તો મૃત્યુ મુખમાંથી તમારો બચાવ થઇ શકયો છે. આગળ ઉપર બધું જોઇ લેવાશે. આવતી કાલે શું થશે તે કોઇ કહી શકતું નથી; પરંતુ તમે તમારા મનમાં ખાત્રી રાખજો કે, તમારી તરફનો મારો પ્રેમ અપરિવર્ત-નીય છે. તમારી સહાયતા માટે હું મારાં સર્વસ્વનો–મારા દેહનો પણ ત્યાગ કરવાને પાછી પાની કરીશ નહિ."


મેં ફ્રેંચ ભાષામાં પૂછ્યું:–"પરંતુ અર્ધચન્દ્રનું શું થયું? તે તો મારી પાસે હતો, તેને કોણ ચોરી ગયું! હવે મારે શું કરવું?"

"તમે હોશિયાર રહેજો અને ચારે તરફ દૃષ્ટિ રાખજો. જો કે, હમણાં તો તમે નવજીવન પ્રાપ્ત કર્યું છે, પરંતુ તેઓનો વિશ્વાસ હું રાખી શકતી નથી. દગા ફટકાથી પણ તેઓ તમારા પ્રાણ લે તો કાંઇ નવાઇ નહિ. તેઓ બધામાં તમારો ખરો શત્રુ કોણ છે, તેના પર બરાબર નિગાહ રાખજો. હમણાં તમારા તંબુમાં ચાલ્યા જાવ. સુયોગ મળતાંજ હું તમારી મુલાકાત લઇશ. અર્ધચન્દ્ર માટે ચિંતા કરશો નહિ. તમારી સંપૂર્ણ મુક્તિ માટે મારાથી બનતું હું કરીશ."

ત્યાર પછી બુરખાથી પોતાના મુખચન્દ્રને છુપાવી એક તેજસ્વિની રાણીની માફક જુબેદા ત્યાંથી ચાલી ગઇ. કાજી અને સભામના માણુસોએ તે વખતે અવનત મસ્તકે તેને અભિવાદન કર્યું. પછી દરેક પોતપોતાનાં સ્થળે ચાલ્યા ગયા.

કેટલીક મીનીટો બાદ હું મારા તંબુમાં પાછો ફર્યો. તે વખતે

રાત્રિનો ત્રીજો પહોર થવા આવ્યો હતો. મેં નિદ્રા લેવા માટે ઘણા પ્રયત્નો કરી જોયા, પણ મન ઉદ્વેગથી પૂર્ણ હોવાને લીધે નિદ્રાની આશા રાખવી વૃથા હતી. બેઠો બેઠો હું મારી અદૃષ્ય-વિડંબનાઓની ચિંતા કરવા લાગ્યો. રહસ્યમયી જુએદાનો રહસ્ય-પૂર્ણ વ્યવહાર જોઇ, તેના જીવનરહસ્ય વિષે હું કોઇ જાતનો નિર્ણય કરી શક્યો નહિ. હું વિચારવા લાગ્યો કે જુએદા માયા-વિની છે કે જાદુગરણી ?



પ્રકરણ ૭ મું.

—:o:—

જુદી જુદી જાતની ચિંતાઓથી મેં આખી રાત નિદ્રા લીધા વિનાજ વીતાડી. છતાં કોઇપણ વિષયની મિંમાસા બરાબર કરી શક્યો નહિ. જુબેદાના વિચિત્ર વ્યવહારે અને અદ્ભુત ચરિત્રે મને સર્વથી વિશેષ વિસ્મિત બનાવી દીધો હતો. તેણે મને સંદેશો મોકલવાનું જણાવ્યું હતું; એટલે આશાથી રાહ જોતાં મેં સમસ્ત રાત્રિ વિતાવી પણ સંદેશ આવ્યો નહિ.

બીજે દિવસે સૂર્યાસ્ત થયા પછી સુલતાનના અનુચરો ગાનતાનમાં ગુલતાન બન્યા હતા, તે વખતે હું મારા તંબુમાંથી બહાર નીકળ્યો. બે ત્રણ તંબુઓ વટાવ્યા બાદ હું એક વિરાટ તંબુની પાસે આવી ઉભો રહ્યો. આ તંબુપર એક હાફ્રી ઔરત હાથમાં નાગી તલવાર લઇ પહેરો ભરતી હતી. મને જોતાંજ તે તંબુમાં અદ્દશ્ય થઇ ગઇ. પછી તરતજ પાછી આવી અને મને નેત્રસંકેત કરી તેની પાછળ આવવાનું કહ્યું. વિસ્મય અને વિહ્‌વળ દૃષ્ટિથી ચારે તરફ જોતાં હું તેની પછવાડે ચાલવા લાગ્યો. એક ઓરડા પાસે તે ઉભી રહી અને તેનો પડદો ખસેડી અમો બંને તેમાં દાખલ થયાં. આ સુસજ્જિત ઓરડામાં એક મખમલના કોચ ઉપર વ્યાઘ્રચર્મ પાથરી સુગંધમય ધુમાડો કહાડતી સીગરેટ પીતી જુબેદા આડી પડી હતી.

મને જોતાંજ જુબેદાએ તેના હાથ માંહેલી અર્ધદગ્ધ સીગારેટ દૂર ફેંકી દીધી અને મને અભિવાદન કરી—મારા હસ્તને પોતાના હસ્તમાં દબાવી પોતાના કોચ ઉપર લઇ ગઇ. તરતજ તેણે બાંદીને એક સીગારેટ લાવવાનો હુકમ કર્યો.

દાસી સીગારેટ લઇ આવી એટલે બારણાના પડદાઓ પાડી નાખતાં પહેલાં તેણે દાસીને ચેતવણી આપતાં કહ્યું:—"અહિં જો કોઈ આવે તો તરતજ મને ખબર આપજે." દાસી સલામ કરી ઓરડાની બહાર ચાલી ગઇ.

નિર્ભય બની શાંતિથી હું કોચ ઉપર બેઠો. જુબેદા પણ

મારી નજીકમાં આવી અને પ્રેમના આવેશમાં આવી કંઠાલિંગન કરી મુખ ચુમ્બન કરતાં બોલી:—" આમીન! પ્રાણેશ આમીન! આહ! કેટલી બધી વિરહ યાતનાઓ સહન કરવી પડે છે. હાલના દિવસો હું કેવા કષ્ટકર કહાડું છું, તે તમને કેવી રીતે સમજાવું? હું જાણું છું કે તમે તમારી પ્રતિજ્ઞાનું પાલન કર્યું છે—તમારા અકપટ પ્રેમની મને બરાબર ખાત્રી થઇ છે—પ્રિયતમ! તેટલા માટે તમને ધન્યવાદ આપું છું."

તેના ચુંબનનું પ્રતિદાન આપતાં મેં કહ્યું:—" સુન્દરી! ધન્યવાદ આપવાની જરૂર નથી. હું તમારોજ છું. તમોને મેળવવા માટેજ હું પણ રાત દિવસ મરણાધિક યાતનાઓ સહન કરૂં છું. મારા પર સેંકડો વિપદો આવી પડી, પણ હજી સુધી હું નિરાશ થયો નથી. પ્રાણ જાય તો બહેતર, પણ મારા કર્તવ્યમાં હું પાછો હઠીશ નહિ. તમારૂં મૃત્યુ થયું છે એમ માની કેટલા દિવસ સુધી મેં અશ્રુઓ સાર્યાં છે, તે તો મારો ખુદા જાણે છે. બાકી આજની મુલાકાતથી મને જે હર્ષ થાય છે, તેનું વર્ણન કરી શકું એમ નથી."

" ત્યારે શું તમે મને હજી સુધી મરી ગયેલી ધારતા હતા? ઓહ! જો મરી ગઇ હોત—નિષ્ઠુર બેદુઇનની તીક્ષ્ણ ધારવાળાં શસ્ત્રથી મારી છાતી વિદીર્ણ થઇ ગઈ હોત—તો હાલ કરતાં તે દિવસ વિશેષ સુખકર હતો. મારૂં મૃત્યુ તમોને લાભપ્રદ થાત. પળે પળે તમોને વિપત્તિમાં પડવું પડે છે, તેમ બનત નહિ. હાય! હું દુર્ભાગિની મૃત્યુ મુખમાં પડી નહિ. જો કે, આપણી આખરી મુલાકાતની રાત્રિએ તો અધમુઇ થઇ ગઇ હતી; પણ કિસ્મતમાં વિશેષ દુઃખ ભોગવવાનાં લખ્યાં હશે એટલે મૃત્યુ આવ્યું નહિ."

" શું? તે રાતના તમારો વધ કરવાનો કોઇએ પ્રયત્ન કર્યો હતો? બહાર નીકળ્યા બાદ મેં તીણી કીકીયારી સાંભળી હતી, તેનું શું રહસ્ય છે?"

" તે જાણવાનો તમે આગ્રહ કરશો નહિ. તે રહસ્ય મારા અંતરમાં સમાઇ રહે એજ સારૂં છે બાકી તે નામર્દના આક્રમણનું ચિહ્ન હજી પણ મારા હાથ ઉપર મોજૂદ છે. જૂઓ—" એટલું કહી

જુબેદાએ પોતાના હાથ પરનાં રેશમી આવરણને ખસેડી પોતાનો શુભ્ર સુગોળ મૃણાલભુજ ખુલ્લો કરી બતાવ્યો. મેં શું જોયું? તેના હાથમાં એક બે ઇંચનો ઊંડો ઘા લાગ્યો હતો—હજી ચારી પેઠ રૂઝાયો ન હોતો.

મેં ક્રોધયુક્ત સ્વરે કહ્યું:—"જુબેદા! આવું નિષ્ઠુરાચરણ કોણે કર્યું? સ્ત્રી જાતિપર આવો અત્યાચાર કરનાર એ નામર્દ કોણ છે? મને હમણાંજ તેનું નામ આપો. તેનાં પૈશાચિક કાર્યનું ફળ તેને બરાબર ચખાડી દઉં."

"તે આપણો શત્રુ છે."

"શત્રુ ન હોય તો શું મિત્ર આવું કાર્ય કરે? કહો, તેનું નામ કહો, એટલે તેના મસ્તકને ધડથી જુદું કરી નાખું."

"નહિ, તમે એ નામ જાણી શકશો નહિ."

"કેમ?"

"તે ગુપ્ત રહસ્યની વાત તમને હમણાં કરવામાં સાર નથી, માટે મને વધારે પૂછતા નહિ."

"જુબેદા—જુબેદા—હું તમને પ્રાણ કરતાં પણ વિશેષ ચાહું છું."

"તે હું જાણું છું; પરંતુ તે માટે મારા પર અવિશ્વાસ લાવતા નહિ. હું વિશ્વાસઘાતિની નથી, અને જો તેવી બનું તો જીવનના સુખને માટે મારે તિલાંજલી આપી દેવી જોઇએ."

"નહિ, જુબેદા હું અવિશ્વાસની નજરથી જોતો નથી. તમારા પ્રેમમાં હું દિવાનો બની ગયો છું—પ્રેમનો એ ધર્મ નથી કે ઉભય પ્રેમી એક બીજામાં અવિશ્વાસની નજરથી જુએ; પરંતુ એક શંકા મારા મનમાં રહ્યા કરે છે."

"શી શંકા?"

"તમારા હાથ જેવોજ એક છિન્ન હસ્ત મારી પાસે મોકલવામાં આવ્યો હતો. તે હાથ પર મારી આપેલીજ અંગુઠી હતી—તે હાથ કોનો હતો?"

"તે હાથ મારો નહોતો. જુઓ, મારા તો બન્ને હાથ સાબુત છે. બાકી તે રહસ્ય જાણવાની પણ તમને આવશ્યકતા

નથી. એ કૌતુહલને પણ તમે તમારા મનમાં દબાવી રાખો. પ્રિયતમ ! તમને એટલી ખાત્રી નથી કે, જે કહેવાની વાત હોય તે તમને કહ્યા વીના રહું ? આ બધો ભેદ ભવિષ્યમાં હું ઉકેલી આપીશ. હાલ તો મૌન રહેવામાંજ સાર છે."

"હા, મારી ચારે બાજુએ રહસ્યનો નિબિડ અંધકાર છવાઇ રહ્યો છે. આ રહસ્ય ભેદ ક્યારે સમજાશે ? ક્યારે હું પ્રેમમયી પત્નીરૂપે તમારો અંગીકાર કરી શકીશ ?"

"જ્યારે આપણે સ્વાધીનતાના રસાસ્વાદનું અમૃત પાન કરશું ત્યારે."

"આપણી સ્વાધીનતાના પથમાં ક્યાં ક્યાં વિઘ્નો છે, તેની મને ખબર પડતી નથી. શું તમે ધારો તો સ્વાધીન ન થઇ શકો ? આ નરપિશાચ લુટારાના સંસર્ગનો ત્યાગ ન કરી શકો ?"

"ના-ના, પ્રિયતમ ! હું એક પ્રકારના ઘોર દાસત્વ બંધનમાં જકડાઇ ગઇ છું."

"શું ? એક ગુલામડીનાં જેવાં બંધનથી ?"

"ના. આ બેદુઇન લુંટારાની સાથે હું એવા એક ગુપ્ત બંધનથી બંધાઇ છું કે તે બંધનમાંથી છુટવાની શક્તિ મારામાં નથી. માત્ર તમેજ તેમાંથી મને મુક્તિ અપાવી શકો એમ છો— તમેજ સ્વાધીન બનાવી શકો એમ છો."

"કોણ હું ? તે વાત તો તમે મને ક્યારેય કહી નથી ! કહો, કેવી રીતે તમને સ્વાધીન બનાવું ?"

"મેં તમારા હાથમાં જે કાર્યભાર સોંપ્યો છે, તે તમે પાર પાડો તોજ હું આ બંધનોમાંથી છુટી શકું એમ છું. તે બધું આગાદેજના ઇમામ મહમદ બિન ઇસાક પાસે લોહ અર્ધ-ચંદ્ર પહોંચાડી આપવા ઉપરજ નિર્ભર રહેલું છે. લોહ અર્ધચંદ્ર ત્યાં પહોંચતાંજ તમે તેમની પાસેથી ગુપ્ત શક્તિ પ્રાપ્ત કરી શકશો."

"મેં પ્રયત્ન કરવામાં બાકી રાખ્યું નથી. હું આગાદેજ નગરમાં જઈ પહોંચ્યો હતો; પરંતુ સુલતાનના મહેલમાં ગુલામ તરીકે બંદીવાન થયો હતો. ઇમામ સાહેબની સાથે મુલાકાત લઇ શક્યો ન હોતો."

"તમારી બધી વિપત્તિની વાત મેં સાંભળી છે. મારા માટે તમે તમારા પ્રાણની પણ દરકાર રાખી નથી, એ હું જાણું છું; છતાં તમારા હાથથીજ આ કાર્ય પાર પડી શકશે. નહિ તો મારો ઉધ્ધાર પણ થઇ શકશે નહિ."

"વારૂ, તમે કહો છો કે દસ્યુદળની સાથે તમે વિચિત્ર અતૂટ બંધનથી બંધાયાં છો. એ બંધન શું છે? પ્રતિજ્ઞા કે બીજું કાંઇ?"

"નહિ, પ્રતિજ્ઞા નથી, પણ રક્તનું બંધન છે. આ શોણિત બંધનમાંથી મારે મુક્તિ મેળવવી જોઇએ, નહિ તો મારો કોઇ રીતે ઉધ્ધાર નથી."

"શોણિત બંધન? જુબેદા, તેનો અર્થ શું? આ કઇ જાતનું બંધન?"

"આમીન! આ બધો રહસ્યમય વ્યાપાર છે. દિલગીર છું કે, અત્યારે તેનો હું કાંઇ ખુલાસો કરી શકતી નથી. ઇમામ સાહેબ પાસેથી ગુપ્ત શક્તિ તમે પ્રાપ્ત કરશો એટલે મૂળ રહસ્ય ભેદ તમોને આપોઆપ સમજાઇ જશે. માટે જ્યાં સુધી તેમને ન મળો ત્યાં સુધી ધીરજ ધારણ કરો."

"પરન્તુ જે અર્ધચન્દ્ર સાથે આપણું ભાવિ લટકેલું છે તે તો મેં ગુમાવી દીધો છે!"

"નહિ, ગુમાવ્યો નથી. તે મારા હાથમાં છે. ગઇ કાલે રાતના જ્યારે તમને લાવવામાં આવ્યા ત્યારે મેં તમને જોયા હતા. તમે કેવા સંકટમાં સપડાયા છો, તે હું તાત્કાળિક સમજી ગઇ. ક્રુરાત્મા લાવાકાન છળકપટ કરી તમારો વધ કરાવ્યા સિવાય રહેશે નહિ એમ મને ખાત્રી થઇ એટલે તમારી સંગિની હલિમાને મેં મારી પાસે બોલાવી. વાત વાતમાં હું તેની પાસેથી જાણી ગઇ કે, જે વખતે તમે આવ્યા ત્યારે જીન ઉપર તમારી દૃષ્ટિ ખેંચાતી હતી. એટલે મેં અનુમાન કર્યું કે, લોહ અર્ધચન્દ્ર તમે પાછો મેળવ્યો છે અને તે તમારીજ પાસે છે. ત્યાર પછી હું તમારા શિબિરમાં ગઇ અને ત્યાંથી અર્ધચન્દ્ર લઇ આવી."


"ઓહ! તમે અતિ બુધ્ધિમતિ જેવું કામ કર્યું છે. તમા-

રીજ ચતુરાઈથી ગઇ કાલે રાતના હું બચી ગયો છું."

"હા, ચતુરાઇ ચલાવવાની કેટલીક આવશ્યકતા હતી. જો તમારી પાસેથી લોહ અર્ધચન્દ્ર મળી આવ્યો હોત તો તમારી રક્ષા થઇ શકત નહિ."

"જુએદા તમે મને બીજીવાર જીવિતદાન આપ્યું છે."

"તમે મારા પ્રિયતમ છો-તમારા માટે હું મારા પ્રાણ -ન્યોછાવર કરવાને તેયાર છું. આજે લાંબા વખત પછી આપણું ઉભયનું મિલન થયું છે, પરંતુ આ ક્ષણિક મિલન-દીર્ઘ-વિરહની પૂર્વ સૂચના આપે છે. હજી કેટલા દિવસ આમ વિરહાવસ્થામાં કહાડવા પડશે તે કહી શકાતું નથી. છતાં મને આશા છે કે તમે મને ભુલી જશો નહિ. આમીન! યાદ રાખજો કે, મારો આત્મા અદ્દશ્ય ભાવે-છાયાની માફક સર્વસ્થાને તમારૂં અનુસરણ કરે છે-આપણાં ઉભયનું ભવિષ્યનું સર્વસુખ તમારા સાહસ, ધૈર્ય અને અધ્યવસાય ઉપર અવલંબી રહેલું છે."



પ્રકરણ ૮ મું.

—:(૦):—

ઉપરોક્ત વાત કરતાં કરતાં ઝુબેદાનાં બૃહત ઉજ્વળ ચક્ષુઓ અશ્રુથી ભરાઇ આવ્યાં. તેની સ્વર્ગીય મુખછબી અને પ્રેમપૂર્ણ ભાવ જોઇ હું મુગ્ધ થઇ ગયો. તેને આશ્વાસન આપતાં મેં કહ્યું:–"ઝુબેદા, તમારા આદેશનું પાલન કરવામાં મેં કોઇ જાતની ત્રુટી રાખી નથી; પરંતુ ફ્તેહ મળી નહિ એમાં મારાં કિસ્મતનોજ દોષ છે."

ઝુબેદા ગંભીર સ્વરે બોલી:–"તે માટે નિરાશ થવાની જરૂર નથી. હું જાણું છું કે, તેને માટે એક ઉપાય છે. તે ઉપાયનું અવલંબન કરતાં તમે ગુપ્ત રહસ્યનો ભેદ ઉકેલવાને સમર્થ થશો એમ મને પક્કી ખાત્રી છે."

"તે ઉપાય કયો છે?"

"અમારા દળમાં મળી જવાનો. કહો, તમે અમોને મળી જશો? હાજી અબુ સલામના લીલા વાવટા હેઠળ અમારી સાથે આગાદેજ આવશો?"

"આગાદેજ? તમે શું કહો છો? આ કાર્ય કરવા જતાં તમે વિપત્તિમાં આવી પડશો."

"હા, વિપત્તિમાં અમે નહિ પણ આહિરના સુલતાન આવી પડશે."

"એટલે? તમારા કહેવાનો ભાવાર્થ હું સમજી શકતો નથી. ત્યાં જવામાં શી મતલબ છે?"

"અમારા દળની જે મતલબ તેજ મારી મતલબ. અમારા દળનો ઉદ્દેશ તમે સમજતા નથી? લુંટ, નરહત્યા અને રક્તપાત માટે તેઓ ચિરપ્રસિધ્ધ છે!"

"શું તમારા દળના યોદ્ધા તેઓની સાથે યુધ્ધ કરવાના છે?"

"હા. અમારા દળના માણસો ચાર વિભાગમાં વહેંચાઇ જઇ આગાદેજ તરફ ઉપડી ગયા છે. આટલા વખતમાં તેઓ આહિર રાજ્યની સીમા સુધી પહોંચી ગયા હશે."

"વાહ ! ત્યારે તો તમે લડાઇની પુર્વ તૈયારીઓ કરી ચુક્યાં છો. આખિર રાજધાની મેં જોઇ છે. તમે ધારો છો તેટલી તે રાજધાની જીતવી રહેલી નથી."

"દુર્ભેદ્ય કિલ્લો ધરાવતી તે રાજધાની પળમાત્રમાં જીતવાની અમારામાં શક્તિ છે. બે દિવસમાં જ હું તેના બુરજપર હાજી અબુ સલામનો લીલો વાવટો ઉડતો કરી દઇશ."

"ત્યારે શું હું બેદુઇન જાતિનો પોષાક પહેરી તેઓનાં દસ્યુદળની સહાયતા કરૂં અને લુટ તથા હત્યાકાંડમાં શરીક થાઉં એવી તમારી ઇચ્છા છે ?"

"હા, તમારે તેમ કરવુંજ પડશે. નહિ તો બીજો કોઇ ઉપાય નથી. સ્વાર્થ સિધ્ધિને માટે—આપણા ઉભયનાં શુભ માટે તમારે તેમ કરવુંજ પડશે. તે સિવાય તમને બચાવવાનો કોઇ ઉપાય નથી. તમારા માટે હું કેટલી બધી ખટપટો કરૂં છું તેનો તમને ખ્યાલ પણ નથી. આગાદેજ પહોંચવાનો માત્ર આ એકજ ઉપાય છે. તમે ત્યાં જઇ પહોચો નહિ તો ઇમામ સાહેબની મુલાકાત થાય નહિ તેમ મારો પણ ઉધ્ધાર થાય નહિ એ વાત ચોખ્ખીજ છે."

"વારૂ, તમારી નજીક રહેવું પડશે એ આશાએ હું આગાદેજ આવવા કબૂલ થાઉં છું. બાકી મારા શત્રુઓ મારો ક્યારે ઘાટ ઘડી નાખે તે કહેવાય નહિ."

"હા, મારી સાથેજ તમારે પણ મુસાફરી કરવી પડશે, પરંતુ તે સાથે એટલી પણ ચેતવણી આપી મૂકું છું કે, મુસાફરી દરમિયાન મને મળવાનો કે જોવાનો બીલકુલ પ્રયત્ન કરતા નહિ. તમારો અને મારો સહજ પણ પરિચય છે, એવી કોઇના મ્હોડે વાત કરતા નહિ."

"વારૂ, આમ કેટલા દિવસ સૂધી અપરિચિત ભાવે રહેવું પડશે ?"

"જ્યાં સૂધી હાજી અબુ સલામનો લીલો વાવટો આગાદેજના કિલ્લાપર ફરતો ન થાય ત્યાં સુધી."

"પરંતુ લોહ અર્ધચન્દ્ર તમારી પાસે છે. હવે વધારે

શું જોઈએ છે ? હવે તો તમે અનાયાસે મારી સાથે પલાયન કરી શકશો. તમે ખુદ યુદ્ધ કરવાના નથી એટલે ચુપચુપ પલાયન કરી જવામાંજ સાર છે.”

“ના—ના—આમીન ! તમે જે કહો છો, તે બધું અશક્ય છે. લોહ અર્ધચન્દ્ર તો પહેલાથીજ મેં હસ્તગત કર્યો હતો એટલે પલાયન કરી જવાની ઇચ્છા કરી હોત તો હું ક્યારનીયે તમારી સાથે પલાયન કરી ગઇ હોત; પરંતુ તમે ધારો છો તેટલું તે કામ સહેલું નથી. પલાયનનો પંથ વિષમ વિઘ્નોથી ભરપૂર છે.”

“એ વિઘ્નો કયાં છે ?”

જુબેદાએ માથું ઉંચું કરી મારા બન્ને હાથ પકડી લીધા. આ વખતે તેના હાથ થર થર ધ્રુજતા હતા. મારા મુખ તરફ દૃષ્ટિપાત કરી તે કહેવા લાગી:—“આમીન ! આ વિઘ્ન—રક્તબંધન છે. આ બંધન લોહશૃંખલાના બંધન કરતાં પણ વિશેષ કઠણ—દુર્ભેદ્ય છે. જો દસ્યુદળનો ત્યાગ કરી તમારી સાથે હું પલાયન કરી જવાનો પ્રયત્ન, કરૂં તો આપણા ઉભયના પ્રાણ જતાં વાર લાગે એમ નથી. માટે તમારે અમારી સાથે આગાઉજ આવવુંજ પડશે. લોહ અર્ધચન્દ્ર હમણા તો હું મારી પાસે રાખીશ અને જ્યારે જરૂર પડશે ત્યારે તમને સોંપીશ.”

“પરંતુ જુબેદા, તમારૂં આવું સૌન્દર્ય અને હૃદયની કોમળતા હોવા છતાં દસ્યુદળની લુટફાટ અને ખુનામરકી કરવાવાળા દસ્યુદળ તરફનો તમારો અનુરાગ જોઇ હું અજબ થાઉં છું ! આ વિચારો મગજમાં આવતાંજ દુઃખ અને ક્ષોભથી મારૂં હૃદય વિદીર્ણ થઇ જાય છે.”

“આમાં હું કેટલી અપરાધિની છું, તે તો મારો ખુદા જાણે છે. આમીન ! શું તમે પણ અપરાધિની માની મારો તિરસ્કાર કરો છો ! તમારા આ તિરસ્કારથી મારા હૃદયના ચૂરેચૂરા થઇ જાય છે. હું અનિવાર્ય બંધનમાં જકડાઇ ગઇ ન હોત—તો આવાં હૃદયહીન કાર્યમાં મદદગાર થાત ? નહિ. મારૂં હૃદય લોખંડી નથી—નારીનું છે. નારી હૃદયની માફક તે સુકોમળ છે; પરંતુ તે માટે હું કેવી રીતે તમોને ખાત્રી કરી આપું ? હું

નિતાન્ત અભાગિની–અનાથિની–મરૂવાસિની છું.” એટલું કહેતાંજ મુક્તાફળની માફક સરસર કરતાં અશ્રુબિન્દુઓ જુબેદાના ગુલાબી ગાલોપરથી વક્ષસ્થળપર ટપકવા લાગ્યાં.

મેં ખીસામાંથી રૂમાલ કહાડી તેનાં અશ્રુબિન્દુઓ લુછતાં કહ્યું:–“ જુબેદા ! હું તમારો તિરસ્કાર કરતો નથી. તમારો તિરસ્કાર કરવાનો મને અધિકાર શું છે ? હું સમજું છું કે, તમારી ઇચ્છાની ઉપરવટ થઇ તમોને આ નિર્દય કાર્યમાં સહાયતા આપવી પડે છે. તમારાં આ આચરણની અંદર ખરેખર અદ્ભુત રહસ્ય સમાયેલું છે અને તેટલાજ માટે હું સંદેહની નજરથી તમારા તરફ જોતો નથી. તેટલાજ માટે મેં તમને પ્રાણથી અધિક ચાહ્યાં છે. પ્રાણાધિકે, આ દસ્યુદળનો પરિત્યાગ કરી તમો મારી સાથે લગ્ન ગ્રંથીથી જોડાવ એ શુભ દિવસની હું ચાતકની માફક રાહ જોઇ રહ્યો છું. હાય ! તે દિવસ ક્યારે આવશે ? ”

“ ખુદા માલુમ ! પરંતુ તમો મને જો અપરાધિની માનતા હો, તો તેમાં તમારો દોષ નથી. કારણ કે, તમારા જેવા આત્મીય પાસે મારા જીવન–રહસ્યનો ભેદ છુપાવવો પડ્યો છે. હાય, હું તમને કેવી રીતે સમજાવું ? હું કોમળ હૃદયની સ્ત્રી છું–રણદુંદુભીના ભયંકર નાદની પક્ષપાતિની નથી.”

“ ત્યારે એટલું તો ચોક્કસ કે તમે સ્વાધીન નથી.”

“ ના. આમીન ! મારા શરીર પર દેખાતા સુવર્ણ અને હીરાના અલંકારો મારા મનથી શ્રાપ સમાન છે. આ લૂંટની સામગ્રી શરીર પર ધારણ કરવાને હું મહાપાપ સમજું છું; પરંતુ ઉપાય નથી. અનુશોચનાથી મારૂં હૃદય બળીને ખાખ થઇ જાય છે. હું દીવાની બની ગઇ છું. હવે વધારે વખત મારાથી આ જીંદગી સહન કરી શકાય એમ નથી. પરંતુ તમારા મુખ તરફ જોઇ–ભવિષ્યની આશાઓ તરફ જોઇ–હું તે બધું સહન કરૂં છું. નહિ તો છુરીના એકજ આઘાતથી મારી જીવનલીલા હું શેષ કરી નાખત.”

“ ના–ના, એવું કાર્ય કદાપિ કરશો નહિ. જુબેદા, તમોને હું ખરા જીગરના પ્યારથી ચાહું છું–હું તમારામાં સંપૂર્ણ વિશ્વાસ

ધરાવું છું-તમારો અને મારો પ્રેમ ક્યારેય નષ્ટ થશે નહિ. કોઇ પણ વ્યક્તિ તેનો પ્રતિવાદી થઇ શકશે નહિ."

"પ્રાણાધિક આમિન! તમે મારા શીઘ્રજ આ દુષ્કર સાધનામાં પ્રવૃત્ત થયા છો. પ્રેમના ઇતિહાસમાં તેની તુલના થઇ શકે તેમ નથી. જ્યારે તમે આ સાધનની સિધ્ધિ કરશો ત્યારે તમને ખાત્રી થશે કે કલ્પનામાં પણ ન આવી શકે તેવી સિધ્ધિ તમે પ્રાપ્ત કરી છે. તિલસ્માતિક અને આશ્ચર્યજનક અનેક વાતો સાંભળવામાં આવે છે, પરંતુ તમો જે અનુભવશો તેનો સત્ય-તાદ્દશ્ય ચિતાર તમારી સમક્ષ ખડો થશે. મેં તો અલજીરિયામાંજ તમને કહ્યું હતું કે, મારૂં જીવન ભયાનક તેમજ રહસ્યમય છે. માત્ર તમેજ તે વિપદ સમુદ્રમાંથી મારો ઉધ્ધાર કરી શકો એમ છો."

"એ વિપદમાંથી તમારો ઉધ્ધાર કરવા અગ્નિમાં પ્રવેશ કરવો પડશે તો કરીશ. સમસ્ત મરૂભુમિમાં રખડવું પડશે તો મારા જીવની પરવાહ નહિ કરૂં. મનુષ્યથી જે કાંઇ થઇ શકે તેટલા તમારા વિષે પ્રયત્નો કરવામાં હું બાકી રાખીશ નહિ. અગાઉથી ભવિષ્યવાણી સાંભળી હતી, પરંતુ જાણવા છતાં પણ સર્વનાશના આ પથપર અગ્રેસર થવાને હું તૈયાર છું."

"પ્રિયતમ! હતાશ થતા નહિ. પરિશ્રમનું ફળ મળ્યા વિના રહેતું નથી. માત્ર આશા ઉપર નિર્ભર રહી એક નિષ્ઠાથી કર્તવ્ય કર્મ બજાવ્યા કરવું જોઇએ."

"તમારા શબ્દ શબ્દને હું ખરા અંતઃકરણથી માન આપું છું. ઇમામ સાહેબની સાથે મુલાકાત કરી ગુપ્તરહસ્ય ભેદ માટે હું યથા સાધ્ય પ્રયત્ન કરીશ. તમે દુશ્ચિંતાનો ત્યાગ કરી દેજો. આપણે પરસ્પરમાં વિશ્વાસ રાખી જય લાભની રાહ જોવી જોઇએ. વારૂ, હવે એક શંકા મારા દિલમાં છે. કહો તો પુછું."

"શી શંકા છે?"

"તમે હાજી અબુ સલામના બેગમ છો?"

"ના—ના. મારા મ્હોડા સામે તેવા શબ્દોનો ઉચ્ચાર પણ કરશો નહિ. શું તે નરાધમ સાથે વિવાહ કરૂં? અસંભવ. હું તેની બેગમ નથી, તેમ બાંદી પણ નથી. મેં જીવનમાં કોઇને

તમારા સિવાય અણુયાલિંગનનું દાન કર્યું નથી. તમારા સિવાય મારા મુખચંદ્રનું ચુંબન કરવાને કોઇ ભાગ્યશાળી નર થયો નથી. હું ખુદાના સોગંદ ખાઇને કહું છું કે, હજી સુધી હું પવિત્ર કુમારીકા છું."

"ત્યારે તમે આ દસ્યુદળમાં કેમ આવ્યાં?"

"એ રહસ્યભેદ કરવાનો હમણાં વખત નથી. વખત આવ્યે તમે જાણી શકશો–આજે નહિ. માત્ર એટલું યાદ રાખજો કે, હમેશ મને મારા અંતઃકરણના અવાજની વિરૂધ્ધજ વર્તવું પડે છે."

"શા માટે તમે તમારી ઇચ્છા વિરૂધ્ધ વર્તો છો?"

"મારા સન્માનની રક્ષા માટે–સતીત્વની રક્ષા માટે."

"બસ, મારી ખાત્રી થઇ ગઇ. હવે હું તમને કોઇ પ્રશ્ન પૂછીશ નહિ."

"માત્ર મારી એકજ વિનંતિ છે. આગદેજ જતાં મુસાફરી વખતે કિંવા ત્યાં પહોંચ્યા પછી તમે મને જુઓ નહિ તો વિસ્મિત થતા નહિ તેમ ગુસ્સો પણ કરતા નહિ. હું જે કરું તે આત્મ સન્માનની રક્ષા માટે કરું છું એમજ માનજો."

"તમારી વિનંતિ હું માન્ય કરું છું."

"ત્યારે હવે સલામ! મારી બધી સુચનાઓ ધ્યાનમાં રાખજો અને હોંશિયારીથી રહેજો."

તરતજ હું પડદો ખસાડી જુબેદાને છેલ્લી સલામ કરી મારા શિબિરમાં જઇ પહોંચ્યો.



પ્રકરણ ૯ મું.

—:(૦):—

બીજે દિવસે પ્રભાતમાંજ છાવણી ઉઠાવી લેવાનો અને આગાદેજ તરફ કુચ કરવાનો હુકમ સુલતાને ફરમાવ્યો. આગાદેજના ભોમિયા તરીકે મને પણ સાથે લેવાનું ફરમાવ્યું. લગભગ આઠ દિવસની મુસાફરી બાદ અમો આગાદેજ જઇ પહોંચ્યા અને તેના કિલ્લાથી થોડે દૂર અમારી છાવણી ઠોકી.

રાત પડી અને સુલતાને તથા લાવાકાને કઇ કઇ બાજુએથી કિલ્લાપર હલ્લો કરવો તેની સૂચના જુદી જુદી ટુકડીઓના સરદારને આપી દીધી. શેષ રાત્રી વખતે ચંદ્રોદય થતાંજ હાજી અબુસલામનાં માણસોએ મહાવેગથી રાજધાનીપર આક્રમણ કર્યું. તે વખતનો સૈન્યનો ચિત્કાર, તેઓનો વિકટ આનંદ, અસ્ત્રોનો ખણખણાટ અને અશ્વ ચલાવવાનું અપુર્વ કૌશલ જોઇ મારા હૃદયમાં અવ્યકત વિસ્મયજનક ભાવનાઓ ઉત્પન્ન થઇ. મેં અનેકવાર કહેવાતી સુસભ્ય જાતિનાં યુધ્ધો જોયાં હતાં, પરંતુ કોઇ યુધ્ધમાં આવો પ્રલયકર દેખાવ જોયો નહોતો. દસ્યુઓ પોતાની તલવારો ઉન્મુકત કરી પુરપ્રવેશ કરવાને ઉદ્યુકત થતાંજ પુરરક્ષકોએ પણ તેમનો પ્રતિકાર કરવાને બાકી રાખ્યું નહિ. દસ્યુઓ તેઓની હાર તોડવા માટે અસીમ પરાક્રમથી યુધ્ધ કરવા લાગ્યા, પણ તેમનો પ્રયત્ન વૃથા ગયો. પ્રતિપક્ષનું પરાક્રમ સહન થતાં દસ્યુદળના સૈનિકો પાછા હઠવા લાગ્યા; પરંતુ પલાયન કરી ગયા નહિ તેમ પાછા હઠવામાં પણ તેઓનો દાવ હતો. નગર રક્ષકનાં સૈન્યે પોતાનો જય વિચાર્યો અને બધું લસ્કર શહેરની બહાર આવી દસ્યુઓ ઉપર તૂટી પડયું. હવે ઉભય દળમાં ખરૂં યુધ્ધ જામ્યું. એક બીજા લોહીનું પાન કરી ઉન્મત્ત બની ગયા. ઘવાયેલાઓના આર્તનાદ, વિજયીઓના જયધ્વનિ-શસ્ત્રોનો ખડખડાટ, પાછલી રાતે નરકના બિભત્સ દૃશ્ય જેવો બીહામણો લાગવા માંડયો. આખરે સૈનિકોએ જ્યારે તલવારો બંધ કરી બંદુકની ગોળીથી કામ લેવા માંડ્યું ત્યારે દારૂના

ધુમાડાથી સમસ્ત રણભૂમિ નિશ્વાસરોધકારી દુર્ગંધથી છવાઇ ગઇ, પ્રલયકાળ મારી નજરો નજર તરવા લાગ્યો.

આ ભીષણ યુદ્ધ પ્રસંગે બનતાં સુધી હું જુબેદાની આસપાસ જ ફરતો હતો. અર્થાત્ યુદ્ધક્ષેત્ર કરતાં મારી દૃષ્ટિ તેના તરફ જ વિશેષ હતી. તેના ઇશારા તરફ જ વિશેષ ખેંચાતી હતી. તે સિવાય સમસ્ત સૈન્યની દૃષ્ટિ પણ તેના તરફ હતી. તેના ઇશારા મુજબ સૈનિકો ફરતા હતા અને હુમલો લઇ જતા હતા. અત્યારે તે એક રમણી કરતાં રણરંગીણી જેવી દેખાતી હતી. અત્યારે તે પુરૂષનો પોષાક પહેરી કાળા રંગના તેજસ્વી ઘોડા પર બેસી પોતાની તર્જનીના સંકેતાનુસાર સૈન્યપરિચાલન કરતી હતી તેનાં બન્ને ચક્ષુઓમાં વિદ્યુતના ચમકારા મારી રહ્યા હતા. હોઠ પર દૃઢતા અંકિત થઇ હતી. ઉન્નત દેહ ઉદ્દેશ સાધનાને માટે રણક્ષેત્રની અંદર આત્મવિસર્જન કરવાને તત્પર દેખાતો હતો.

કેટલાક વખત પછી બંદુકો બંધ થઈ અને બન્ને સૈન્યો નિકટમાં આવી છુરીથી યુદ્ધ કરવા લાગ્યા. એક પળ માત્રની અંદર એક મજબૂત બાંધાનો પૂરરક્ષક તીક્ષ્ણ ધારવાળી છુરી લઇ દસ્યુદળમાં ભંગ પાડી જુબેદાની નજીક આવી પહોંચ્યો અને તેના પર હલ્લો કરતાં બોલ્યો:—"જહન્નમમાં જવાનો તારો વખત હવે આવી પહોંચ્યો છે." જુબેદાએ તરતજ તેની સામે નજર ફેરવી અને તેના છૂરીવાળા હાથ ઉપર પિસ્તોલનો બાર કર્યો. રક્ષકના હાથમાંથી છૂરી પડી ગઇ. તેનો જીવનહીન દેહ ભૂમિ પર લોટવા લાગ્યો.

ત્યાર પછી જે ભયંકર શોચનીય હત્યાકાંડ શરૂ થયો, તેનું સ્મરણ રોમાંચ ખડાં કરી દે તો પછી તેનું વર્ણન તો કેમજ કરી શકાય. તે પૈશાચિક દૃશ્યો જોઇ જુબેદા આત્મસંવરણ કરી શકી નહિ. બન્ને હાથોએ ચક્ષુઓ દબાવીને નિઃશબ્દે રોદન કરવા લાગી. સુલતાનના સૈનિકો શસ્ત્રોનો ત્યાગ કરી ઘુંટણીએ પડી ક્ષમા ભિક્ષા માગવા લાગ્યા; પરંતુ કોઇને ક્ષમા કરવામાં આવી નહિ. તે દિવસે પ્રભાતમાંજ સુલતાનના પ્રાસાદમાં લોહીની નદીઓ વહી. આર્તનાદથી પ્રભાતનું આકાશ

પ્રતિધ્વનિત થવા લાગ્યું.

સુલતાનના સૈન્યની હાર થયેલી જોઈ લૂંટને માટે અધીરા થઈ ગયેલા પ્રતિહિંસાપરાયણ દસ્યુઓને સંબોધી જુબેદાએ કહ્યું:– "મારા વાહલા સૈનિકો, આપણો વિજય થયો છે અને હવે તમારી મરજી આવે તેમ લૂંટવાનું કામ કરો; પરંતુ એટલું યાદ રાખજો કે, તમારા શોણિત કલુષિત હાથોનો સ્પર્શ આ શહેરની સુપવિત્ર મસ્જિદને લાગે નહિ. મારા આ આદેશનું પાલન જો તમે કરશો નહિ તો ઇહલોક અને પરલોકમાં તમારી દુર્ગતિની સીમા રહેશે નહિ."

જુબેદાનો આ આદેશ ક્ષણ માત્રમાં સમસ્ત સૈન્યને કહી સંભળાવવામાં આવ્યો. ત્યાર પછી વિદ્યુત્ ગતિએ અશ્વ ચલાવી તે મારી આગળ આવી અને બોલી:–"અમારા સૈન્યનાં માણસો લૂટફાટમાં મશગૂલ થઈ જશે. આ તકનો લાભ લઈ તમે ઇમામ સાહેબને મળો. તમારે તેમની પાસે ક્યારે જવું એ હું જણાવી દઈશ. માટે તૈયાર રહેજો."

તે દિવસે પ્રભાતમાં ચાલેલો હત્યાકાંડ જોઈ મારા મનમાં અત્યંત દુઃખ અને વિરાગનો સંચાર થયો હતો. હું તે સ્થળેથી ચાલી જવાનો વિચાર કરતો હતો, એટલામાં લુંટારાઓનાં એક ઉન્મત્ત ટોળાને આગદેજના સુલતાનના મહેલ તરફ દોડી જતું મેં જોયું. મહેલમાં જઈ તેઓ કેવો પૈશાચિક અત્યાચાર કરે છે, તે જોવાની મારા મનમાં કૌતુહલ વૃત્તિ થઈ. અર્થાત્ હું પણ ફરતો ફરતો તેઓની પછવાડે ચાલવા લાગ્યો. થોડે દૂર જતાંજ તેઓમાંના એકનો કંઠસ્વર મારે કાને પડ્યો. તે કહેવા લાગ્યો:–"અબ્દુલ કરીમ જ્યાં હોય ત્યાંથી પકડી લાવો–હમણાંજ તેનું માથું ઉડાવી દઉં છું."

સુલતાનના મહેલમાં પ્રવેશ કરવાને અમોને કોઈ જાતની હરકત પડી નહિ. મહેલના રક્ષકો જીવ બચાવવાને પલાયન કરી ગયા હતા. અમો સુલતાનના ખાસ ઓરડામાં દાખલ થયા. સુલતાન અબ્દુલ કરીમ, તેનો વજીર અને સરદાર બોજો કેટલાક વિશ્વાસુ નોકરો સાથે આત્મરક્ષા માટે ઉપાયો યોજવાની

મસલત કરી રહ્યા હતા.

અમોને તે સ્થળે જોતાંજ સુલતાન ક્રોધકંપિત સ્વરે કહેવા લાગ્યો:–"તમે કોણ છો? વગર રજાએ અહિં કેમ આવ્યા?"

સુલતાન આ રીતે અમોને દમ મારવા લાગ્યો; પરંતુ વજીર બધી બાજી સમજી ગયો હતો એટલે તેના પગ થરથર ધ્રુજવા લાગ્યા અને બે હાથ જોડી અવનત મસ્તકે કહેવા લાગ્યો:—"હે અમર વિજયી બહાદુરો! અમારા પ્રાણની રક્ષા કરો."

ખોજા સરદાર આમાત્ય મિયાનમાંથી તલવાર બહાર કહાડી દૂર ફેંકી દઇ બોલ્યો–"અમો તમારા ગુલામ છીએ–અમારો પ્રાણવધ કરતા નહિ. અમારા પર દયા કરો–અમારૂં સર્વસ્વ લઇ લ્યો, પરંતુ અમારા જીવનની ભિક્ષા આપો."

હાજી અણુ સલામે ક્રોધ કંપિતસ્વરે કહ્યું.–"બિલકુલ નહિ. તમારો બધાનો એક સામાન્ય પશુની માફક વધ કરવામાં આવશે અને તમારા મહેલ તથા ખજાનાને લુંટી તોડી ફોડી નાખવામાં આવશે. સૈનિકો, આ નામર્દ સુલતાનને પકડી તેનું માથું ધડથી જુદું કરી નાખો."

કેટલાટ લુંટારાઓ દસ્યુપતિની આજ્ઞાને માન આપી સુલતાન પાસે ઉપસ્થિત થયા. એક જણે તલવાર ખેંચી તેના પર વાર કરવા ઉગામી; પરંતુ સુલતાને પોતાની તલવારના એકજ ઝટકાથી તેનું માથું ધડથી, જુદું કરી નાખ્યું એટલે ચાર પાંચ લુટારાઓએ એકઠા મળી સુલતાનને પકડી જમીનપર પછાડયો અને એક સાથે પાંચ–સાત તલવારો તેની સામે ઉગામવામાં આવી. તે જોઇ સુલતાન બોલ્યો:–"વિજયી વીર પુરૂષો! મારા અપરાધની ક્ષમા કરો. મને પ્રાણદાનની ભિક્ષા આપો. અપરાધ તરફ દયા દર્શાવવી એ વીર પુરૂષોનો ધર્મ છે–અલ્લા તમારૂં ભલું કરશે."

પરંતુ પાષાણ હૃદયી દસ્યુપતિ હાજી અણુસલામના કર્ણમાં તે વિનય વાક્યોએ સ્થાન મેળવ્યું નહિ. તેણે પોતે સુલતાનના બંને હાથો પકડી તેને પોતાની સામે ઘુંટણીએ વાળ્યો. બે ત્રણ

લૂટારાઓએ સુલતાનને પકડી રાખ્યો અને નરપિશાચ લાવાકાને પછવાડેથી આવી તેની ગરદન તલવારના એકજ ઘાથી ધડથી જુદી કરી દીધી. સંગે મરમરના સુશોભિત શુભકક્ષમાં લોહીની સેરો વહેવા લાગી. સુલતાનના શરીર ઉપર જે બહુમૂલ્ય હીરાઓ અને રત્નાદિ અલંકારો હતા, તે બધા લુબ્ધ દસ્યુઓએ તેના મૃતદેહ ઉપરથી કહાડી પગથી લાત મારી તેને એક ખૂણામાં ફેંકી દીધો. પછી તેઓ મહેલના જુદા જુદા ખંડોમાં લૂટ કરવા લાગ્યા.

આ ઘટના બની ગયા પછી અતિ અલ્પ ક્ષણમાંજ દુરાચારી લાવાકાને શસ્ત્રાઘાતથી વજીર તથા ખોજા સરદારને યમલોકમાં પહોંચાડી દીધા. તેઓનાં મૃત્યુ વખતે હું ત્યાંજ ઉભો હતો. મને જોતાંજ લાવાકાન હસ્યો. તે હાસ્યમાંથી અવજ્ઞા અને પ્રતિહિંસાનો ભાવ પ્રકાશિત થતો હતો તે જોઇ હું સહજ વિસ્મિત બન્યો. મેં વિચાર્યું કે તેના હાસ્યનો અર્થ એટલોજ થઇ શકે કે, "એક દિવસ આવીજ રીતે તારો શિરચ્છેદ કરતાં વાર લાગશે નહિ."



પ્રકરણ ૧૦ મું.

—:◉:—

આવી રીતે શોચનિય હત્યાકાંડ પૂરો થયા પછી હાજી અબુસલામે સુલતાન અબદુલ કરીમની રાજસભામાં બેસી દરબાર ભર્યો. આજે જુબેદાએ તેની નજીકમાંજ આસન લીધું હતું. ભાવાકાન–દસ્યુરાજ્યનો વજીર પોતાના શોણિતરંજીત હાથો ધોયા વિનાજ દસ્યુપતિની એક બાજુ ઉભો હતો. હાજી અબુસલામના સૈનિકો લુટફાટનું કાર્ય પૂર્ણ કરી દરબારમાં આવી પહોંચ્યા એટલે દસ્યુપતિએ તેઓને સંબોધી વ્યાખ્યાન આપવા માંડ્યું. આ વ્યાખ્યાનમાં પહેલાં તો તેણે પોતાનાજ ગુણોની પ્રશંસા કરી. પોતાને મ્હોડેજ પોતાની બડાઈ હાંકતા સુલતાનને જોઈ સૈનિકો અધીર બની ગયા. તેઓ એક સાથે બોલી ઉઠયાઃ–"હાજી સાહેબ, અમે તમારી બડાઈની વાતો સાંભળવા માગતા નથી. જો કાંઈ કહેવા જેવું હોય તો આ મરૂભૂમિની સમ્રાજ્ઞીને બોલવા દો, કે જેની દૈવી શક્તિના પ્રતાપે અમે જય પામ્યા છીએ."

હાજી અબુસલામ સહજ વિરક્તિ દર્શાવી બોલ્યોઃ– "જુબેદા બિબિ! તમેજ સૈનિકોને ઉપદેશ આપવો હોય તે આપો, પરંતુ મારા વિરૂધ્ધમાં એક પણ શબ્દોચ્ચાર નહિ કરવાની ખબરદારી રાખજો."

જુબેદા સહજ મૃદુહાસ્ય કરી સૈનિકોને ઉદ્દેશી કહેવા લાગીઃ "બંધુઓ! વીર પુરૂષો! શેખજીએ તમોને અહિં લાઈ આવી તમારા ગૌરવને વધારી દીધું છે. તેમના અનુગ્રહથીજ તમે આવી રીતે અસંખ્ય નરહત્યાઓ કરી વિમલ આનન્દ પ્રાપ્ત કરવાને શક્તિવાન થયા છો. તેઓ તમારા ધન્યવાદને લાયક છે. તમો તેમની વાત કેમ સાંભળતા નથી?"

સૈનિકો એક અવાજે બોલી ઉઠયાઃ–"માત્ર તમે એકજ અમારાં પરિચાલિકા છો. તમારા અનુગ્રહથીજ અમારો વિજય થયો છે. તમે જે કહેશો તે અમે શિરસાવંદ્ય માનીશું."

જુબેદા માથું ઉંચું કરી કહેવા લાગીઃ–"ભાઈઓ! મેં તમને પહેલાં કહ્યું હતું કે, આગાદેજ નગરી તમારા હસ્તમાં આવશે.

મારી તે ભવિષ્યવાણી ખરી પડી છે. તમોને જય પ્રાપ્ત થયો છે. આવી રીતે અનેકવાર મેં તમને યુધ્ધમાં સહાયતા કરી છે, આ વખતે પણ કરી, પરંતુ યાદ રાખજો કે આ છેલ્લી વખતનીજ છે !"

જુબેદાનો આવો ખુલાસો સાંભળી સૈનિકો પરસ્પર ગણુગણાટ કરી અસંતોષ દર્શાવવા લાગ્યા; પરંતુ કોઇ પ્રશ્ન વિચારવાને સાહસ કરી શક્યું નહિ. કેટલાક વખત બાદ એક સાહસિક યુવકે પુછ્યું:—"આપ આજે આમ કેમ બોલો છો ?"

જુબેદા:—"કારણ કે આહિર રાજધાનીને મેળવી તમે લુંટી લીધી છે. તમે અનેક ધનરત્નના અધિકારી થયા છો. હવે મારી સહાયતાની તમને જરૂર નથી."

હાજી અબુપલાય એકાએક બોલી ઉઠયો:—"પરંતુ અમારે તારી દરકાર છે અમારી લાંબી વખતની ઇચ્છા પાર પડી છે. હવે તો મારી મુખ્ય બેગમ તરીકે તું અમારા જનાનખાનામાં રહે તેટલીજ ન્યૂનતા છે."

આ વાત સૈનિકોને સારી લાગી નહિ. બધા ક્ષણુ કાળ સુધી ચુપચુપ બેસી રહ્યા. પછી જુબેદા સૈનિકોને સંબોધી કહેવા લાગી:—"ભાઇઓ ! તમો મને સૂર્યનન્દિની કહીને બોલાવો છો ! હું તમારી બહેન છું. તમારૂં શુભ કરવા માટે—ઉન્નતિ માટે મેં વારંવાર મારા જીવનને વિપત્તિમાં નાખ્યું છે. તે માટે તમો મારી સાથે કૃતજ્ઞતાથી વર્તવા માગો છો કે નહિ ?"

બધા એક સાથે બોલી ઉઠયા:—"હા, અમો તમારા આભારી છીએ—તમારા ઉપકારો ભૂલી જઇએ તેવા નથી. અમો તમારા ગુલામ છીએ."

જુબેદા:—"ત્યારે સાંભળો. આજે સુવિસ્તીર્ણ મરૂભુમિમાં મેં તમોને સર્વ કરતાં વધારે ધનવાન અને બળવાન બનાવ્યા છે. આહિર સુલતાનનું ગર્વોન્નત શિર તમારા પગ તળે ચગદાઇ ગયું છે. આસકિયાની વિશ્વવિખ્યાત અર્થરાશિ જેટલી સંપત્તિ તમે મેળવી ચૂકયા છો. હવે તમોને વધારે શું જોઇએ છે ? હવે તમે તમારા સરદારને વફાદાર રહી મોજ કરો અને આટલા દિવસ

તમારી પાસે જે પ્રતિજ્ઞાથી હું બાબ્ધ હતી તેમાંથી મને મુક્તિ-દાન આપો."

હાજી અબુસલામ ક્રોધથી લાલચોળ બની ગર્જના કરતો બોલી ઉઠ્યોઃ—"સુંદરી! તું બહુ અભિમાની છે. રાજાના આદેશનો તું આવી રીતે તિરસ્કાર કરી તેના પ્રત્યે અવજ્ઞા પ્રદર્શિત કરે છે? તું શા માટે મારી સાથે વિવાહ કરવાને તૈયાર નથી એ હું બરાબર સમજું છું. તું પેલા કાફરને ચાહે છે કેમ?"

વચ્ચેજ બાવાકાન બોલ્યોઃ—"હજૂર! તે કાફરનો વધ કરીએ એટલે કબ્જાબ્ધ મહિલી હઠી આપોઆપ નીકળી જશે."

જુબેદાઃ—"જે કાફરે તમારાપર આટલા ઉપકાર કર્યા, જેણે આગાહેજના મહેલના બધા ભેદભરમ તમને બતાવી તમારી જીતમાં મદદ કરી, તમોએ જેનો બંધુ ભાવે સ્વીકાર કર્યો તેનેજ તમારી સ્વાર્થસિધ્ધિ માટે મારી નાખવા માગો છો? ભાઇઓ! થોડા વખત પહેલાંજ તમે પ્રતિજ્ઞા કરી છે કે, મારી આજ્ઞાનું તમે પાલન કરશો, પરંતુ તમારી ઇચ્છા વિરૂધ્ધ આજે બાવાકાન કાર્ય કરવાને તત્પર થઇ ગયો છે. તો પરિણામે આત્મહત્યા સિવાય મને બીજો કોઇ ઉપાય નથી. તમારા દળ વિરૂધ્ધમાં કોઇ પણ પ્રકારની દગા-બાજી કરી હોય તો મને સજા આપો, પરંતુ આ લગ્ન માટે સંમતિ આપી મારા જીવનને વિડંબનાપૂર્ણ કરશો નહિ. તમે મારા તરફ આટલી દયા દર્શાવો. દયા સિવાય બીજો ઉચ્ચતર ધર્મ જગત્માં બીજો કોઇ નથી. મારી આટલી પ્રાર્થના સ્વીકારો નહિ તો આત્મહત્યા કરી હું મારો પ્રાણ મારા દેહમાંથી કહાડી નાખીશ."

હાજી અબુસલામ ક્ષણકાળ સુધી ચિંતા કર્યા બાદ બોલ્યોઃ—"સૈનિકો, હાલમાં હું આ સુંદરી સાથે વિવાહ કરીશ નહિ, પરંતુ આજથી એક મહિના બાદ હું જુબેદા સાથે લગ્ન કરી તેને મારી બેગમ બનાવીશ."

બધા સૈનિકો એક અવાજે બોલી ઉઠ્યાઃ—"તેમજ થવા દો—તેમજ થવા દો."

તેઓનો ઉપરોક્ત શબ્દોચ્ચાર સાંભળી જુબેદા મૂર્છિત

થઇ જમીન પર ઢળી પડી.

તરતજ તેની દાસીઓ ત્યાં દોડી આવી અને મ્હોડા પર ગુલાબજળ છાંટી તેની મૂર્છા વાળવાનો પ્રયત્ન કરવા લાગી. મૂર્છા વળી નહિ. એટલે મૂર્છિત દશામાંજ તેને સુલતાનના એક દિવાનખાનામાં લઇ જવામાં આવી. બરાબર બપોરના વખતેજ સભા બરખાસ્ત થઇ. હું એકલો ખોજાઓના નિવાસસ્થાનમાં વિચરણ કરવા લાગ્યો. મારી ગુલામગીરી વખતે હું અહિં રહ્યો હતો એટલે પૂર્વસ્મૃતિ જાગૃત થઇ. આમ વિચાર કરતો હું આંટા ફેરા મારી રહ્યો હતો એટલામાં મારી સામેથી કેટલીક રમણીઓને બુરખા પહેરીને ચાલી જતી મેં જોઇ. તેઓમાંની એકે બુરખો ઉંચો કરી મારી સામે જોયું. તે હલિમા હતી. ક્યા રસ્તે જવાથી જુબેદાની મુલાકાત થશે એમ તેણે મને સંકેતમાંજ સમજાવી દીધું.

ત્યાર પછી પુનઃ મુખ ઉપર બુરખો નાખી હલિમા રમણીઓની સાથે ચાલી નીકળી. લગભગ અર્ધો કલાક તપાસ કર્યાં બાદ જુબેદાના ઓરડા પાસે આવી પહોંચ્યો. દ્વાર ઉપાડી મેં તે ઉત્તમ રીતે શણગારેલા ઓરડામાં પ્રવેશ કર્યો. ગુલાબ અને કસ્તુરીની સુગંધથી ઓરડો બહેક મારી રહ્યો હતો.

જુબેદા તે વખતે પુરૂષ વેષની અંદરજ એક સુકોમળ શય્યા ઉપર પડી હતી. મને જોતાંજ તે ધીમે ધીમે ઉઠી બેઠી થઇ. તેનું મ્હોંડું ફિક્કું પડી ગયું હતું. આંખોનું નૂર ઉડી ગયું હતું. તેનું સર્વાંગ થરથર કંપતું હતું. હું ગુપચુપ નજીકમાં જઇને બેઠો. પ્રેમના આવેગમાં અમો ઉભય એકબીજાને બાઝી પડયાં. કોઇના મ્હોંડામાંથી એક શબ્દ પણ બહાર નીકળી શક્યો નહિ.

કેટલાક વખતે મનનું દુઃખ કિંચિત્ ઓછું થયા બાદ ઉદ્વિગ્ન કંઠે હું બોલ્યોઃ—"જુબેદા! છુટકારાનો બીજો કોઇ ઉપાય નથી? હું શું કરૂં? મારૂં કર્તવ્ય શું તેની મને ખબર પડતી નથી."

"માત્ર એકજ ઉપાય છે. વિના વિલંબે તે ઉપાયનું અવલંબન કરવું જોઇએ."

"ક્યો ઉપાય, જલદી કહો."

પોતાના વસ્ત્રમાં છુપાવેલો અર્ધચન્દ્ર તથા પત્ર મને આપતાં ઝુબેદા બોલી:–"આ પત્ર તથા અર્ધચન્દ્ર લઇ તમે મહમદ બિન ઇબ્રાહીમને મળો. આ બન્ને ચીજો તેમને આપી ગુપ્ત રહસ્યનો મન્તો મેળવો. જો તેમ બને–તમે ગુપ્ત રહસ્યનો ભેદ જાણી શકો–તોજ તમે મારી રક્ષા કરી શકશો. નહિ તો આપણા બન્નેમાંથી એકનો પણ પ્રાણ બચી શકશે નહિ."

"વારૂ, હવે પછી આપણી ઉભયની મુલાકાત ક્યારે અને ક્યાં થશે ?"

"તે હું નિશ્ચિત રીતે કહી શકતી નથી. જ્યાં સુધી કાર્યમાં ફત્તેહ ન મળે ત્યાં સુધી મુલાકાતની આશા રાખવી વૃથા છે."

"માત્ર મારા મનમાં એકજ ચિંતા રહે છે: મને આવતાં વિલંબ થાય એટલા વખતમાં પેલો નરપિશાચ તમારી સાથે બળજબરીથી લગ્ન કરશે તો ?"

"ના–ના, તેમ બની શકશે નહિ. તે જબરદસ્તી કરશે તો હું આત્મહત્યા કરીશ."

"પરંતુ આવા વિપત્તિના વખતે તમને છોડી હું કેવી રીતે ચાલ્યો જાઉં ?"

"હા, તમારે જવુંજ પડશે. આજ રાતના તમે ઇબ્રાહીમ સાહેબની મુલાકાત નહિ લ્યો, તો આવો સુયોગ ફરી ક્યારેય મળનાર નથી. તેઓ તમને જે કાંઇ કહે તે ગમે તેવું કષ્ટકર હોય તોપણ હિંમત હારતા નહિ. જો તમે કોઇ પણ પ્રકારે એ ગુપ્ત રહસ્યનો ભેદ જાણવાને શક્તિમાન થાવ, તોજ મારા પ્રાણ તથા ઇજ્જતનું રક્ષણ કરી શકશો. ખુદા મહા દયાળુ છે. દુઃખમાં તેજ આપણું આશ્રય સ્થાન છે. તેઓજ આપણી રક્ષા કરશે."

"ખુદા દયાળુ છે એ હું જાણું છું, પણ બદમાશ છળકપટથી તમને વિવાહ કરવાની ફરજ પાડશે તો ?"

"તેની ચિંતા નહિ. કહેવામાં આવે છે કે, બળ કરતાં કળથી કામ સારૂં થાય છે. હાજી અબુલકાસમના બાહુમાં શત્રુઓને પરાસ્ત કરવાનું અસીમ બળ છે, પરંતુ રમણીનું ચાતુર્ય અને બુદ્ધિબળને મહાત કરવાની તેનામાં શક્તિ નથી. માટે તમે મારે વિષે ચિંતા

નહિ કરતાં, જે કાર્ય ઉપાડ્યું છે તે પૂર્ણ કરવાનો પ્રયત્ન કરો."

જુબેદાની આજ્ઞા થતાં હું તે ઓરડામાંથી બહાર નીકળવા લાગ્યો. બારણા પાસે આવી હું સ્થંભી ગયો. પુનઃ પાછા ફરી મેં જુબેદાને પૂછ્યું:—"સૌથી સહેલો ઉપાય જે છે, તેનો તમે કેમ ઉપયોગ કરતાં નથી? એક સામાન્ય પ્રયત્નથીજ તમે હાજી અબુસલામની આંખમાં ધૂળ નાખી મારી સાથે પલાયન કરી શકો એમ છો. કોઈ પણ સાહસે એકવાર મરૂભૂમિ પાર કરી જઈએ તો પછી તે જખ મારે છે."

"નહિ. તમારી સલાહ મુજબ કાર્ય કરવાથી મને લાભ થાય એમ છે એ હું જાણું છું; પરંતુ તમોને જે કાર્ય સોંપ્યું છે, તે પૂર્ણ થયા સિવાય નાસી જવું યોગ્ય નથી. આ વિષે વધારે વાદવિવાદ કરવાની આવશ્યકતા નથી, તેમ સમય પણ નથી. માટેજ હું તમને હમણાં ને હમણાં કામે લાગી જવાનું કહું છું."

હું આખરી મુલાકાત કરતાં ગદ્ગદ્ કંઠે બોલ્યો:—"વિદાય પ્રિયતમે—આખરી વિદાય! જે સર્વશક્તિમાન સર્વદર્શી ખુદા દુર્બળોનું સબળના હાથમાંથી રક્ષણ કરે છે, તે તમારૂં ભલું કરશે. મારામાં તમે સંપૂર્ણ વિશ્વાસ રાખજો. ખુદા પાસે હું એટલીજ પ્રાર્થના કરૂં છું, કે લીધેલા કામમાં યશ મળે અને હું તેહની ખુશાલીથી મારી દિલરૂબાના દિલને બાગબાગ બનાવી મૂકવા ભાગ્યશાળી થાઉં."

એટલું કહી ધીમે ધીમે તે ઓરડો છોડી હું બહાર આવી નીકળ્યો.

પ્રકરણ ૧૧ મું.

—:•:—

તે દિવસે સમરવિજયી દસ્યુસૈનિકોના આનંદ અને ઉચ્છૃંખલતાનો પાર રહ્યો નહિ. કેટલાક લૂંટમાં મેળવેલા માલના હિસ્સાઓ પાડવામાં મશગુલ થઇ ગયા હતા. ચારે બાજુએ અંધાધુંધી જેવું જણાતું હતું. વિજયોન્માદમાં કોઇ કોઇને પુછતું હોય એમ જણાતું ન હોતું. આવી સ્થિતિનો લાભ લઇ હું સુલતાનના મહેલમાંથી બહાર પડયો.

રાજ્યપથ પર આવતાંજ દરેક પગલે યુધ્ધમાં ઘાયલ થયેલાઓના મૃતદેહ મારા પગે અથડાતા હતા કેટલાકના પ્રાણ તેઓના દેહમાંથી ચાલ્યા ગયા હતા. જ્યારે કેટલાક દુઃખથી ભયંકર આર્તનાદ કરી અભિશાપ વર્ષાવતા હતા.

લગભગ અર્ધો કલાક ચાલ્યા બાદ હું મારાં ઇચ્છિત સ્થળે આવી પહોંચ્યો. જુબેદાએ આપેલી નીશાની મુજબની મસ્જિદ પાસેના એક ગૃહ પાસે હું આવીને ઉભો રહ્યો. આસપાસ નિરીક્ષણ કરીને જોયું તો આ રસ્તેથી કોઇનો અવર જવર ન હોતો. મેં તે ગૃહમાં પ્રવેશ કર્યો. અંધકારપૂર્ણ જનહીન સ્મશાનમાં આવી પહોંચ્યો હોઉં એવો મને ભાસ થયો. થોડે દૂર એક ખૂણામાં મીણબત્તી બળતી હોય એવું મને દેખાયું. હું ત્યાં જઇ પહોંચ્યો.

બત્તી પાસે એક માણસ બેસી અરબ્બી ભાષામાં લખેલી એક ચોપડી વાંચતો હતો. મેં તેની પાસે જઇ અરબ્બી ભાષામાં કહ્યું:–"ખુદા આપનું ભલું કરો."

વાંચનમાં લીન બનેલા માણસે માથું ઉંચું કર્યું અને મારા તરફ જોઇ ગંભીર સ્વરે કહ્યું:–"તમે શા માટે અહિં આવ્યા છો?"

મેં કહ્યું:–"હું આ ગૃહમાં રહેતા ઇમામ હાજીમહમદ બિન ઇસાક સાહેબને મળવા ઇચ્છું છું. આપ મહેરબાની કરી તેમની સાથે મુલાકાત કરાવી આપશો?"

તે માણસે બત્તી ઉઠાવી અને મારા ચહેરા તરફ આશંકાની

દૃષ્ટિથી જોઇ કહ્યું:-"તમે ક્યાંથી આવો છો? કોની પાસેથી આવો છો?"

તરતજ મેં જુબેદાનો પત્ર તેને બતાવ્યો.

પત્રપરનું સરનામું વાંચી રહ્યા બાદ તેણે કહ્યું:-"તમે થોડો વખત અહિં થોભો. હાજીસાહેબને હું પત્ર પહોંચાડી જવાબ લઇ આવું છું."

મેં કહ્યું:-"આ પત્ર ઇમામ સાહેબની પાસે મારેજ લઇ જવો જોઇએ. દયા કરી આપ મનેજ તેમની પાસે લઇ જશો તો ઇમામ સાહેબના એક વિપન્ન મિત્રના પ્રાણની રક્ષા થશે."

તે માણસ થોડો વખત વિચારમાં પડી ગયો પછી મને તે જગ્યાએ થોભવાનું કહી એક લાકડાનું બારણું ઉઘાડી તેમાં અદૃશ્ય થઇ ગયો. લગભગ દશ મીનીટ બાદ તે માણસ બહાર આવ્યો અને મને તેની પછવાડે આવવાનું કહ્યું.

સર્વત્ર અંધકાર છવાઇ રહ્યો હતો એટલે તેણે મારો હાથ પકડયો. કેટલાક ઓરડાઓ વટાવ્યા બાદ અમે એક ભોંયરામાં આવી પહોંચ્યા. ભોંયરાની સીડીઓ ઉતર્યાં બાદ મારા સંગીએ એક બારણાનો પરદો ખસેડી નાખ્યો. આ ઓરડામાં એક નાનો પીતળનો દીવો બળતો હતો.

તે ઓરડાના બારણામાં ઉભા રહી તે કોઇને ઉદ્દેશીને કહેવા લાગ્યો:-"અપરિચિત માણસ આપની પાસે આવી પહોંચ્યો છે." એમ કહી તરતજ તે ત્યાંથી અદૃશ્ય થઇ ગયો.

હું અત્યંત અપ્રસન્ન ચિત્તે અને ભયભીત દૃષ્ટિએ અહિં-તહિં જોવા લાગ્યો. એટલામાં તે ઓરડાના એક ખૂણામાં આવેલી વેદી પર બેઠેલા એક વૃધ્ધે ઘણાજ ક્ષીણ અને કંપિત સ્વરે મને પૂછ્યું:-"તમે કોણ છો? શા માટે અહિં આવ્યા છો?"

મેં તીક્ષ્ણ દૃષ્ટિએ તેની તરફ જોયું. તે વૃધ્ધ પુરૂષના ચેહરા તરફ જોતાં તેના પર પવિત્રતા અને પરમેશ્વર પ્રત્યેનો એક-નિષ્ઠભાવ દેખાઇ આવતો હતો.

હું મંદગતિએ તે વૃધ્ધની પાસે ગયો અને બોલ્યો:-"હે પરોપકારી ધર્માત્મા! હું જાણું છું કે, સર્પનન્દિની જુબેદાના

નામથી આપ પરિચિત છો. તેમના તરફથી એક પત્ર લઇને હું આવ્યો છું."

વૃધ્ધે તીક્ષ્ણ દષ્ટિથી એકવાર મારા તરફ જોયું. ત્યાર પછી વિસ્મિત બની કહ્યું-:" શું જુએદાનો પત્ર? આટલા લાંબા વખતે!" એટલું કહી તેમણે પોતાનો કંપિતજ જમણો હાથ મારી સામે લાંબો કર્યો.

પત્રને એક લિફાફામાં મૂકવામાં આવ્યો હતો. લિફાફો ફોડી દીપક પાસે અત્યંત ધ્યાનપુર્વક તેમણે પત્ર વાંચવા માંડ્યો.

પત્ર વંચાઇ રહ્યા બાદ વૃધ્ધ ધીમે ધીમે ચાલીને બાજુના ઓરડામાં ગયા અને ત્યાંથી એક બીજો પત્ર લઇ આવી બંન્નેના અક્ષર મેળવી જોયા. મેં દૂરથી જોયું તો બંને પત્રોના અક્ષર એક સરખા હતા. હું જે પત્ર લાવ્યો હતો તે જુએદાના હાથે લખાયેલો છે કે, બનાવટી પત્ર છે, તે જાણવા માટેજ વૃધ્ધે આમ કર્યું હશે કે કેમ તે હું કહી શકતો નથી; પરંતુ મુકાબલાનું કાર્ય સમાપ્ત થતાંજ વૃધ્ધે માથું ઉંચું કરી મારા તરફ જોઇ કહ્યું:-"શું તમેજ તે વિદેશી છો કે જેના તરફ સુન્દરી શ્રેષ્ઠા જુએદાએ પોતાની મહેરબાનીની નજર વાળી છે?"

"હા, પિતા; આપનું અનુમાન યથાર્થ છે. આપને મળવા માટે લાંબા વખતથી હું મરૂભુમિમાં રખડયા કરૂં છું. ઘણાં કષ્ટો વેઠયાં છે; પરંતુ આટલા દેવસે મારો શ્રમ સફળ થયો. આપ જે ગુપ્ત રહસ્યથી પરિચિત છો—કે જેને આપના સિવાય પૃથ્વી પરનું બીજું કોઇ માણસ જાણતું નથી—તે રહસ્યનો ભેદ જાણવા હું આવ્યો છું. તેની ખાત્રી માટે જુએદાએ મારી સાથે લોહ અર્ધચન્દ્ર પણ મોકલાવ્યો છે." એટલું કહી મારા કપડામાં સંતાડેલો અર્ધચન્દ્ર બહાર કહાડી મેં વૃધ્ધના હાથમાં મૂક્યો.

ઘણાજ આતુર નયને અર્ધચન્દ્ર જોઇ વૃધ્ધે કહ્યું:-"વત્સ! તારાં સાહસોથી હું વાકેફ છું. તારા જીવનમાં જે જે વિઘ્નો ઉપસ્થિત થયાં હતાં તે બધ થી હું માહિતગાર છું. થોડા વખત પહેલાંજ તું ગુલામ તરીકે અહિંના રાજમહેલમાં દીવસ વીતાડતો હતો, ત્યારેજ મને તું અહિં આવ્યો છે, એવી ખબર પડી ગઇ

હતી. તને સહાય કરવા માટે મેં સંકલ્પ કર્યો હતો; પરંતુ મારો સંકલ્પ સિદ્ધ થયો નહિ. ગમે તેમ આટલી વિપત્તિમાંથી પણ તું રક્ષણ મેળવી શકયો છે, તે અલ્લાની મહેરબાની સિવાય બને નહિ."

"હા, પિતા અલ્લાની કૃપાથીજ હું જીવતો રહ્યો છું. હવે આપ મારી પાસે પેલા રહસ્યભેદનો ઉકેલ કરો કે જેથી હું જુબેદા જેવી નિરાશ્રયા સુન્દરીને વિપત્તિની જાળમાંથી મુકત કરૂં."

વૃદ્ધે દાઢી હલાવતાં કહ્યું:–"શું જુબેદા પર વિપત્તિ છે?"

"હા." એટલું કહી દસ્યુદળમાં જુબેદા પોતાનું જીવન કેવી રીતે વીતાડે છે તથા દસ્યુપતિ તેની સાથે લગ્ન કરવાને કયાં કારણ સર તૈયાર થયો છે, એ બધું મેં વૃદ્ધને ટૂંકમાં સમજાવી દીધું.

મારી વાત સાંભળી વૃદ્ધનું સર્વ શરીર ક્રોધથી કંપવા લાગ્યું. ચંચળ ચિત્તે તેમણે ઓરડામાં ચાલવા માંડયું. મેં તેમના તરફથી વધુ સહાનુભૂતિ મેળવવા કહ્યું:–"જુબેદાએ મારા પ્રાણની બે વખત રક્ષા કરી છે! દસ્યુપતિ હાજી અબુસલામે બે વખત મારો પ્રાણુ વધ કરવાનો હુકમ આપ્યો હતો. આ વખતે જુબેદાની સહાયતા ન હોત તો ક્યારનોય હું ખુદાના દરબારમાં પહોંચી ગયો હોત"

વૃદ્ધે ચાલતાં ચાલતાં એકાએક ઉભા રહી કહ્યું:–"અલ્લા દયાળુ વ્યકિત તરફ હંમેશાં દયા કરે છે. હાજી અબુ શયતાન પુત્ર છે. તેના જેવા નિમકહરામનું કોઇ દિવસ સારૂં થવાનું નથી. જુબેદાનું જીવન જુઇના ફુલ જેવું પવિત્ર છે. હાજી અબુસલામ તેની સાથે વિવાહ કરી આ વિશાળ મરૂભૂમિ ઉપર રાજ્ય ભોગવવા માગે છે, પણ તે કદી બનશે નહિ."

"પરંતુ જો હું ગુપ્ત રહસ્યથી માહિતગાર થાઉં તો તેના પ્રાણુ બચાવવાને સમર્થ બની શકું એમ જુબેદાએ કહ્યું છે."

"ખરી વાત. આ પ્રાચીન અર્ધચન્દ્રમાં એવું તો વિરાટ ગુપ્ત રહસ્ય સમાયેલું છે કે જે મારા સિવાય દુનિયામાં કોઇ જાણતું નથી. તેના વિષે કેટલીયે અદ્ભૂત વાતો જનસમાજમાં પ્રચલિત છે તે બધી વાતોને અરેબીયન નાઈટસની સહસ્રરજની

વિચિત્ર આખ્યાયિકાઓને પણ ભૂલાવી દે તેવી અદ્ભુત અને ઘણીજ વિચિત્ર છે; પરંતુ તેની પ્રકૃત શકિત શી છે, તેને માટે લોકો સંપૂર્ણ અજ્ઞાત છે."

મેં કૌતૂહલ દષ્ટિથી પુછ્યું:—"શું એનામાં એવી શકિત છે કે જેથી જુબેદાના ચિત્તની શાંતિ થાય અને તેનું રક્ષણ થઇ શકે?"

"હા. પણ તેને માટે મોતના ડાચામાં જવા તમે તૈયાર છો? આ નગરનો પરિત્યાગ કરી મરૂભુમિના દૂરના ભાગમાં જઇ ફ્-તેહ મેળવવાનો તમારામાં આત્મવિશ્વાસ છે?"

હું આનન્દ સહિત બોલી ઉઠયો:—"જુબેદા માટે નર્કના દ્વારમાં જવા પણ હું ખુશી છું."

લોહ અર્ધચન્દ્રને પોતાના હાથમાં હલાવતાં ઘણાજ હર્ષ-પુર્વક વૃધ્ધે કહ્યું:—"જે રહસ્ય જાણવા માટે તું આટલો બધો અધીર થઈ ગયો છે, તેમાં ફ્-તેહ મેળવવાની ચાવી આ અર્ધ-ચન્દ્ર છે. જે વ્યકિતના હાથમાં આ અર્ધચન્દ્ર હોય તેનાં જેવી સૌભાગ્યવાન વ્યકિત જગત્‌માં બીજી કોઇ નથી. તેને હંમેશ વિજય મળે છે. તેની ઉન્નતિ એક સરખી થયા કરે છે, પરંતુ કઇ શકિતદ્વારા આ બધું થાય છે તેની કોઇને ખબર નથી. સેંકડો વર્ષ પહેલાં પૃથ્વીની સર્વ શ્રેષ્ઠ સુન્દરી કલીઓપેટ્રા જયારે મિસરમાં રાજય કરતી હતી, તે વખતે એ લોહ અર્ધચંદ્રની શકિતથી લોકો અજાણ નહોતા. તેની શકિતથીજ તેઓ લડાઇમાં વિજય મેળવતા હતા. હાલમાં તે અર્ધચન્દ્ર જુબેદાના હાથમાં આવ્યો છે. છતાં જુબેદા અત્યંત વિપન્ન ભાવે પોતાનું જીવન વિતાવે છે! તે જેઓને પરિચાલિત કરે છે, તેઓની એક સરખી ઉન્નતિ થયા કરે છે, જયારે પોતે દુ:ખના સાગરમાં સબડયા કરે છે! આનું ખરૂં કારણ રહસ્ય ભેદ જાણ્યા સિવાય તું જાણી શકીશ નહિ. જુબેદા અત્તંત વિપન્ન દશા ભોગવે છે, એ જોઇ મને દિલગીરી છે. છતાં તેના ઉધ્ધાર માટે યથા સાધ્ય પ્રયત્ન કર્યાં વિના હું રહીશ નહિ."

મેં આગ્રહથી કહ્યું:—"તે માટે આપ મને જે આજ્ઞા ફરમા-વશો તેને શિરસાવંદ્ય માની તેનું પાલન કરીશ. ગમે તે ભોગે

જુબેદાનું રક્ષણ તો કરવુંજ જોઇએ."

વૃધ્ધે કહ્યું:–"વત્સ! તારી હિંમત જોઇ હું ખુશ થયો છું. મને આશા છે કે, તારા ઉદ્દેશની સિધ્ધિ થશે. અર્થાત્ તારી જુબેદાનો પણ ઉધ્ધાર થઇ જશે."

મેં કહ્યું:–"જ્યાં જવાથી કાર્યસિધ્ધિ થઇ શકતી હોય ત્યાં આવવા હું ખડે પગે તૈયાર છું."

"હા, આપણે તૈયારી કરવી જોઇએ; પરંતુ તે પહેલાં હું ચેતવણી આપું છું કે, મારી સાથે આવવાથી જે અદ્દ્ભુત દૃશ્યો તારા જોવામાં આવે તે માટે ડરીશ નહિ તેમજ મારા પર ગેર વિશ્વાસ પણ લાવીશ નહિ. હું જે કાંઇ કરૂં તેમાં ઉદ્દેશ સિધ્ધિ માટે શ્રધ્ધાપૂર્વક વિશ્વાસજ તને અધિક સહાય કરશે."

એકાએક વૃધ્ધનાં બન્ને ચક્ષુમાંથી અસ્વાભાવિક અલૌકિક પ્રકાશ નીકળ્યો. તેમણે તે અર્ધ અંધકારાવૃત રહસ્યમય ઓરડાની એક દિવાલને હાથ લગાડયો. દિવાલ પર લોઢાનું કડું આવેલું હતું તેને ફેરવતાંજ એક ક્ષુદ્ર દ્વાર ખુલી ગયું. તે અંધકારમય દ્વારપથમાં પ્રવેશ કરતાં મને વૃધ્ધે કહ્યું:–"મારી પછવાડે આવ."

હું હાથ પગ સાંકડા કરી તે દ્વારમાં દાખલ થયો કે તરતજ દ્વાર બંધ થઇ ગયું. વૃધ્ધ એક પીત્તળનો ન્હાનો દીપક લઈ મારી આગળ ચાલતા હતા. રસ્તો ઘણોજ સાંકડો અને પત્થરથી જડી લીધેલો હતો. તે રસ્તે ચાલતાં ચાલતાં નાના પ્રકારનાં કુસુમોની સૌરભ મારા નાસારંધ્રમાં પ્રવેશ કરવા લાગી ધીમે-ધીમે મારા મસ્તકમાં ઉ-તેજન વધવા લાગી.

એકાએક વૃધ્ધે મારી પછવાડે ફરી કહ્યું:—"શું તને ભય લાગે છે?

મેં કહ્યું–"ના."

તરતજ અમે આગળ વધવા માંડયું. અમે કયાં જતા હતા તે હું જાણી શકયો નહિ, પરંતુ એટલું સમજી તો શકાતું હતું કે, તે સુરંગપથનો પાર આવે તેમ નહોતું. વૃધ્ધ ચાલતાં ચાલતાં અસ્પષ્ટ સ્વરે મંત્રોચ્ચાર કર્યે જતા હતા. આખરે

અમે એક સીડી પાસે આવી પહોંચ્યા. સીડીના પગથીયાં એટલાં તો સાંકડાં હતાં કે બે માણસથી સાથે ચડી શકાય નહિ. વૃધ્ધ યુવાન પુરૂષની માફક દૃઢતાપૂર્વક તેના પર મૂકી ચડતા હતા. હું પણ તેમનું અનુસરણ કરવા લાગ્યો; પરંતુ થોડી વારમાં જ મારા બન્ને પગો થાકી ગયા. હું શ્વાસ લેવા માટે જરાવાર થોભ્યો. પછી જલ્દીથી વૃધ્ધના સાથે થઇ ગયો. અનેકક્ષણ સૂધી આમ ચાલ્યા બાદ અમે એક નાના બારણા પાસે આવી પહોંચ્યા. વૃધ્ધે પોતાના હાથે અડગળો ખસેડી બારણાને ઉઘાડ્યું. અમો એક સુવિસ્તીર્ણ પ્રસદની સામે અરેલા વિશાળ ચોગાનમાં આવી પહોંચ્યા. તે સ્થળે મેં જે કાંઇ જોયું તેથી મારા ભય તથા વિસ્મયની સીમા રહી નહિ. ચારે બાજુએ વિદ્યુત્‌ની સહસ્ર-શિખાની માફક અસંખ્ય અગ્નિશિખાઓ વેગપૂર્વક છૂટતી હતી. અગ્નિજ્વાળાઓ ખળભળાટ વહેતી નદીના તરંગોની માફક તરંગાયિત થતી હતી. વૃધ્ધ પુરૂષ ક્ષણ કાળ સૂધી તે તરંગરાશીની સામે ઉભા રહ્યા. પછી વસ્ત્રથી પોતાનું શરીર ઢાંકી દઇ સ્ખલિત સ્વરે મને કહેવા લાગ્યાઃ—"વત્સ! ચાલ ગભરાઇશ નહિ. વિલંબ કરશું તો જે સુવિધા પ્રાપ્ત થઇ છે તે નષ્ટ થઇ જશે—જીવનમાં પુનઃ તે મેળવી શકીશું નહિ."



પ્રકરણ ૧૨ મું.

—:•:—

મને ગભરાયેલો જોતાંજ વૃધ્ધે કહ્યું:—"તારી આસપાસ જે ભયાનક વિપદ જણાય તે માટે ગભરાતો નહિ. હવે આપણે જે જગ્યામાં પ્રવેશ કરીએ તેનો અદ્દ્ભુત દેખાવ જોઇ ભયભીત બનતો નહિ. કારણ કે, ત્યાંથી પાછા ફરતાં મનુષ્ય દેહમાં પરિવર્તન થઇ જાય છે."

મેં ભયભીત બની પૂછયું:—"પરિવર્તન? શું મારૂં પણ પરિવર્તન થઇ જશે?"

"હા. આ સ્થળે પદાર્પણ કરનાર દરેકનું પરિવર્તન થઇ જાય છે; પરંતુ તે પરિવર્તન અદશ્ય હોય છે!"

અમો અગ્નિજ્વાળાઓને ઘણા કષ્ટપૂર્વક સહન કરી આગળ વધવા લાગ્યા. થોડે દૂર ગયા બાદ વૃધ્ધે એક બારણું ઉઘાડયું. અમો બંનેએ તેમાં પ્રવેશ કર્યો. અમો કયાં જઇએ છીએ તેની ચિંતા કરવાનો પણ વખત નહોતો. ભય અને ઉદ્વેગથી મારૂં હૃદય ધડકતું હતું.

મહમદ બિન ઇસાકે તે ઓરડામાં પ્રવેશ કર્યો એટલે હું પણ તેનું અનુસરણ કરવા લાગ્યો. અમારી પછવાડે દ્વાર તરતજ બંધ થઇ ગયું. કેવો ભયાનક અંધકાર! કોઇ કોઇને જોઇ શકતું નહોતું.

બે ચાર પગલાં આગળ વધતાંજ કેટલાક શબ્દો મારા સાંભળવામાં આવ્યા. હું બરાબર ધ્યાનપૂર્વક તે સાંભળવા લાગ્યો. મેં શું સાંભળ્યું? સર્પના ફુંફાડાનો તે ગર્જનધ્વનિ હતો! હું ચમકીને ઉભો રહ્યો. શું સાપના સર પર પગ મૂકી અજ્ઞાત અંધકારમાં રસ્તાની અંદરજ મારે મારા પ્રાણ ગુમાવવા પડશે? એવી શંકા મારા મનમાં ઉદ્દભવી.

પરંતુ ઇમામ સાહેબ તો વગર ભયે અસ્ફુટ સ્વરે મંત્રોચ્ચાર કરતા ચાલ્યા જતા હતા. એટલે મારે પણ તેમની પછવાડે

ધસડાવું પડ્યું. થોડે દૂર જતાંજ અમે એક નવા ઓરડામાં પ્રવેશ કર્યો. ઓરડાના મધ્ય ભાગમાં એક વેદી આવેલી હતી. વેદી ઉપર મંદમંદ પ્રકાશ આપતો દીપક સળગી રહ્યો હતો. તેનાથી અંધકાર દૂર થતો નહોતો. ઇમામ સાહેબે ઘણાજ સંભ્રમ સહિત વેદીની પાસે જઇ દીપક જ્યોત વધારી પ્રજ્વલીત કરી અને તે અપરાધ માટે જાણે કે કોઇની માફી માગતા હોય તેમ બે હાથ જોડી પ્રાર્થના કરી.

મેં ભયભીત દૃષ્ટિથી ચારે બાજુએ જોવા માંડ્યું. કેટલાક વખત પહેલાં અલજીરીયામાં જુબેદા મને જે ભુગર્ભસ્થ ઓરડામાં લઇ ગઇ હતી તેના જેવોજ આ ઓરડો હતો.

હવે શું બને છે, તે જોવા ઉત્કંઠિત બની હું જોવા લાગ્યો. કાળા ઝેરી સર્પો ફુંફાડા મારતા માળીચા ઉપર ફરતા હતા. કેટલાક કુંડાળું વળી પડયા હતા. જ્યારે કેટલાકનાં સુગોળ તીક્ષ્ણ ચક્ષુઓ મારી સામે તાકી રહ્યાં હતાં.

કેટલાક વખત બાદ મહમદ બિન ઇસાકે મારા તરફ મુખ ફેરવી કહ્યું—"ખુદા પરમજ્ઞાની, સર્વશક્તિમાન અને સર્વદર્શી છે. જેઓ તેમના આદેશનું પાલન કરે છે, તેનું તેઓ રક્ષણ કરે છે, તેના તરફ દયા દર્શાવે છે, એવી તારા મનમાં શ્રધ્ધા છે ને ?"

મેં કહ્યું:–"હા."

"ત્યારે તું જે બોલે છે તે સત્ય છે કે નહિ તે માટે તું તારા અંતરાત્માને એકવાર પૂછી જો. મનુષ્ય હૃદયનું કોઇ પણ રહસ્ય અલ્લાહથી અજાણ્યુ નથી. કપટી મનુષ્યોને તેઓ કઠણ સજા કરે છે." ત્યાર પછી મારા ઉત્તરની રાહ નહિ જોતાં પેલી વેદીની તરફ જોઇ ગંભીર સ્વરે તેમણે મંત્રોચ્ચાર કરવા માંડયા. મંત્રોચ્ચારની સ્વરલહરીઓ મારા કર્ણપથમાં પ્રવેશ કરી તે અંધકારપુર્ણ મંદિરમાં મારા હૃદયની અંદર અજ્ઞાત ભય ઉત્પન્ન કરવા લાગી. તેઓ ઉભા હતા તે સ્થળેજ તેમનું શરીર વાયુના સપાટાથી લતાની માફક હાલવા માંડ્યું. તેમનું સમસ્ત શરીર પસીનાથી તરબોળ થઇ ગયું. ત્યાર પછી ઉન્મત્ત માણસની માફક તેમણે એક સર્પને પોતાના માથા પર મૂક્યો અને તેને પાઘડીની

માફક ગોળ વીંટાળી દીધો. આપ પણ મંત્રોચ્ચારના પ્રતાપે હતવીર્યની માફક નિશ્ચળ ભાવે પડી રહો. પછી વૃધ્ધે મારા તરફ બાહુ પ્રસારિત કર્યા. મેં તીક્ષ્ણ દૃષ્ટિથી તેમના સામું જોયું અને બે ડગલાં પાછળ હઠી ઉભો રહ્યો. તેમના મુખમંડળમાં પરિવર્તન થયેલું જોઇ હું કંપી ઉઠયો. તેઓ ઉન્મત્તની માફક આગળ વધ્યા અને બળપૂર્વક મારા હાથ પકડી લીધા. તે વખતે વૃધ્ધના શરીરમાં આટલું બધું બળ કયાંથી આવ્યું તેની મને ખબર પડી નહિ. તેમણે એટલા તો જોરથી મારા હાથ પકડયા હતા કે, જાણે તેથી મારાં હાડકાં ભાંગી જતાં હોય એમ મને લાગ્યું. ભયથી મારૂં સર્વાંગ કંપતું હતું. મારા શરીરમાંથી પસીનાની ધારાઓ છૂટવા લાગી. વૃધ્ધ બાહ્યજ્ઞાન શૂન્ય બની ગયા હતા. આમ ઉન્મત્તની માફક વર્તી શું તેઓનો મારી હત્યા કરવાનો તો વિચાર નહિ હોય ?

વૃધ્ધના હાથમાંથી મુકિત મેળવવા માટે મેં બળપુર્વક પ્રયત્ન કરી જોયો પણ ફત્તેહ મળી નહિ. કરોળીયાની જાળમાં ક્ષુદ્ર મક્ષિકા પડતાં તેના જેવા હાલ થાય, તેવાજ મારા હાલ આ વખતે થયા હતા.

પરંતુ તેમણે કેટલાક વખત સુધી મારા તરફ નિર્નિમેષ દૃષ્ટિએ જોઈ મંત્રોચ્ચાર કર્યો. ત્યાર પછી મારો ડાબો હાથ છોડી દઇ જમણો હાથ પકડી કહ્યું–"શું તું આ ગંભીર રહસ્યને અંતઃકરણ પૂર્વક જાણવા માગે છે? તારી ખરી ઇચ્છા હશે તો હું તને જે શક્તિનું દાન કરીશ તેની સહાયતાથીજ તું જાણી શકીશ."

હું કાંઇપણ ઉત્તર નહિ આપતાં સ્તબ્ધ બની રહ્યો. મારી વાક્‌શક્તિ હરાઇ ગઇ હતી. ધીમે ધીમે મારૂં બાહ્યજ્ઞાન વિલુપ્ત થવા લાગ્યું. મારા મસ્તિષ્કમાં અદ્‌ભુત રીતે ઘેન ભરાવા માંડયું. પ્રબળ યત્નો કરવા છતાં હું આત્મસંવરણ કરી શકયો નહિ. મારા હસ્તપાદાદિ નિર્બળ બની જવા લાગ્યા. જે કાંઇ બનતું હતું તે હું સ્વપ્નવત્ માણસની માફક સમજી શકતો હતો. કોઇ પણ કાર્ય કરવાને માટે હું અશકત હતો. વૃધ્ધે પુનઃ ગંભીર સ્વરે કહેવા માંડયું:–"જે રમણીને તું ચાહે છે–વિપત્તિમાંથી તેનો ઉધ્ધાર

કરવા માટે મનુષ્યથી બની શકતા પ્રયત્નો તું કરે છે એટલે તારી મહેનત સફળ થયા વિના રહેશે નહિ. માટે તારી દષ્ટિએ જે દેખાવો પડે તે ધ્યાનપૂર્વક જો અને જે કાંઇ સંભળાય તે બરાબર સાંભળતો જજે."

એટલું કહી તેમણે મારો હાથ છોડી દીધો. ત્યારપછી વેદી ઉપરથી એક પ્રકારનું સુફેદ ચૂર્ણ ચપટીમાં લઇ તેમણે પ્રદીપ ઉપર ફેંક્યું. જોત જોતામાં તે ઓરડો ઉજ્વળ પ્રકાશથી પ્રકાશિત થઇ ગયો—ત્યાર પછી શ્વાસ ન લઇ શકાય તેવી દુર્ગંધ અને ધુમાડાથી આખો ઓરડો ભરાઇ ગયો તેમણે ત્રણ વખત એ પ્રમાણે અનુષ્ઠાન કરી લોહ અર્ધચન્દ્ર બહાર કહાડયો અને વેદી ઉપર મૂકી તેને પ્રણામ કરી નીચું માથું રાખી અસ્ફુટ સ્વરે મંત્રોચ્ચાર કરવા માંડયો.

હું અવાક્ બની આ બધી વિચિત્ર અનુષ્ઠાન ક્રિયાઓ જોવા લાગ્યો. મંત્રોચ્ચારનું કાર્ય ખલાસ થતાં વૃધ્ધે એક પ્રસ્તર નિર્મિત શબના જેવા આકારવાળા પદાર્થ પાસે મને બોલાવ્યો. હું તેની પાસે ગયો એટલે વૃધ્ધે તેના પરનું આવરણ ખેંચી લીધું. આવરણ ખુલ્લું થતાંજ નીચા વળી મેં તેના તરફ જોયું. એક મૃતદેહ ચત્તોપાટ પડયો હતો. અનેક દિવસો પહેલાં જુબેદાએ જે મૃતદેહને મંત્રબળથી સજીવન કરી લોહ અર્ધચન્દ્ર પ્રાપ્ત કર્યો હતો, તેજ મૃતદેહ આ હતો એવી મારા મનને ખાત્રી થઇ.

જુબેદાએ તે મૃતદેહ પર જેવી રીતે છૂરીનો આઘાત કર્યો હતો, તેજ પ્રમાણે ઇમામ સાહેબે પણ કર્યો. ત્યાર પછી મૃતદેહ પાષાણ શય્યા પરથી ઉઠી ધીમે ધીમે વેદીની નજીક આવ્યો એટલે વૃધ્ધે બે કાળા સર્પોને પકડી તેના હાથમાં મૂકયા. પછી બન્ને સર્પને વેદી ઉપર રાખી અર્ધચન્દ્રના આઘાતથી તેમના ટુકડે ટુકડા કરી નાખ્યા.

આ બળીદાન અપાઇ રહ્યા બાદ વૃધ્ધે મૃતદેહના હાથમાં અર્ધચન્દ્ર મૂકયો. મૃતવ્યક્તિએ એક સુવર્ણ નિર્મિત પાત્રમાં તેને મૂકી અગ્નિકુંડ પ્રજ્વલિત કર્યો એટલે વૃધ્ધ ઇમામે તે વેદીની

સન્મુખ ઘુંટણીએ પડી મંત્રોચ્ચાર કરવા માંડ્યો.

ત્યારપછી મને સંબોધી કહેવા માંડ્યું–"હે વિદેશી! તારી પાસે આ રહસ્યનો ભેદ ખુલ્લો થાય તેટલા માટે મારાથી બની શકતા પ્રયત્નો કરૂં છું." એટલું કહી તેઓ વેદી નજીકથી ઉઠયા અને તે ઓરડાની દિવાલના એક ગોખલામાંથી એક સ્વર્ણમય પ્યાલો લઇ આવ્યા. પ્યાલો પાણીથી ભરેલો હતો. વેદીની સામે પત્થરના મેજ પર તેમણે પ્યાલો મૂકી દીધો. ત્યાર પછી વેદી ઉપરથી તેમણે પીળા રંગનું મીણ લઇ પોતાના હાથમાં રાખ્યું અને અજ્ઞાત ભાષામાં મંત્રોચ્ચાર કરવા માંડ્યો. હું તેમાં કાંઇ સમજી શકતો નહોતો; પરંતુ 'કૃષ્ણ વર્ણ' 'વાયુ' 'ઓઓ' એ ત્રણ શબ્દોએ મારૂં ખાસ ધ્યાન ખેંચ્યું હતું.

મંત્રોચ્ચાર ખલાસ થયા બાદ વૃધ્ધે દીપકની જ્યોતપર પેલું મીણ પકડ્યું, મીણ ગળીને પેલા પ્યાલામાં ટપકવા લાગ્યું. મીણ ગળી જતાં તેમણે અત્યંત આગ્રહપૂર્વક પેલા જળપૂર્ણ પ્યાલા તરફ જોયું. હું પણ તેમની સાથે જોવા લાગ્યો. શિતળ જળમાં મીણનાં બિંદુઓ પડી પુનઃ એક થઇ જતાં હતાં. આમ કેટલીક ક્ષણ સુધી જોયા બાદ વૃધ્ધનું મુખમંડળ પ્રફુલ્લિત થયું. તેમણે ઉત્તેજિત સ્વરે મને કહ્યું:–"વત્સ! તારૂં ભલું થશે. આ રહસ્ય તું જાણી શકીશ એમ મને આગાહી થાય છે"

ત્યાર પછી વેદી પરથી તેમણે એક આઇનો લીધો. આઇનો એક ફુટ લાંબો અને એક ફુટ પહોળો હતો. તેને સોનેરી ફ્રેમથી મઢી લેવામાં આવ્યો હતો. વૃધ્ધે તે આઇનો મારા હાથમાં મૂકતાં કહ્યું:–"આના ઉપર જોરથી નિશ્વાસ મૂક. ત્યાર પછી જે કાંઇ દેખાય તે ધ્યાનપૂર્વક જોજે."

મેં તેમના ઉપદેશાનુસાર નિશ્વાસ મૂકી આયનામાં જોયું. જે કાંઇ જોયું તેથી મારી અજાયબીનો પાર રહ્યો નહિ.

પ્રકરણ ૧૩ મું.

—:•:—

વૃધ્ધે કૌતૂહલ સહિત પુછ્યું:—"શું જોયું?"

મેં કહ્યું:—"એક અતિ અદ્દ્ભુત, વિચિત્ર પ્રકૃતિક દૃશ્ય! આપ કંઇ ઇંદ્રજાળના કૌશલથી મને આ દૃશ્ય બતાવી શક્યા છો?"

વૃધ્ધે ઉત્તર નહિ આપતાં મને પૂછ્યું—"તેં શું જોયું તે મને કહે."

"તે સૂર્યાસ્તના વખતનું મરૂભૂમિનું એક દૃશ્ય હતું. પશ્ચિમાકાશ અગ્નિમય દેખાતું હતું. પ્રજ્વલિત મરૂવાલુકારાશિ વાયુ વેગે પર્વતાકારમાં ઉંચે ઉડતી હતી. કેટલેક દૂર એક પર્વત જોવામાં આવ્યો. તેનો આકાર ઉંટની પીઠ જેવો હતો. જો કે તે બહુ દૂર દેખાતો હતો છતાં તેના શિખરપર ત્રણ મોટાં તાડનાં ઝાડ જોવામાં આવ્યાં. તે સિવાય પર્વતની તળેટીમાં એક મ્હોટી ગુફા પણ જોવામાં આવી."

"આ ગુફાની બાજુમાં બીજુ કાંઇ જોયું?"

"હા, એક પથિક જોવામાં આવ્યો. પથિક ઘોડે સ્વાર થઇને જતો હતો. જતાં જતાં તે ઘોડા પરથી નીચે ગબડી પડયો. તે બેઠો થઇ જમણા હાથે પોતાનું ગળું પકડી ડાબો હાથ લંબાવી પર્વત તરફ જતો હતો. મને લાગે છે કે, તેનો આત્મા ભૂખ અને તરસથી પીડાતો હોવો જોઇએ. કારણ કે, તેનાં બન્ને ચક્ષુઓ અસ્વાભાવિક ઉજ્વળ દેખાતાં હતાં. મુખ લાલચોળ બની ગયું હતું. પિપાસાથી તેનો કંઠ સુકાઇ ગયો હતો. તેના માથા પર માંસભક્ષ ગીધ પક્ષીઓ ઉડી રહ્યાં હતાં. મને તો તેનું જીવન સંશયાસ્પદ લાગે છે. ઓહ! કેવું ભયાનક દૃશ્ય?"

"વારુ, હવે આયનો મને આપ." એમ કહી વૃધ્ધે મારા હાથમાંથી આઇનો લઇ લીધો. તેણે ચારે બાજુએ નિરીક્ષણ કરી જોયું તો બંધ બારણાવાળો આ ઓરડો ધુમાડાથી ભરાઇ ગયો હતો, જ્યારે ઘરની બાજુથી અગ્નિશિખાઓનો ગર્જનધ્વનિ સંભળાયા કરતો હતો.

હું ભયભીત બન્યો હતો. શું દસ્યુઓએ શહેરને જે આગ લગાડી હતી તેની જ્વાળાઓ અહિં સુધી આવતી હશે? મેં વિચાર્યું કે, અહિં વધારે વખત રોકાવું એ શ્રેયસ્કર નથી એટલે વૃધ્ધને પુછ્યું:—"હું જે જાણવા આવ્યો છું તે મને બતાવો. વધારે વિલંબ થશે તો આપણે બન્નેને અગ્નિમાં બળી મરવું પડશે."

પરંતુ વૃધ્ધે જવાબ આપ્યો નહિ. તેઓ પોતાના ધ્યાનમાં નિમગ્ન હતા.

કેટલીક મિનિટો બાદ અમે જે ઓરડામાં ઉભા હતા તેની બારીમાંથી અગ્નિજ્વાળાઓ પ્રવેશ કરવા લાગી. હું કિંકર્તવ્યવિમૂઢ બની ચિંતા કર્યાં કરતો હતો એવામાં એક ભયંકર દેખાવ મારી દૃષ્ટિએ પડ્યો. મૃત વ્યક્તિ ઉભી થઇ અને વેદીની ઉપરથી તીક્ષ્ણ ધારવાળી એક છુરી લઇ તેણે ધ્યાનમગ્ન મહમદ બિન ઇસાકના વક્ષસ્થળમાં ખોસી દીધી.

આ દેખાવ જોઇ હું કંપી ઉઠ્યો. પરંતુ વૃદ્ધ મહમદ બિન ઇસાક પાગલની માફક ખડખડાટ હસ્યા કરતા હતા. ત્યાર પછી ત્યાંથી ઉઠી તેમણે જે દિશા તરફથી અગ્નિજ્વાળાઓ આવતી હતી, તે તરફ જવા માંડ્યું.

મેં તત્કાળ દોડી જઇ તેમનો હાથ પકડ્યો અને કહ્યું:—"સાહેબ, એ રસ્તો નથી. તે બારણામાંથી તો અગ્નિજ્વાળાઓ આવે છે. ચાલો, બીજો કોઇ રસ્તો હોય તો આપણે પલાયન કરી જઇએ. હજી પણ બચવાને વખત છે."

વૃધ્ધે મને ધક્કો મારી કહ્યું:—"ના—ના. તેમ બની શકશે નહિ. અમારા સંપ્રદાયની વિરૂધ્ધમાં મેં જે વિશ્વાસઘાત કર્યો છે, તેનું પ્રાયશ્ચિત મારે કરવુંજ જોઇએ. હું વિશ્વાસઘાતક છું, છતાં મોતના ભયથી ડરતો નથી." આ અગ્નિજ્વાળાઓને ભેદી આપણે તેની પાર જવુંજ જોઇએ."

હું હાંફતો હાંફતો બોલી ઉઠ્યો, "સાહેબ, આપની કહેવાની મતલબ શી છે? રહસ્ય ભેદનો ઉકેલ કર્યાં પૂર્વે આપ આવી રીતે આત્મવિનાશ કરશો તો પછી જુબેદાના ઉધ્ધારની આશા રાખવી વ્યર્થ છે. શું આટલા માટેજ તમે મને અહિં લાવ્યા

આવ્યા હતા ?"

વૃધ્ધ સ્થિર ભાવે ઉભા રહ્યા, પણ મને જવાબ આપ્યો નહિ. એટલુંજ નહિ પણ જે વ્યકિતએ તેમના વક્ષસ્થળમાં છૂરી ભોંકી દીધી હતી, તેના તરફ પણ જોયું નહિ. તે ગૃહમાં રહેવાનું હવે મુશ્કેલ થઇ પડયું. અગ્નિજ્વાળાઓ અમારા પર આક્રમણ કરવા લાગી. અસહ્ય ઉત્તાપથી મારૂં શરીર બળતું હોય જણાવા લાગ્યું. કપાળ પરથી અનેક ધર્મબિન્દુઓ ગાલ પર વહી નીચે ટપકવા લાગ્યાં.

હવે મારી ધીરજ રહી નહિ. મેં વૃધ્ધને પૂછ્યું:—" આપ આમ શાંત રીતે કયાં સુધી ઉભા રહેશો. આપના ઉપર જેનું જીવન અવલંબી રહેલું છે, તે જીવન બચાવવા કોઇ ઉપાય તો બતાવો ? "

મારો પ્રશ્ન સાંભળી વૃધ્ધે નિરાશાથી હસી લથડતા અવાજે કહ્યું:—"હું તને કોઇ પણ પ્રકારે સહાય કરી શકીશ નહિ."

મારા પર વજ્રપાત થયો હોય તેમ ચમકી હું બોલી ઉઠયો:—"આપ શું કહો છો ? આટલે સુધી મને લઇ આવી હવે નિરાશ કરવો શું વ્યાજબી છે ? હા, હવે તો સ્પષ્ટ જણાઇ આવે છે કે, જુએદાના મૃત્યુનું કારણ તમેજ થશો. આપ યાદ રાખજો કે, આપની આ ઉદાસીનતાને લીધે જુએદાનું મૃત્યુ થશે તો આ લોક અને પરલોકમાં તેના અભિશાપનું ફળ તમોને ભોગવવું પડશે. અનંતકાળ સુધી આપ શાંતિથી વંચિત રહેશો."

મારી વાત સાંભળ્યા પછી વૃધ્ધે થોડો વખત વિચાર કરી કહ્યું:—"નહિ. તેના અભિશાપનો ભોગ થવાની ઇચ્છા મારી નથી. વારૂ—"

વૃદ્ધ વાક્ય પૂરું કરે તે પહેલાં તો અગ્નિજ્વાળાઓ ગૃહદ્વારને ભેદી નાખી ઓરડામાં પ્રવેશ કરવા લાગી એટલુંજ નહિ પણ તે જ્વાળાઓએ પૂર્વોક્ત મૃતદેહના વસ્ત્રને સ્પર્શ કર્યો. મૃતદેહ દુઃખ-યંત્રણાથી તે ઓરડામાં દોડવા લાગ્યો. આખરે અગ્નિજ્વાળાઓ તેના શરીરની આસપાસ ફરી વળી એટલે તે અજ્ઞાન થઇ જમીન પર પછડાઇ પડયો; પરંતુ તેના મ્હોડામાંથી એક પણ

શબ્દ બહાર પડયો નહિ.

મેં હતબુદ્ધ બની વૃદ્ધને કહ્યું:-" સાહેબ, હવે વિચાર કરવાને વખત નથી એક ક્ષણમાત્રમાં આપણે પણ બળીને ખાખ થઇ જઇશું. માટે ચાલો, એકદમ પલાયન કરી જઇએ."

અગ્નિજ્વાળાઓ અમારી નજીક એટલી તો આવી પહોંચી હતી કે, તેના તાપથી મારા માથા પરના કેટલાક કેશ પણ બળી ગયા હતા. મારી હિચકારી વર્તણુંક જોઇ વૃધ્ધે ગુસ્સાથી કહ્યું-" નહિ."

છતાં જે દ્વારમાંથી અમે આ ગૃહમાં પ્રવેશ કર્યો હતે તે બાજુ પાછો ફરવાને હું આકુળવ્યાકુળ થઇ ગયો. વૃધ્ધને હાથ પકડી રહસ્યનો ભેદ ખોલવા મેં તેમને વિનંતી કરી. બીજી બાજુએથી અગ્નિએ અમોને ચારે બાજુએથી ઘેરી લીધા. ધુમાડાને લીધે મારાથી શ્વાસ પણ લેવાતો ન હોતો. તો પણ મારી ઉપસ્થિત બુધ્ધિએ મારો ત્યાગ કર્યો નહોતો. મેં વૃધ્ધના હાથમાંથી લોહ અર્ધચન્દ્ર કહાડી લઇ મારા કપડામાં છુપાવી દીધો. પછી મ્હોટેથી હું તેમને કહેવા લાગ્યો-" સાહેબ, મોતનો ઘંટ વાગી ચૂકયો છે, માટે ગુપ્ત રહસ્યનો ભેદ બતાવો."

પરંતુ મારા પ્રશ્નનો ઉત્તર કોણ આપે એમ હતું ? વૃધ્ધના હાથમાંથી લોહ અર્ધચન્દ્ર પાછો લઇ લેતાંજ જણાયું કે, તેમની જીવનશકિત નિસ્તેજ થવા લાગી હતી. તેઓ ચક્કર ખાતા ખાતા નીચે ભુમિ પર પડે એટલામાં મારા બન્ને બાહુમાં મેં તેમને ઝીલી લીધા. મૃતદેહે જે સ્થળે તેમના દેહમાં છુરી મારી હતી, તેમાંથી પ્રબળ વેગની રકતધારાઓ વહેવા લાગી. હું તેમને મારા ખોળામાં લઇ શુધ્ધિમાં લાવવા પ્રયત્ન કરવા લાગ્યો. પરંતુ મારૂં સમસ્ત શરીર પણ બળતું હોય તેમ જણાવા લાગ્યું. મને મૂર્છા આવવા લાગી. છતાં આખરી પ્રયત્ન તરીકે મેં વૃધ્ધને ગુપ્ત રહસ્યનો ભેદ ખોલવાની વિનંતિ કરી.

વૃધ્ધે મર્મભેદી દ્દષ્ટિએ મારા મુખ તરફ જોઇ ધીમા અવાજે કહ્યું:-"હા, હું જ્ઞુબેદાનું રક્ષણ કરીશ તેને કેવા ઉપાયથી બચાવી શકાશે તે હું તને કહું છું. જો સાંભળ. પહેલાં

તો તું અહિંથી બહાર જઇ પુર્વાભિમુખે ચાલવા લાગ. કનૌરી નામનું મરૂરાજ્ય રસ્તામાં આવશે. ત્યાંથી જિગ્રિનેરનો કૂપ બહુ દૂર નથી. તે કૂંપની પાસે પહોંચ્યા પછી બે દિવસ સૂધી તારે પુર્વમાંજ ચાલવું પડશે. પછી એક શહેરનો ખંડીયેર જેવો દેખાવ તારી નજરે પડશે. તે નગરની એક બાજુએ ખજૂરીનાં વૃક્ષોની ઝાડી આવેલી છે. તે ઝાડીમાં પહોંચ્યા બાદ લોહ અર્ધ-ચન્દ્ર બહાર કહાડજે અને—"

વૃધ્ધથી વધારે બોલી શકાયું નહિ. ધીમે ધીમે તેમની બન્ને ચક્ષુઓ મીંચાઇ ગઇ. તેમનો અંતકાળ નજીક આવ્યો હોય, એમ મને જણાયું. મને ચારે દિશાએ અંધકાર જણાવા લાગ્યો. વ્યાકુળ બની તેમના કાન પાસે મારૂં મ્હોડું રાખી ઉચ્ચ સ્વરે મેં પુછયું:-"સાહેબ, લોહ અર્ધચન્દ્ર બહાર કહાડયા પછી શું કરવું ?"

વૃધ્ધે ધીમે ધીમે પોતાનાં ચક્ષુઓ ઉઘાડયાં. ચક્ષુઓ નિરતેજ બની ગયાં હતાં. તેના પર મૌતની છાયા પ્રસરેલી હતી. છતાં ધીમે ધીમે તેમણે બન્ને હાથ ઉંચા કરી, મારૂં માથું પકડી પોતાના મુખની નજીક ખેંચી અત્યન્ત અસ્પષ્ટ સ્વરે કહેવા માંડયું:- "વત્સ ! મારા આદેશનું પાલન બરાબર કરજે. હું જે સ્થળની વાત કહું છું, તે સ્થળે ઉપસ્થિત થયા બાદ લોહ અર્ધચન્દ્ર બહાર કહાડી તારા લલાટ પર તેનો સ્પર્શ કરજે. પણ એટલું યાદ રાખજે, તે સ્થળે પહોંચ્યા સિવાય તેને તારા લલાટનો સ્પર્શ કરાવતો નહિ. લલાટનો અર્ધ ચન્દ્રનો સ્પર્શ થતાંજ અપુર્વ એવાં સ્વપ્નાતીત રહસ્યનાં દ્વાર તારી આગળ ખુલી જશે. ખુદા તારૂં ભલું કરશે—તારા કામમાં યશ અને જુબેદા—"

ઉપરોકત વાકય પુરૂં કર્યાં પહેલાંજ વૃધ્ધના શરીરમાંથી પ્રાણવાયુ ઉડી ગયો. તેમનો નિશ્ચળ અચેતન દેહ મારા ખોળામાં પડી રહ્યો. મેં તેમના મૃતદેહને મારા ખોળામાંથી જમીન પર મૂકયો, એટલામાં અગ્નિજવાળાએ મારી નજીકમાં આવી પહોંચી. હું ઉઠીને ઉભો થયો અને જીવ બચાવવા અંધની માફક બારણા તરફ દોડયો. દ્વાર પાસે આવી પહોંચતાં તેનો સળગતો આગળો

ખોદી નાખી હું દોડવા લાગ્યો. એક સુરંગ પથમાં થઈ હાંફતો હાંફતો લગભગ અરધા કલાક બાદ હું બહારના રસ્તા પર આવી પહોંચ્યો.

તે વખતે મારું બાહ્યજ્ઞાન લુપ્ત થઈ ગયું હતું. હું કેવી રીતે તે ભેદી જગ્યામાંથી બહાર આવ્યો તેની મને સમજ પડી નહિ. બહાર આવ્યા બાદ એક ઘરની દિવાલ નજીક બેસી થોડો વખત મેં વિશ્રાંતિ લીધી. મારા બન્ને હાથ દાઝી ગયા હતા. શરીર પર ઘણે ઠેકાણે ફોલ્લાઓ ઉઠયા હતા. દાઢી, ભમર અને માથા પરના વાળો સહજ સળગી ગયા હતા. છતાં તેની મેં દરકાર કરી નહિ. કારણ કે જે ગુપ્ત રહસ્યનો ભેદ જાણવા હું જીવ સટોસટના પ્રયત્નો કરતો હતો, તેનો ભેદ જાણવા માટે મને થોડી ઘણી પણ ફતેહ મળી હતી. એને હું એક જાતનો લાભજ સમજતો હતો.



પ્રકરણ ૧૪ મું.

—:◎:—

વિશ્રાંતિ લીધા બાદ હું ત્યાંથી ઉપડયો અને લડાઇમાં જખ્મી થઈ પડેલાઓ તથા મૃત્યુને શરણ થયેલાઓના પાસેની બંદુક, રાઇફલ તથા ગોળીઓ એકઠી કરી મેં ચાલવા માંડયું. મારા સુભાગ્યે એક ઉંટ રસ્તામાં મળી આવ્યું. તેની પીઠ પર મુસાફરીને લગતી દરેક સામગ્રીઓ મોજૂદ હતી. કોઇ મુસાફર લૂંટારાના હાથમાં સપડાયો હશે અને લડાઇ વખતે ઉંટ ન્હાસી છુટયું હશે એમ મેં માન્યું. ઉંટને મેં ઉભું રાખ્યું અને તેના પર સવારી કરી હું મારા નિર્દિષ્ટ સ્થળે પહોંચવા પૂર્વાભિમુખે ચાલવા લાગ્યો.

લગભગ સાત દિવસ મુસાફરી કર્યા બાદ આગ્રાનેરના કૂપ પાસે હું આવી પહોંચ્યો. ત્યાંથી મુસાફરી માટે પાણી ભરી લઈ મેં આગળ કુચ કરવા માંડી. ઈમામે કહેલાં સ્થળો એક પછી એક વટાવી જિગ્રિનેરના તાલકુંજમાં મેં વિશ્રાંતિ લેવાનો વિચાર કર્યો. કારણ કે મારાં લક્ષ્યસ્થાને પહોંચવાને માત્ર બે ત્રણ દિવસનોજ રસ્તો હતો. કાંઇક અંશે નિશ્ચિંત બની શાંત ચિત્તે ઉંટને એક ખજુરીનાં વૃક્ષ સાથે બાંધી હું નિદ્રા લેવા લાગ્યો.

બીજા દિવસે પ્રભાતમાં નિદ્રાભંગ થતાં મારા માથાને કોઇ હલાવતું હોય એમ જણાયું. કોઇ દસ્યુએ હુમલો કર્યો હશે એમ માની હું કમરમાંની છુરી બહાર કહાડવા લાગ્યો એટલામાં આગંતુકનો ખડખડાટ અવાજ સંભળાયો. હું ઉઠયો. આંખો ચોળી જોઉં છું તો મારી અજાયબીનો પાર રહ્યો નહિ!

આગંતુકે સહજ હસીને પૂછ્યું—"ઓહ! તમે અહિં કયાંથી?"

આનંદ અને ઉત્સાહથી મારૂં દિલ પ્રફુલ્લ બની ગયું. એકદમ આગંતુકનો હાથ પકડી જોરથી હલાવી મેં કહ્યું:—"ઑક્ટેવ! તું અહિં ક્યાંથી?"

"બિરાદર! મારી કથની ઔર છે. બેસ, સીગરેટ લે. પછી બીજી બધી વાત."

સિગરેટ પીતાં પીતાં મે તેને પુછ્યું:–" બિસ્ક્રાથી અહિં સુધી આવવામાં તારો શું ઉદ્દેશ છે?"

" કર્ત્તવ્ય પાલનનો."

" એટલે? એકલો છે કે બીજું કોઇ?"

" મારી ટોળી અહિંથી બે માઇલ દૂર છે. હું ફરતો ફરતો આવી ચડયો એવામાં તમારી મુલાકાત થઈ. વારૂ, પણ, તમારી વાત તો કહો? હજી સુધી મરૂભૂમિની મુસાફરીની હોંશ પુરી થઇ નથી?"

ઑકટેવથી છૂટા પડયા બાદ મારા પર જે જે વિતકો વિત્યાં હતાં તેનો સંક્ષિપ્ત હેવાલ મેં તેને કહી સંભળાવ્યો. માત્ર મારો ગુપ્ત ઉદ્દેશ તેને જણાવ્યો નહિ.

મારી પીઠ થાબડી તે બોલી ઉઠયો:–" દોસ્ત! તું પણ ઉસ્તાદ છે! બાકી તારી માફક હાજી અબુસલામના હાથમાંથી છૂટી આવવા કરતાં ત્યાંજ મૃત્યુ આવ્યું હોત તો ઉત્તમ વાત હતી."

" કેમ?" મેં પુછ્યું.

" તે હાલમાં અહિં છે."

તેનો પૂર્વેતિહાસ* યાદ આવતાં મેં પ્રશ્ન કર્યો–" કોણ? માદામ સાર્જેનસિયર? શું તે અલજીરિયામાં આવેલ છે?"

" હા, આ વર્તમાન પત્ર વાંચી જુઓ." એમ કરી "લા અકબર!" નામનું પત્ર તેણે મારા હાથમાં મૂકયું.

પત્ર મેં ખોલી જોયું. લગભગ બે મહિના પહેલાનું હતું. તેમાં મોટા અક્ષરે લખ્યું હતું કે, " અલજીરીયાના નવા ગવર્નર જનરલ મી૦ સાર્જેનસિયરે પોતાનો અધિકાર લઇ લીધો છે. તે વખતે નગરના રાજ્યપથોને ઉત્તમ રીતે શણગારવામાં આવ્યા હતા. અલજીરિયાના યૂરોપિય સમાજે લૉર્ડ પત્નિને એક સામ્રાજ્ઞીના જેટલું માન આપ્યું હતું. અલજીરિયાની સમગ્ર પ્રજાએ ગવર્નર જેનરલ અને તેની પત્નીને પુષ્કળ માન આપ્યું હતું."

---

* ઑકટેવના પુર્વેતિહાસ માટે જુઓ પ્રથમ ખંડ પ્રકરણ ૬ ઠું.

પત્ર વાંચી રહ્યા બાદ ઑકટેવના હાથમાં મૂકી મેં કહ્યું:— "ત્યારે તો હું ધારું છું કે, તું થોડા વખતમાંજ મેમ સાહેબની મુલાકાત લઇશ !"

"નહિ દોસ્ત ! હવે તેની સાથે મુલાકાત કરું એવો હું મૂર્ખ નથી. જો કે, લૉર્ડ પતિએ ગુપ્ત રીતે મારી તપાસ કરાવી છે, છતાં ભૂતકાળના બની ગયેલા બનાવને પુનઃ હું સજીવન કરવા માગતો નથી."

"પરંતુ કુદરત તમો બન્નેને મેળવી આપ્યા સિવાય રહેશે નહિ."

"ના—ના, શું પહેલાંની માફક પ્રેમપુર્વક તેનો હાથ પકડી તેને જણાવું કે, તારો મહાસન્માનિત પતિ ફ્રેંચ ગવર્નમેન્ટનો પ્રતિનિધિ—એક ખૂની અને હત્યારો છે—નર રક્તાથી તેના હાથ ખરડાયેલા છે—ના ના, તેવું મારાથી બની શકશે નહિ."

"તું તો દીવાનો છે. જેના પાપનું સુસ્પષ્ટ પ્રમાણ તારા હાથમાં મોજૂદ છે. તેને તેની સજાએ પહોંચાડવામાં આવી ઉદાસિનતા દર્શાવવી એ તારા જેવાને યોગ્ય નથી."

"આવી રીતે બદલો લેવાનું હું યોગ્ય ધારતો નથી. તેનાથી બિન્દુમાત્ર પણ લાભ થશે નહિ. ઉલ્ટો જેને હું ચાહું છું તેના પ્રાણ જવાનો વખત આવી પહોંચશે."

"વાહ! વાહ! તારા જેવો પ્રેમિક તો જગતમાં મેં બીજો કોઇ જોયો નહિ. આવા પ્રેમીની વાતો તો નવલકથાઓમાંજ વાંચવામાં આવે છે. ખરેખર, આ પ્રેમની તુલના થઇ શકે તેમજ નથી."

"ઇશ્વર જાણે છે કે હું તેને કેટલો ચાહું છું. તે પણ મને તેવાજ પ્રેમથી ચાહે છે. પરંતુ મારી પ્રતિજ્ઞા અટલ છે. મેં મારા નામમાં પરિવર્તન કર્યું છે. ફ્રેંચ સૈન્યમાં હું એક સાધારણ સૈનિકથીજ ઓળખાઉં છું એટલે તે મને શોધી કહાડવા ઇચ્છતી હશે, તો પણ ફળીભૂત નહિ થાય."

"તે યુવતીનો સ્વામી હમણાં આ દેશનો ગવર્નર જેનરલ છે એટલે સર્વ શક્તિમાન હોવાથી તને શોધી કહાડવા પ્રયત્ન

કરે તો ? તે જાણે છે કે તેના અપરાધનાં પ્રમાણો તારી પાસે મોજૂદ છે એટલે તને શોધી સજાએ પહોંચાડયા વિના તે રહેશેજ નાહ."

"ખરી વાત. તેના જાણવામાં આવે કે, તેની પત્નીનો પુર્વાશ્રમનો પ્રેમી હયાત છે, તો પકડાવ્યા વિના કિંવા બે ભાડુતી અરબોની મદદથી મને પરલોકમાં પહોંચાડયા વિના રહે નહિ; પરંતુ તે આવી બાજી રચે તો હું તેના હાથમાં આવું તેમ નથી. બાકી મને વાયોલેટનીજ દયા આવે છે. નહિ તો હું તેનાં કૃત્યોનો બદલો ચખાડયા વીના રહું નહિ; પરંતુ શા માટે તમે આ અપ્રીતિકર પુરાતન કથા યાદ કરી મારા દિલને દુભવો છો! મારા જીવનના ઇતિહાસ પર પડદો પડી ગયો છે. નિરાશાના સમુદ્રમાં હું ઝોલાં ખાઉં છું. મારૂં જીવન વ્યર્થ છે."

મેં નિરાશા સહિત કહ્યું:-" હા દોસ્ત! મારૂં જીવન પણ તેવુંજ છે. છતાં હું મારૂં લક્ષ્યબિન્દુ ચુકયો નથી. સંસાર સમુદ્રમાં ઝોલા ખાતાં ખાતાં કોઈ શાંતિમય લાટ આવી જશે એવી આશાથીજ હું હજી સૂધી બચ્યો છું અને જીવન ટકાવી રહ્યો છું."

" શું તમારું જીવન પણ રહસ્યપૂર્ણ છે ? શા માટે હજી સૂધી કાંઈ બોલતા નથી ? કહો, કહો, શું તમે કોઈ રમણીના પ્રેમમાં મુગ્ધ છો? "

મેં સંમતિસૂચક માથું હલાવ્યું.

તેણે ઉત્સાહથી પુછ્યું;-" કઇ રમણી ? મને બધી વાત ખુલાસેવાર કહો."

હું થોડો વખત ચુપ રહ્યો. પછી તેના તરફ સ્થિર દૃષ્ટિ રાખી બોલ્યો-" હું જુબેદાને ચાહું છું."

" કોણ જુબેદા ? પેલી મરૂવાસિની રૂપસુંદરી ? દસ્યુઓની પરિચાલિકા ? ઓહ ! મરૂભૂમિમાં તે અસીમ શક્તિસંપન્ના રમણી છે."

"દોસ્ત, હું જે કહું છું તે સત્ય છે. ભલે તું મને પાગલ કહે, પણ તે રુપસુંદરીને હું ચાહું છું-તેના પ્રેમમાં મેં મારું

આત્મભાન ગુમાવ્યું છે-વધારે શું તે પણ મારા સિવાય બીજા કોઈને ચાહતી નથી.”

“તમારો આ અદ્‌ભૂત ઇતિહાસ મને સંક્ષેપમાં કહી સંભળાવો. તમારા કહેવાનો ભાવાર્થ હું સમજી શકતો નથી. તમે મિથ્યા કથા કહો છો, એમ પણ માની શકતો નથી.”

તેનો સંશય ભાંગવાને માટે એક નવી ચિરૂટ સળગાવી સંક્ષેપમાં મારો બધો હેવાલ મેં તેને કહી સંભળાવ્યો. ત્યાર પછી અર્ધચન્દ્ર મેં કેવી રીતે મેળવ્યો તે બયાન કહી સંભળાવી મારા ખીસામાંથી કહાડી તેને બતાવ્યો.

અર્ધચન્દ્ર જોયા પછી ઍાકટેવ બોલ્યો-‘બિરાદર! આવું અદ્‌ભુત અને કૌતુહલોદ્દીપક રહસ્ય સાંભળી તમારી સાથે મને આવવાને પણ ઇચ્છા થઇ છે. તમારા લક્ષ્યસ્થાને પહોંચ્યા પછી શું બનાવ બને છે તે જાણવાની મને તીવ્ર જીજ્ઞાસા થઇ છે. કહો, મારી આ માગણીનો આપ સ્વિકાર કરશો કે નહિ?”

મેં કહ્યું-“ શા માટે નહિ? એક કરતાં બે ભલા. આવા વિપદ્‌જનક કાર્યમાં તારા જેવા મિત્રની મદદ મળે તો પૂછવુંજ શું!” પરંતુ આપણાં લક્ષ્યસ્થાનેથી પાછા ફરતાં આપણને ચાર પાંચ કિંવા તેથી વધારે પણ દિવસો થાય. એ વખતે ટુકડીનાં માણસો તારી શોધ કરવા નીકળે, માટે તારા કૅપ્ટનની રજા લઇ આવે તો શું ખોટું?”

“રજા લેવા જતાં મળશે નહિ. હું પોતેજ વગર રજાએ ગુપચુપ બહાર ફરવા નીકળી પડયો છું, તો પછી કાર્ય પુર્ણ થયા સુધી પાછા ફરવું મને યોગ્ય જણાતું નથી. પાછા આવ્યા બાદ કૅપ્ટનને ગમે તેવો રિપોર્ટ આપી દઇશું.”

અમારી વાતચિત જેમ જેમ વધતી જતી હતી, તેમ તેમ પેટમાં ક્ષુધા પણ મને પુષ્કળ લાગી હતી. મારી સાથે જે કાંઇ ખાદ્ય સામગ્રી હતી તેનો ઉપયોગ કરી અમો બન્ને મિત્રોએ ક્ષુધાનું નિવારણ કર્યું. ત્યાર પછી અમે ઘટાવાળી એક ઝાડીમાં જઇને વિશ્રામ લેવા માંડયો.

લગભગ સૂર્યાસ્ત વખતે અમે અમારી મુસાફરીની તૈયારીઓ

કરવા માંડી. રાત્રી પડતાંજ હું ઉંટ પર બેઠો અને ઑફટૅન તેના સુંદર સુફેદ અરબ્બી ઘોડા પર બેઠો અને બન્ને પ્રાણીઓને નજીકમાં ચલાવી અમો ગપ્પા વિનોદ કરતાં મરૂભૂમિમાં રાત્રિના શિતળ પવનની લેહેરો ખાતા આગળ વધવા લાગ્યા.

દિવસ પછી દિવસ, રાત્રિ પછી રાત્રિ પસાર કરતાં અમારી કષ્ટકર મુસાફરી અમો કાપવા લાગ્યા. દિવસના આહાર, વિશ્રામ અને નિદ્રા તથા રાતના આકાશમાંના નક્ષીત્રો પ્રત્યે દૃષ્ટિ રાખી લક્ષપથ તરફ આગળ વધવાનો અમારો ક્રમ હતો. કારણ કે, રણનો પ્રખર તાપ અને બાળી નાખે તેવી રેતીના વંટોળીયા કરતાં રાત્રિનો ઠંડો પહોર મુસાફરી માટે વધારે અનુકૂળ હતો.

આખરે એક દિવસે ઉષઃકાળમાં મારી નજર સામે મારી આશાનું સ્થળ—ઇમામ સાહેબે વર્ણવેલી લતાકુંજવાળી હરિયાળી મારી દૃષ્ટિએ પડી. વિસ્મિત બની મુગ્ધ નેત્રે તે તાલકુંજ તરફ હું જોવા લાગ્યો

ત્યાં પહોંચવાને હવે મારૂં મન અધીર બની ગયું હતું. અમો બન્ને બંધુઓએ ત્વરિત ગતિએ અમારાં વાહનોને મારી મૂકયાં રસ્તે ચાલતાં એક વાર મેં લોહ અર્ધચન્દ્રને સ્પર્શ કર્યો. આશા અને સન્દેહ—ઉભયનું મારા હૃદયમાં તુમુલ યુધ્ધ જાગ્યું હતું. કોણ જાણે કઇ માયાના મોહજાળમાં લપટાઇ હું આફ્રિકાના આ રહસ્યમય ભાગમાં આવી પહોંચ્યો હતો.



પ્રકરણ ૧૫ મું.

—:o:—

થોડા વખતમાંજ અમે અમારા નિર્દિષ્ટ સ્થાને આવી પહોંચ્યા. આ સ્થાનપર અમારી અગાઉ મુસાફર આવ્યો હોય એવાં ચિહ્નો જણાતાં નહોતાં. ચારે બાજુએ મેં નજર કરી જોઈ તો ઈમામ સાહેબે બતાવેલું સ્થાન છે, એમ મને ખાત્રી થઇ.

આ સ્થાનની ચારે બાજુએ રેતીનું ખુલ્લું રણ આવેલું હતું. માત્ર કેટલેક દૂર પૂર્વ દિશા તરફ જ્યાં આકાશ અને પૃથ્વીનું સંમિલન થતું હતું ત્યાં અસ્પષ્ટ ગિરિશૃંગો દેખાતાં હતાં.

મેં લોહ અર્ધચંદ્રને મારા હાથમાં લીધો અને ઉ-તેજીત બની ઑક્ટેવને કહ્યું:—"દોસ્ત! અનેક વિઘ્નો વટાવી આપણે ઇચ્છીત સ્થળે આવી પહોંચ્યા છીએ."

ઑક્ટેવે અવિશ્વાસથી માથું ધુણાવી કહ્યું:-"લોઢાના અદ્ભુત આકારના એક ટુકડાની સહાયતાથી તમે જુબેદાનો ઉધ્ધાર કેવી રીતે કરશો તે મારા માનવામાં આવતું નથી."

મેં તેના કહેવા તરફ લક્ષ્ય આપ્યું નહિ. લોહ અર્ધચંદ્રને મેં મારા કપાળે લગાડયો. કપાળની બંને બાજુએ તે ચોંટી ગયો થોડા વખતમાંજ હું અસ્વસ્થ બની ગયો.

મારૂં મુખ વિકૃત બની જવા લાગ્યું. તે જોઈ ઑક્ટેવે કહ્યું:—"ભાઈ! આ શું? મ્હોડું કેમ ફરી જાય છે? જુઓ, જુઓ, તમારાં ચક્ષુઓ પણ બહાર નીકળી જવાનો પ્રયત્ન કરે છે!"

મારા બન્ને પગો કંપતા હતા. માથું ફરતું હતું. ઑક્ટેવના શબ્દો મેં જાણે કે બહુ દૂર સાંભળ્યા હોય તેમ કાન બહેર મારી ગયા. બાળકની માફક હું ચિત્કાર કરી રડવા લાગ્યો. ઑક્ટેવે ગભરાઇ મારા કપાળ પરથી લોહ અર્ધચન્દ્ર કહાડી લેવા માંડયો પણ નીકળ્યો નહિ. આખરે મૂર્છિત દશા પ્રાપ્ત થઇ. પણ તે લાંબો વખત ટકી નહિ. મેં આંખો ઉઘાડી જોઇ તો પૂર્વ તરફ ઇમામે વર્ણવેલો પહાડ મારી દષ્ટિએ પડયો. તે પહાડ ઉપર ત્રણ તાડનાં ઝાડ તથા તળેટીમાં ગુફા આવેલી મારી દષ્ટિએ પડી.

હું દિંગમૂઢની માફક તે દિશા તરફ જોઈ રહ્યો હતો જ્યારે ઑકટેવ મને શુદ્ધિમાં લાવવા પ્રયત્ન કરતો હતો.

આવી અવસ્થા લાંબો વખત ટકી નહિ. ઑકટેવ મને ઠપકો આપતાં બોલ્યો:—"બિરાદર! તમે દિવાના બની ગયા છો. એક જાદુગરે તમને મોહજાળમાં નાખી ફસાવ્યા છે."

મેં કહ્યું:—"નહિ, તારી ભૂલ થાય છે. મેં એક અદ્દભુત દૃશ્ય જોયું છે."

"શું જોયું? ગુપ્ત રહસ્યની કાંઇ બાતમી મળી?"

"હા, મેં એક સ્વપ્ન જોયું. તે સ્વપ્ન કેમ કહેવાય—સત્ય તાદૃશ્ય ચિતાર જોયો. ભાઇ, આપણે હવે અહિંથી ઉપડી જવું જોઇએ."

"કયાં?"

"પુર્વ દિશા તરફ પેલાં ગિરિશૃંગો દેખાય છે ત્યાં. તેની તળેટીમાંજ ગુફા આવેલી છે. આપણે તે ગુફામાં જવું જોઇએ."

"કોણે કહ્યું કે ત્યાં ગુફા છે?"

ઑકટેવને મેં સંક્ષેપમાં બધી હકીકત સમજાવી. તેના માનવામાં એ વાત આવી નહિ એટલે મને પુછયું:—"શું તમે એમ માનો છો કે લોહ અર્ધચન્દ્ર લલાટપર ધારણ કરવાથી તમારી આંતરદૃષ્ટિ ખુલી છે?"

"એમાં સંદેહ રાખવા જેવું શું છે?"

"આપણે તે સ્થળે જઈ પહોંચીયે તો ઇષ્ટસિદ્ધિ થશે એવી તમને ખાત્રી છે?"

"એમાં શું શક? ચાલ, હવે આપણે ત્યાં પહોંચવાની તૈયારી કરીએ."

ઑકટેવે થોડું જલપાન કરી પોતાના ઘોડાપર સવારી કરી જ્યારે હું મારા ઉંટપર બેઠો. પુનઃ અમોએ મરૂભૂમિનાં ગુપ્ત રહસ્યની શોધમાં મુસાફરી શરૂ કરી.

લગભગ ચાર કલાક મુસાફરી કર્યા બાદ અમે અમારાં લક્ષ્યસ્થાનપર આવી પહોંચ્યા. ત્યાં જઇને અમે ગુફાની શોધ કરવા માંડી. પણ કયાંઇ નજરે પડી નહિ એટલે હું જરા નિરૂ-

ત્સાહી થયો. મારી આવી સ્થિતિ જોઇ ઑકટેવ બોલ્યો:–"તમારા મગજની ભ્રમણામાં આટલું દુઃખ વેઠી અહિં આવ્યા, પણ ગુફા ક્યાં છે ?"

મેં કહ્યું:–"અત્યાર સુધીની બધી હકીકત સત્ય જણાતી આવી છે, તો ગુફા પણ મળ્યા વિના રહેશે નહિ. ચાલ આપણે ફરીથી પ્રયત્ન કરી જોઇએ."

ઑકટેવ ઉદાસિનતા દર્શાવી બોલ્યો:–"ચાલો, તમારી ઇચ્છા પુરી કરી લ્યો; પરંતુ મને તો લાગે છે કે મૃગજળ પછવાડે દોડતા હરણમાં અને તમારાં કાંઇ ફરક નથી. હરણને જેમ મૃગજળ જોઇ નિરૂત્સાહી થવું પડે છે, તેમ તમારો પરિશ્રમ વૃથા જશે અને વગર સિાધ્ધએ પાછા ફરવું પડશે.

અમો બન્નેએ પુનઃ ગુફાની શોધ કરવા પર્વતની પ્રદક્ષિણા ફરવા માંડી. કેટલેક દૂર ગયા બાદ ઝાડપાલાથી ઢંકાઇ ગયેલી અંધારાવાળી જગ્યા મારી દૃષ્ટિએ પડી. આનંદથી મારૂં દિલ પ્રફુલ્લ બની ગયું. હું મોટેથી બોલ્યો:–"દોસ્ત ! મહેનત સફળ થઈ. હવે તો તને માનવુંજ પડશે કે, મગજની ભ્રમણાથી હું અહિં આવ્યો નથી. જો, સામે ગુફા જેવું દેખાય છે."

ઑકટેવે ત્યાં જઈ બરાબર તપાસ કરી તો ગુફા જણાઇ એટલે મારી પાસે આવી તે બોલ્યો:–"હા, તમોએ પહેલાં વર્ણન કર્યું હતું તે મુજબનીજ ગુફા જણાય છે. ભાઈ ! તમારામાં અવિશ્વાસ લાવી તમોને મેં નિરૂત્સાહી બનાવવા પ્રયત્ન કર્યો, તે માટે ક્ષમા માગું છું. આવો અકલ્પિત અને અસાધારણ દેખાવ મારી દૃષ્ટિએ પડશે એમ મેં માન્યું નહોતું."

ઑકટેવના દિલમાં કૌતુહલની વૃધ્ધિ થયા કરતી હતી. તે હવે મારી દરેક વાતમાં સંમત થયો. અમો બન્નેએ હાથમાં રિવૉલ્વર અને કારતુસને લઇ ગુફામાં પ્રવેશ કરવા માંડયો. થોડે દૂર જતાંજ ગુફામાં ભીષણ અંધકાર જણાવા લાગ્યો. તે અંધકારમાં ઉભા રહી તીક્ષ્ણ દૃષ્ટિએ મેં ચારે બાજુએ જોયું, પણ કાંઇ દેખાયું નહિ એટલે ઑકટેવ બોલ્યો:–" ભાઈ ! બત્તી વગર આગળ વધી શકાશે નહિ."

તરતજ હું ગુફામાંથી બ્હાર આવ્યો. ઉંટને ખાવા માટેનું ઘાસ હતું તેને રસીથી બાંધી કેટલીક મશાલો મેં બનાવી. પુનઃ ગુફામાં દાખલ થઇ મેં એક મશાલ સળગાવી અને અમો આગળ વધવા લાગ્યા. કેટલેક દૂર જતાં એક ભોંયરું આવ્યું. તેમાં ઉતરવાનાં નીચાં પગથીયાં પત્થરમાંથી કોરી લીધાં હતાં. અમો નીચે ઉતરવા લાગ્યા. છેલ્લા પગથીયે આવ્યા બાદ એક સુરંગ પથ નજરે પડયો. સુરંગનું મુખ અત્યંત સાંકડું હતું. એકજ માણુસથી તેમાં આવી શકાય એમ હતું.

ચારે બાજુએ પત્થરો આવેલા હતા. અમો ઠોકરો ખાતા આગળ વધવા લાગ્યા. કેટલું ચાલ્યા હોઇશું તેનું અનુમાન થઇ થઇ શકતું નહોતું. મનમાં સંકલ્પ કર્યો કે રહસ્યનો ભેદ જાણ્યા સિવાય પાછું તો ફરવુંજ નહિ.

ગુફામાં એવી તો શાંતિ પ્રસરેલી હતી કે, બંનેના શ્વાસોશ્વાસનો પણ અવાજ સંભળાતો હતો. અમો બંને ઘણાજ મૃદુસ્વરે વાત કરતા હતા, પરંતુ તેનો ઘોર પ્રતિધ્વનિ થતો હતો.

કેટલેક દૂર જવા બાદ અજાયબીથી હું સ્થંભી ગયો. અમારી નજીકમાંજ અંધકારની અંદર કોઇ હોય એવો મને ભાસ થયો. ઍાકટેવે મશાલ ઉંચી કરીને જોતાંજ તે બૂમ પાડી ઉઠયોઃ—"ગોળી ચલાવો, નહિ તો હમણાજ માર્યા જઈશું."

તેનો અવાજ સાંભળી વ્યાકુળ ચિત્તે હું ચારે બાજુ જોવા લાગ્યો. અમારાથી દશ હાથ દૂર એક વિકાળ પ્રાણીની ચકચકીત આંખો મારી નજરે પડી. બંને આંખો ગોળાકાર હતી. તેમાંથી અગ્નિની માફક તણખા મારતા હતા અને અમો ઉભય તરફ તાકી હતી. તરતજ મેં રાઇફલ બહાર કહાડી અને તે ચક્ષુઓનું નિશાન તાકી ગોળી છોડી. રાઇફલ છૂટતાં મેઘ ગર્જના જેવો ધ્વનિ તે ગુફાની અંદર થયો. તે સાથે ત્રાડ પડતું એક વિકાળ પ્રાણી જમીન ઉપર પછડાઇ પડયું. અમોએ નજીક જઇને જોયું તો તે એક વિકાળ આફ્રીકન સિંહ હતો. માત્ર એક વખતના ગોળી બારથીજ તેના માથાની ખોપરી ઉડી ગઇ હતી. ઇશ્વરની મહેરબાનીથી અમો એક ક્ષણ માત્રમાંજ બચી ગયા, નહિ તો ગુપ્ત રહસ્યનો

એક મેળવ્યા પહેલાંજ વિકાળ વનરાજનો અમો ભોગ થઇ પડયા વીના રહેત નહિ.

સિંહ વિષે હવે લાંબી વાતચિત નહિ કરતાં અમોએ આગળ ચાલવા માંડ્યું. રસ્તામાં એક મશાલ સળગી ગઈ એટલે અમોએ બીજી સળગાવી. આગળ વધતાંજ પત્થરની એક લાંબી ભીંતે અમોને અટકાવ્યા.

ઑંકટેવ મશાલ લઇ મારી આગળ ચાલતો હતો એટલે તેણે મશાલના અજવાળામાં તે દિવાલને તપાસવા માંડી. હવે આગળ વધવાનો માર્ગ નહોતો. તેણે દિવાલને બરાબર તપાસી જોઇ તો એક ઠેકાણે લાંબો ચીરો તેની દૃષ્ટિએ પડયો. તેણે કહ્યું:—“ આ દિવાલના પત્થરને ખસેડયા સિવાય આગળ વધી શકાશે નહિ.”


પત્થર ખસેડવાનું કોઈ સાધન જણાતું નહોતું. અમારી પાસે બંદુક સિવાય બીજું કાંઇ હથિયાર નહોતું. હવે શું કરવું? અહિંથી પાછા જવું? તેમ પણ બને એમ નહોતું. ઑંકટેવે બંદુકના કુંદાથી તે દિવાલપર બેચાર ઠોકા મારી જોયા. પછવાડેનો ભાગ પોલાણવાળો જણાયો. પત્થર ખસેડવા તેણે ઘણા પ્રયત્ન કરી જોયા પણ બળથી કામ થઇ શકે એમ નહોતું. આખરે મશાલના અજવાળે તપાસ કરતાં દિવાલની અંદર એક નાના બાંકોરા જેવું તેની દૃષ્ટિએ પડયું. તરતજ તેણે તેમાં હાથ નાખ્યો તો એક કડા જેવો પદાર્થ તેના હાથમાં આવ્યો. તેણે તે કડાને જોરથી ખેંચ્યું અને અમારી અજાયબી વચ્ચે મહાન ધરતીકંપ થયો હોય તેમ તે પત્થર અમારી બાજુ તૂટી પડયો.

પત્થર નીચે પડતાંજ મારા જીવમાં જીવ આવ્યો. કુદરત અમોને અત્યાર સુધી સહાય કર્યે જતી હતી. હવે શું થાય છે તે જોવા અમોએ બારણામાં પ્રવેશ કર્યો.

થોડે આગળ વધ્યા એટલે પુનઃ એક ભોંયરું આવ્યું. આ વખતે બીજી મશાલ પણ સળગી ગઇ હતી એટલે ત્રીજી સળગાવી અમે તે ભોંયરામાં ઉતરવા માંડ્યું. થોડે દૂર જવા બાદ ઑંકટેવે મને પૂછ્યું:—“ કેમ, કાંઇ દેખાય છે?”

મેં કહ્યું:–"ના. ગાઢ અંધકાર સિવાય બીજું કાંઇ દ્રષ્ટિએ પડતું નથી. આ ભોંયરૂં એટલું તો વિશાળ હતું કે, મશાલના અજવાળાથી પણ તેનો દૂરનો ભાગ દેખી શકાતો નહોતો. કારણ કે મશાલ ઘાસની હોવાથી અને ગાંઠ આવતાં સળગતી બંધ થઇ જતી હોવાથી પુનઃ ફુંકીને સચેત કરવી પડતી હતી એટલે વાસ્તવિક રીતે અર્ધ અંધારામાંજ અમે ચાલતા હતા. ચાલતાં ચાલતાં એક વિશાળ પત્થર આવ્યો. તેના પર ઉભા રહી મેં ચારે બાજુએ જોયું પણ કાંઇ દ્રષ્ટિએ પડયું નહિ. હું કિંકર્તવ્યવિમૂઢ બની આગળ વધવા લાગ્યો એટલામાં મારા પગે એક જણુસ અથડાઇ. મેં વિસ્મિત બની તે ઉપાડી લીધી મશાલનાં અજવાળાથી જોયું તો જીર્ણ થઇ ગયેલા ચામડાના મિયાનમાં એક તલવાર હતી.

તલવાર લઇ બેચાર ડગલાં આગળ વધતાં ચામડાની અંદર બાંધેલી નાની નાની થેલીઓ મારા જોવામાં આવી. કૌતૂહલથી મેં તે થેલીઓને ગણી જોઈ. લગભગ સાડત્રીસ હતી. પ્રત્યેક થેલી ઉપર બે ત્રણ ઇંચ જેટલી ધૂળના થપેડા ચડી ગયા હતા. અર્થાત્ ઘણા લાંબા વખતથી આ થેલીઓ જેમની તેમ પડી રહી હોવી જોઇએ એમ મારા મનને ખાત્રી થઇ. આ થેલીઓ અહિં કોણ લાવ્યું હશે ? તેમાં શું હશે ? વગેરે જાણવા માટે મારી જીજ્ઞાવૃત્તિ એકદમ ઉશ્કેરાઇ ગઈ.



પ્રકરણ ૧૬ મું.

—:(૦):—

જીજ્ઞાસાવૃત્તિને શાંત કરવા મારી કમરમાંથી મેં એક તીક્ષ્ણ ધારવાળી છૂરી બહાર કહાડી અને થેલીપર ઘા કર્યો. થેલીનું ચામડું એવું તો જીર્ણ થઇ ગયું હતું કે, એક કાગળની કોથળી ફાટી જાય તેમ તે ફાટી ગઈ. તરતજ મેં તેમાં હાથ નાખ્યો અને હાથમાં જે આવ્યું તે મુઠ્ઠી ભરી બહાર કહાડીને જોયું તો મહામૂલ્ય હીરાઓ મારા હાથમાં ચમકી રહ્યા હતા.

આવાં ભયંકર ભોંયરામાં હીરાની થેલીઓ કોઇ રાખે એવું અમારા માનવામાં આવ્યું નહિ. શું સત્ય હશે કે સ્વપ્ન? આવું કુબેરના જેવું ઐશ્વર્ય! આટલા બધા હીરાઓ લઈને મારે શું કરવું! પરંતુ આ પ્રશ્નો વધારે વખત મારા મનમાં ટકવા પામ્યા નહિ. બાહ્યજ્ઞાન શૂન્ય બની અમો બંનેએ તે થેલીમાં જેટલા હીરાઓ હતા, તે કાઢવા માંડયા. હીરાના ભારથી જે વસ્ત્રમાં મેં તે ભરવા માંડયા હતા, તે સહજ ફાટી ગયું અને તેમાંથી હીરા સરી પડવા માંડયા. અમારૂં ધ્યાન તે તરફ નહોતું. મેં વિચાર્યું કે, માત્ર આ એકજ થેલીના હીરાઓની કિંમત આગળ પૃથ્વી-પરના સર્વથી વિશેષ ધનવાન સમ્રાટ્‌ની સંપત્તિ પણ કોઇ હિસા-બમાં નથી.

અમો દિંગ્મૂઢ બની એક બીજાના મ્હોં સામે જોવા લાગ્યા. વિસ્મયતાથી વિહ્‌વળ બનેલાં અમારાં ચક્ષુઓ સામે અગણીત હીરાઓ નક્ષત્રની માફક શુભ્ર પ્રકાશ ફેંકતા ચમકવા લાગ્યા. શું આટલા લાંબા વખત સુધી આ અઢળક લક્ષ્મી મારી રાહ જોઇ-નેજ પડી હશે?

અમારી નજર સામે અઢળક ધનરાશી પડયો હતો. તેની અંદર એકલા હીરાઓજ નહોતા પણ માણેક, મોતી, પદ્મરાગ-મણી, નીલકાન્તમણી, સૂર્યકાન્તમણી એવા જુદા જુદા પ્રકારના અને આકારના રત્નમણીઓ પણ તેમાં મોજૂદ હતા.

હીરાઓ અને મણી—માણેકયને જોઇ અમે પરિશ્રાન્ત થઇ

ગયા હતા. થોડો વખત ઉભા રહી લલાટ પરનો ઘામ લુછી મેં ઑક્ટેવને કહ્યું:-"બીજી થેલી પર છુરી ચલાવ. જોઇએ તો ખરા કે તેમાં શું છે ?"

બીજી થેલી પણ ચીરી જોઇ. પહેલી થેલી કરતાં મોટા આકારના ચકચકીત હીરા, મણી માણેક અને મુક્તાથી તે થેલી ભરેલી હતી. આ થેલી જોઇ અમે આનંદથી ઉન્મત્ત જેવા બની ગયા. અમોએ પહેલી થેલીમાંથી જે રત્નો અમારા વસ્ત્રમાં બાંધી લીધાં હતાં અને જેને દેશમાં લઇ જઇ મહા ધનવાન થવાની કલ્પના કરી હતી, તે કલ્પના આ થેલી જોઇ ક્યાંની ક્યાં ઉડી ગઇ. સંગ્રહ કરેલાં રત્નાદિને બાજુએ મુકી દઇ બીજી થેલીના હીરાઓ મેં તપાસવા માંડયાં. તેમાંથી ત્રણ મોટા હીરાઓ બહાર કહાડી મેં મારા મિત્રને કહ્યું:-"ઑક્ટેવ, આ ત્રણમાંથી એક વેચતાંજ પૃથ્વી પરના કોઇ પણ સામ્રાજ્યનું સિંહાસન વેચાતું લઇ શકાય એમ છે."

ઑક્ટેવનાં ચક્ષુઓ આનંદ અને લોભથી ઉદ્દીપ્ત બની ગયાં. તેણે કહ્યું:-"હા દોસ્ત! પૃથ્વી પરના કોઇ પણ સમ્રાટ્‌ના રાજખજાનામાં આવાં રત્નો નથી."

હવે અમે એક પછી એક થેલી ચીરીને જોવા માંડી. એકમાંથી ગ્રીસ અને મિસર દેશની મહોરો નકળી. એકમાંથી રેશમી વસ્ત્રો નીકળ્યાં.

જેમ જેમ થેલીઓ ખોલાતી ગઇ તેમ તેમ અમારો ઉત્સાહ વૃદ્ધિ પામવા લાગ્યો. એક થેલીમાંથી અસંખ્ય સુવર્ણાલંકારો નીકળ્યા, કે જેવા અલંકાર હાલમાં કોઈ પણ જગ્યાએ જોવામાં આવતા નથી; પરંતુ એટલું તો અનુમાન થઈ શકતું હતું કે, આ બધા અલંકારો કોઈ પરાક્રાન્ત સમ્રાટ્‌ની સમ્રાજ્ઞીનાજ હોવા જોઇએ.

એક થેલીમાંથી મોટા મોટા સુવર્ણ-ગોલકો તથા ચાર મુકુટો નીકળ્યા. અનેક રત્નો જડીને વિભુષિત કરવામાં આવેલા આ ચાર મુકુટ જોઇ મારી આંખે અંધારાં આવી ગયાં. મેં વિચાર્યું કે, પૃથ્વીપર એવો કોણ સુલતાન થઈ ગયો છે કે જેની સુલતાના-

ઓના મસ્તકોને આવા મહામૂલ્ય સુવર્ણ-મુકુટો શોભા આપતા હશે! આવી આગાધ ધનસંપત્તિનો અધિકારી કયા દેશનો સુલતાન હશે? તેનો કોઈ વંશ વારસ હશે કે નહિ? આ રત્નોનો ખજાનો અહિં કેમ આવ્યો?

આ મુકુટવાળી થેલીની અંદરથી એક હીરાજડિત દાબડી મળી આવી. તેનાપર નકસી કામ કરવામાં આવ્યું હતું, તથા તે નકસીમાં અરબ્બી ભાષાના કેટલાક શબ્દો કોતરેલા હતા. અમોએ દાબડીને બાજુએ મૂકી અને બીજી થેલીઓમાં શું છે તે જોવા માંડ્યું.

કેટલીકમાંથી સુવર્ણનાં વાસણો નીકળ્યાં. દરેક વાસણ ઉપર કોતરકામ કરવામાં આવેલું હતું. કેટલાંક વાસણપર મિસર દેશનાં પ્રાચીન સાંકેતિક ચિહ્નો જોવામાં આવતાં હતાં. આ વાસણો જોઈ મારી અજાયબીનો પાર રહ્યો નહિ. મેં વિચાર્યું કે આ વાસણો હજારો વર્ષ પૂર્વેનાં બનાવેલાં હશે, છતાં અત્યારે જોતાં જાણે ગઈ કાલેજ કેમ બનાવ્યાં ન હોય તેવાં ચકચકિત અને સુંદર દેખાતાં હતાં.

આ બધી જણસો બહાર કહાડતાં કહાડતાં અમો થાકી ગયા. થોડો વખત વિશ્રાંતી લીધા બાદ મેં કહ્યું:—"ભાઈ! આ સ્થળે આવું વિસ્મયજનક દૃશ્ય જોવામાં આવશે એવો સ્વપ્નમાં પણ મને ખિયાલ નહોતો. મને લાગે છે, આપણા દ્વારાજ આના રહસ્ય ભેદનો ઉકેલ થવાનો હશે, એટલે ખુદાએ આપણને અહિં મોકલ્યા છે."

આટલું બધું ધન તથા રત્નોના ઢગલા જોઈ ઑકટેવ હતબુદ્ધ બની ગયો હતો. તે બોલ્યો:—"ખરેખર, આપણે જાદુગરના રાજ્યમાં આવ્યા છીએ કે શું? આ સ્વપ્ન છે કે સત્ય તેની મને ખબર પડતી નથી. આવો અદ્ભુત બનાવ મારી જીંદગીમાં મેં ક્યારેય જોયો નથી. એક રહસ્યનો ભેદ ઉકેલવા જતાં બીજાં રહસ્યો આપણી સમક્ષ ઉભાં થઈ રહ્યાં છે. દોસ્ત! તને હું મુબારકબાદી આપું છું. આ સમસ્ત ધન સંપત્તિનો તને એકલો માલેક જોઈ મારા આનંદનો પાર રહેતો નથી.

જગતનો મહાન્ સમ્રાટ પણ તારી આગળ તુચ્છ છે; પરંતુ એક શંકા મારા મનમાં રહ્યા કરે છે. આટલી બધી ધન સંપત્તિ મળવાથી જુબેદાનો ઉધ્ધાર કેવી રીતે થઇ શકશે ?"

મેં કહ્યું:-"હા, એજ વિચારવા જેવો પ્રશ્ન છે. અત્યાર સુધી આ લક્ષ્મીના મોહમાં પડી તેના વિષે મેં વિચાર પણ કર્યો નહોતો. આની સહાયતાથી શું હું જુબેદાનો ઉદ્ધાર કરી શકીશ? અફસોસ! આટલું બધું ધન નહિ મળતાં માત્ર જુબેદા મળી હોત તોજ હું પોતાને ભાગ્યશાળી અને સુખી માનત. જુબેદા વગર આ બધા ધનરાશી મારે શું કામના છે? તેની તુલનામાં આ બધા મણી માણિક્ય તુચ્છ કિંમતનાં છે."

ઑક્ટેવ બોલ્યો:-"આ સોનાની દાબડી પડી છે, તેને ખોલી જુઓ. તેમાંથી કંઇ નવું જાણવાનું મળે તો કોણ જાણે!"

તરતજ મેં દાબડી હાથમાં લીધી અને ઉઘાડવા પ્રયત્ન કર્યો પણ ઉઘડી નહિ. પછી છુરીની ધારથી કેટલીક માથાકૂટ કર્યા બાદ ઉઘડી. તેની અંદર એક પાતળું ચામડું ઘડી કરીને રાખવામાં આવ્યું હતું. મેં તે ચામડાંને બહાર કહાડી તેની ઘડી ઉખાડી જોવા માંડ્યું. ત્યાર પછી વિસ્મિત બની, માથું ઉંચું કરી મેં કહ્યું:-"ઑક્ટેવ! હીજરી ૭૧૧ માં લખાયેલો આ એક દસ્તાવેજ છે."

"દસ્તાવેજ છે? તેમાં શું લખ્યું છે?"

મેં તે દસ્તાવેજ વાંચવા માંડયો.

"સંગોહરના સુલતાન હાજી મહમદ આસકિયાનો વિશેષ વૃત્તાંત—જે મૃત્યુ પહેલાં ખુદ સુલતાને પોતાના સ્વહસ્તે લખ્યો છે.

"આ સ્થળે મારો પોષાક તથા રત્નોનો ખજાનો રાખવામાં આવેલ છે. જે વ્યકિત મારી આ દાબડી ખોલશે અને મારી સકળ ધન સંપત્તિનો આવિષ્કાર કરશે, તે લોહઅર્ધચન્દ્રનો ભેદ જાણવાને શકિતમાન થશે. એ લોહ અર્ધચન્દ્રમાં અદ્ભુત શકિત છે. મનુષ્યજાતિ તેનાથી ભય પામશે અને તેની ભકિત કરશે. કારણ કે તેની સહાયતાથી અર્થ અને વિજયની પ્રાપ્તિ થાય છે, સૌભાગ્યની સૂચના કરે છે અને મનની નીચતા

દૂર કરી મનને ઉન્નત કરે છે. હે સૌભાગ્યવાન આવિષ્કારક! તેની ગુપ્ત શકિતદ્વારા હું જાણી શકયો છું કે, તું એક સુંદર યુવતીને ચાહે છે અર્થાત્ તેને મેળવવા માટે તું સેંકડો વિપદો સામે અવિરત યુધ્ધ કરે છે; પરંતુ નિરાશ થવાને તને કારણ નથી. અલ્લા પરમ દયાળુ છે. તેમના અનુગ્રહથી તારી બધી કામનાઓ પૂર્ણ થશે. મારૂં જીવન અત્યંત અભિશપ્ત હતું. મારા સાથીઓ મારો ત્યાગ કરીને ચાલ્યા ગયા છે એટલે આ ધનસંપત્તિને આ સ્થળે ગુપ્ત રાખી શાંતિના સંધાનમાં હું રણની અંદર મુસાફરીએ નીકળી ગયો છું. આ સંપત્તિની સહાયતાથી તારી પ્રિયતમા સાથે તું વિવાહ કરી શકીશ અને અલ્લાની મહેરબાની મેળવીશ. યદા કદાચિત્ તારી પ્રિયતમા વિપત્તિમાં છે, એવું તને જણાય તો મારો આ હસ્તલિખિત વૃત્તાંત અને મારો હીરાજડીત સર્વથી મોટો મુકુટ તેને મોકલી આપજે. તેની સહાયતાથી તે પોતાના શત્રુઓ ઉપર પ્રભુત્વ મેળવશે અને તેઓનો નાશ થઇ જશે. જો શત્રુઓ તારા પર આક્રમણ કરે તો તે નાનો મોતીનો મુકુટ તું મસ્તક પર ધારણ કરજે એટલે તારા શત્રુઓ પલાયન કરી જશે. આ બધી ધનસંપત્તિની મદદથી પૃથ્વી પર તું સ્વર્ગનું સુખ મેળવીશ. જીવન જો કે ટુંકું હોય છે, તો પણ તે અલ્પસ્થાયી જીવનમાં પણ તારા સુખની સીમા રહેશે નહિ. મારા નિમકહલાલ અનુચર એમારનના હાથમાં મેં અર્ધચન્દ્ર સોંપ્યો છે, અને તેને આજ્ઞા કરી રાખી છે કે, આ લોહ અર્ધચન્દ્ર તારે એવી વ્યકિતના હાથમાં સોંપવો કે જે તેની શકિતમાં વિશ્વાસ ધરાવે. તેની શકિતથી તે ગમે તેવાં ગૂઢ રહસ્યોનો ભેદ જાણવાને શકિતમાન થશે; પરંતુ લોહ અર્ધચન્દ્રમાં આવી અચિન્તનિય અલૌકિક શકિતનું કારણ શું છે, તે જાણવાનો તેણે પ્રયત્ન કરવો જોઇએ નહિ. કારણ કે, તમારા યુગના માણસોમાં તેટલું જાણવાના ઉપયુકત જ્ઞાનનો વિકાસ થઇ શકશે નહિ. જેટલું મળ્યું હોય તેટલાથીજ તેણે સંતોષ માનવો. વધારે મેળવવાની ઇચ્છા કરવાથી કોઇ જાતનો લાભ થશે નહિ. માત્ર અતૃપ્તિ અને વિરકિતનો અનુભવ કરવો પડશે.

માટે સુખ-દુઃખના વખતમાં પણ હંમેશાં અલ્લા ઉપર ભરોસો રાખી મારી આજ્ઞાનું પાલન કરશે તો હંમેશ માટે શાંતિ અને સુખ મળ્યા વિના રહેશે નહિ"

હિજરી-૩૧૧

આ પત્ર લખવાનો મર્મ જાણ્યા પછી વિસ્મિત બની ઑકટેવ બોલ્યોઃ-'ભાઇ, ઘણી અજાયબ જેવી વાત છે! જે વાંચ્યું-તે જાણે મૃત વ્યક્તિ હમણાં સમાધીમાંથી ઉઠી વાંચી સંભળાવતી હોય તેમ સ્પષ્ટ જણાય છે!"

"હા ભાઇ! મહાઐશ્વર્યસંપન્ન સુલતાનની અંતિમ ઇચ્છાઓ પૂર્ણ થાઓ એમ હું ઇચ્છું છું. તેઓ મનેજ તેમનો ઉત્તરાધિકારી કરી ગયા છે." એટલું કહી તે દસ્તાવેજ ઘડી વાળી પુનઃ મેં દાબડીમાં મૂકયો. હવે હું નિશ્ચિંત બન્યો હતો કારણ કે જુબેદાની રક્ષા કરવાનો ઉપાય મને મળી આવ્યો હતો. તરતજ જુબેદાને મોકલાવવાને માટે મેં સર્વથી મોટો મુકુટ બહાર કહાડયો. ત્યાર પછી નાનો મોતીનો મુકુટ અમે શોધવા લાગ્યા. શોધતાં શોધતાં એક હીરા મોતીઓના ઢગ નીચેથી તે મળી આવ્યો. આ મુકુટ મોટા મુકુટ જેવોજ હતો, પરંતુ પહેલામાં હીરાઓ ઉત્તમ હતા ત્યારે બીજાઓમાં મોતી અને નીલમ-માણેકનું કામ સારૂં હતું.

હવે આ મોટો મુકુટ અને સોનાની દાબડી જુબેદાને કેવી રીતે પહોંચાડવી તે અમોને ચિંતાનો વિષય થઇ પડયો.

ઑકટેવે અને મેં લાંબો વિચાર કરી જોતાં જેટલું ઝવેરાત લઇ શકાય તેટલું લેવું અને બહાર જઇ ગુફાનું દ્વાર બંધ કરી જુબેદને મુક્તિ અપાવ્યા બાદ સમસ્ત ખજાનો લેવા આવવો એવો નિર્ણય કર્યો. આ નિર્ણય સાથે ઑકટેવને પણ જેટલું લઇ શકાય તેટલું ધન રત્નાદિ લેવાની મેં છૂટ આપી.

આ પ્રમાણે નિર્ણય કરી અમો બન્ને લેવાય તેટલું દ્રવ્ય તથા મુકુટો લઇ બહાર નીકળ્યા. બહાર આવ્યા બાદ થોડી ખજૂર ખાધી અને પાણી પી વિશ્રાંતિ લીધી. પછી ઝાડ પાલવથી ગુફાનું મોં બંધ કરી આગાદેજ તરફ અમે પ્રમાણ કર્યું.

આ વખતે મારા મનની પ્રફુલ્લતા, હૃદયનો આનંદ અને અનેરી આશાઓનું વર્ણન હું કરી શકું એમ નથી. મારી નજર સામે નન્દકાનનની માફક મરૂભૂમિ શોભિત જણાવા લાગી. પૂર્ણ ઉત્સાહ આવેગથી અમે મરૂભૂમિનો શુષ્ક રસ્તો કાપવા લાગ્યા.



પ્રકરણ ૧૭ મું.

—:•:—

કેટલાક દિવસ બાદ અવિશ્રાન્ત પથભ્રમણ કરતા અમો આગાદેજ પાસે આવી પહોંચ્યા. આ વખતે હું વિજયી યોદ્ધાની માફક શહેરમાં પ્રવેશ કરવાનો હતો. કારણ કે જે ભીષણ રહસ્યનો ભેદ મેળવવાને મેં પ્રતિજ્ઞા લીધી હતી, તે રહસ્યભેદનો મર્મ જાણવાને હું સમર્થ થયો હતો. આફ્રિકાના સુલતાનની સમસ્ત ધન સંપત્તિ મારા હાથમાં હતી. મારા જીન નીચેની થેલીમાં બે મૂલ્યવાન હીરાના મુગુટો, સોનાની દાબડી અને દલીલપત્ર હતો. આ ચીજો જુએદાના હસ્ત કમળમાં અર્પણ કરવાને મારૂં મન અધીર બની ગયું હતું. મને ફત્તેહ કરી આવેલો જોઇ જુએદા શું કહેશે? કેવા ભાવથી આ ચીજો ગ્રહણ કરશે? આટલા લાંબા વખતે તેની સાથે મુલાકાત થતી હોવાથી તેના મનના ભાવો કેવા હશે? આવા આવા અનેક તરંગો મારા મનમાં ઉછળવા લાગ્યા. થોડા વખતમાંજ જુએદા હમેશને માટે મારી થશે એવી આશામાં મન આનંદથી પ્રફુલ્લ બની રહ્યું હતું.

શહેરની નજદીક પહોંચતાંજ પાંચ શસ્ત્રધારી અરબ ઘોડેસ્વાર સિંહદ્વાર તરફથી અમારા તરફ આવતા દેખાયા. અમે ધાર્યું કે આ દસ્યુદળના સિપાહીઓ હોવા જોઇએ.

દસેક મિનિટમાં તો તેઓ અમારી નજીક આવી પહોંચ્યા. વિસ્મિત બની ઑક્ટેવ બોલી ઉઠયો:—"દોસ્ત! આ સૈનિકો તો ફ્રેંચ ગવર્નમેન્ટના છે!"

તેના કહેવાનો ભાવાર્થ હું કાંઇ સમજી શકયો નહિ. શુષ્ક મુખે મેં ઑક્ટેવને પુછ્યું:—"તું શું કહે છે? ફ્રેંચ સૈનિકો! અને વળી આગાદેજમાં?"

"હા, ઘણી અજાયબીની વાત છે. આમાં કાંઈ ભેદ મને માલુમ પડે છે. તેઓને મળવા દો એટલે બધો ખુલાસો થઇ રહેશે." તેઓ અમારી નજીકમાં આવી પહોંચ્યા. તેઓમાંના એકે ઑક્ટેવને ઓળખ્યો અને તેની સાથે શેકહેન્ડ કરી બોલ્યો:—"દોસ્ત!

ફત્તેહ-ફત્તેહ ! ફ્રેંચ સૈન્યે વિજય મેળવ્યો છે અને દસ્યુપતિ હાજી અબુ સલામ, તેનો સેનાપતિ લાવાકાન અને ચારસો દસ્યુઓ આપણા હાથમાં કેદ પકડાયા છે ! "

આ વિચિત્ર વાત સાંભળી મારા પેટમાં ફાળ પડી. મેં પૂછ્યું:—" અને જુએદાનું શું થયું ? તે હમણાં ક્યાં છે ?"

"કોણ જુએદા ? સૂર્યનન્દિનીના નામથી જે સ્ત્રી દસ્યુદળમાં વિશેષરૂપે પરચિતા છે, તે જુએદા ? ઓહ ! તેની વાત સાંભળી તમોને શું ફાયદો થવાનો છે ? તે સ્ત્રીજ બધા અનર્થોનું મૂળ છે ! અમે સાંભળ્યું છે કે તે સ્ત્રીજ દસ્યુદળની પરિચાલિકા છે ! હાજી અબુ સલામ તો તેનો ગુલામ છે ! અમારી ફ્રેંચ ગવર્નમેન્ટે જાહેર કર્યું હતું કે જે કોઇ શખ્સ તે દસ્યુ રમણીને પકડી આપશે તેને ગવર્નમેન્ટ તરફથી સારૂં ઇનામ આપવામાં આવશે. અમોને ખબર મળ્યા હતા કે, હાજી અબુસલામે આગાદેજ સર કર્યું છે એટલે અમારા સેનાપતિએ ચારે બાજુથી આગાદેજપર હલ્લો કરવા લશ્કર મોકલાવ્યું. અમોએ એક દિવસ રાતના બાર વાગે હલ્લો કર્યો અને તેઓને પકડી આગાદેજ સર કર્યું. અમોએ જ્યારે જય મેળવવા નગરપર હલ્લો કર્યો, તે વખતે તે રમણી પોતાના અંતઃપુરમાં આરામ શય્યાની અંદર વિશ્રામ લેતી હતી. હલ્લાની વાત સાંભળતાંજ તેણે પોતાના અનુચરોને અમારી વિરુધ્ધ લડવાને ઉશ્કેર્યાં. તે પણ રણચંડીની માફક એક હાથમાં ખંજર અને એક હાથમાં તલવાર લઇ યુધ્ધમાં ઉતરી પડી. તે વખતનું તેનું સાહસ, તેજસ્વિતા અને પોતાના જીવનપરનું ઉદારપણું જોઇ, હું તો આશ્ચર્યથી દિગ્મૂઢ બની ગયો હતો. તેની યુધ્ધકળા જોઇ મારા આશ્ચર્યનો પાર રહ્યો નહિ. આવી રણરંગીણી નારી મારા જન્મમાં મેં કયારેય જોઇ નથી—સાંભળી પણ નથી."

મેં અધીર બની પૂછ્યું:—" તે હમણાં ક્યાં છે તે કહી શકશો ?"

સૈનિક:—"ના સાહેબ, તે ખબર મને નથી."

"તે જીવિત છે કે નહિ તેની તો તને અવશ્ય ખબર હશે."

"હા, યુદ્ધમાં અનેક સ્ત્રીઓ કપાઈ ગઇ છે, તેમાં એ પણ

કપાઈ ગઈ છે, એવું મારા સાંભળવામાં આવ્યું છે.”

ફ્રેંચ સૈનિકની આ વાત સાંભળી માથા પર વીજળી પડી હોય એમ મને થયું. ઑકટેવ મને શાંતિ આપતાં બોલ્યો:– “ભાઈ, તમે સાંભળેલી ઉડતી વાત પરથી દિલગીર થાવ નહિ. ચાલો, આપણે સેનાપતિને મળીએ અને બધો ખુલાસો મેળવીએ.”

સૈનિક બોલ્યો:–“સાહેબ ! મેં તો સાંભળેલી વાત કહી છે, બાકી ખરી–ખોટી ખુદા જાણે.”

મેં પૂછ્યું–“વારૂ, હાજી અબુસલામનું શું થયું ? હમણા તે કયાં છે?”

સૈનિક:–“ અમોએ તેને પકડી એક અંધારી કોટડીમાં કેદ કર્યો હતો. ત્યાં તેણે આત્મહત્યા કરવાનો પ્રયત્ન કર્યો હતો; પરંતુ તેમાં ફાવ્યો નહિ.”

મેં તેને હવે વધારે પૂછવાનું માંડી વાળ્યું. સાહસિની જુબેદાનું પ્રીતિપૂર્ણ મુખ વારંવાર મારી નજર સામે તરવા લાગ્યું. હવે મારે શું કરવું તેનો હું નિર્ણય કરી શકયો નહિ જુબેદાને મળવાનું મારા ભાગ્યમાં નથી એમ મને જણાવા લાગ્યું. હું અને ઑકટેવ અર્ધદગ્ધ રાજનગરના રાજપથને ભેદી ત્વરિત ગતિએ આગળ વધવા લાગ્યા. આખરે રાજપ્રાસાદના ઉદ્યાનમાં પહોંચતાંજ ઑકટેવના કેપ્ટન સેરોનેટની મુલાકાત થઈ.

મને જોતાંજ હર્ષથી પ્રફુલ્લિત બની કેપ્ટને મારી સાથે હસ્તાંદોલન કરી પુછયું:–“ સિસિલ! અહિં કયાંથી ?”

મેં ટૂંકમાંજ પતાવ્યું:–“ શું તમે કાંઈ અનુમાન કરી શકતા નથી ?”

કેપ્ટન:–“ હા, કેટલાક મહિના પહેલાં તમે મને ટ્યુગર્ટમાં મળ્યા હતા અને તે વખતે કહ્યું હતું કે, કોઈ સ્ત્રીની પાસે તમે પ્રતિજ્ઞા લીધી છે અને તે પૂર્ણ કરવાને માટે તમે અહિં આવવાના છો, એ વાત હવે મને યાદ આવે છે.”

“ સહરાના રણમાં મુસાફરી કરવાનો મારો ઉદ્દેશ શું છે, એ મેં તમોને તે વખતે જણાવ્યું નહોતું. હજી પણ તે ગુપ્ત કથા પ્રકટ કરવાનો મને અધિકાર નથી.”

વચ્ચેજ ઑકટેવ બોલી ઉઠયોઃ—" ખરેખર, જે સ્ત્રીએ તમને ગુલામ બનાવી દીધા છે તેની સૌન્દર્યરૂપી મોહજાળમાં તમે ભયંકર રીતે ગુંથાઇ ગયા છો."

મેં કહ્યું:—" તેમાં શું શક! તે રમણી અસાધારણ રૂપવતી છે, એ તો તું પણ કબૂલ કરશે એમ હું માનું છું."

કૅપ્ટનઃ—" તેનું નામ?"

" જુએદા!"

કૅપ્ટનઃ—" કોણ જુએદા? સૂર્યનન્દિની તરીકે પોતાનો આત્મપરિચય આપે છે, તે જુએદા?"

" હા, તેજ. તે અને હું લગ્નગ્રંથીથી જોડાવાને પાક વચનથી બંધાયાં છીએ. કૅપ્ટન સાહેબ, મને તેની પાસે લઇ જાવ. મારે તેની સાથે ઘણી વાતો કરવાની છે."

કૅપ્ટન માથું હલાવી બોલ્યોઃ—" દોસ્ત! મારાથી તે બની શકે એમ નથી!"

મેં અધીર બની પૂછ્યું:—" તેનું કારણ? શું તેનું મૃત્યુ થયું છે?"

કૅપ્ટનઃ—" ના—ના, તેનું મૃત્યુ થયું નથી, પણ તેને કેદ કરવામાં આવી છે. તેને અને હાજી અબુસલામને પકડાએલા કેદીઓ સાથે અલજીરીયામાં મોકલી આપવામાં આવ્યાં છે."

હું ભયભીત બની બોલી ઉઠયો:—" ઓહ! મારી જીંદગીનું સત્યાનાશ વળી ગયું."

કૅપ્ટનઃ—"આ રાજ્યમાં અનેક ખૂબસૂરત સ્ત્રીઓ હોવા છતાં તમે તે દસ્યુ રમણીના પ્રેમમાં મુગ્ધ બન્યા એ ઘણી દુર્ભાગ્યની વાત છે. એ રમણીનું ભવિષ્ય દાંપત્ય—પ્રેમ માટે અનુકૂળ નથી. તેને અતિ ભયંકર શિક્ષા કરવામાં આવનાર છે."

હું વ્યગ્રભાવે બોલ્યો:—"નહિ મહાશય, તે સંપૂર્ણ નિર્દોષી છે. દસ્યુવૃત્તિને તે પોતાના અંતઃકરણપુર્વક ધિક્કારે છે. યુદ્ધક્ષેત્રમાં થતો નરશોણિતસ્રાવ અને હત્યાકાંડ જોઈ તેણે કેટલીયે વાર અશ્રુ પાડયાં છે. યુદ્ધનો તે તિરસ્કાર કરે છે. દુર્ભાગ્યને લીધે તે આ કાર્યમાં જોડાઇ છે. વારૂ, આપ કહી શકશો કે તેના પર કયા

ક્યા આરોપો મૂકવામાં આવ્યા છે ?"

કૅપ્ટનઃ—"દસ્યુવૃત્તિ, લૂંટફાટ અને નરહત્યા."

મેં રૂંધાતા કંઠે પૂછ્યુંઃ—"તેને માટે શી શિક્ષા કરવામાં આવશે ?"

કૅપ્ટનઃ—"જે શિક્ષા થવાની હશે, તે થશે તેને માટે ચિંતા કરવાથી શું ફાયદો થવાનો છે ? ના. માટે મહેરબાન દોસ્ત ! હું તમને વિનંતિ કરૂં છું કે, તેની સાથે વિવાહ કરવાની આશાનો ત્યાગ કરી દો કારણ કે, આ જીવનમાં તેને મુક્તિ મળે એવી આશાજ રાખતા નહિ. ગિલોટીન યંત્રોથી તેનો શિરચ્છેદ થઇ જશે."

હું ઉન્મત્ત બની બોલી ઉઠયોઃ—"શું ગિલોટીન ! કેવું ભયંકર વૈર ! કેવી નિષ્ઠુર પ્રતિહિંસા !"

એટલામાં એક સૈનિક કેટલાક કાગળપત્રો લઇ ત્યાં આવી પહોંચ્યો અને કૅપ્ટનને સલામ કરી ઉભો રહ્યો. કૅપ્ટને તે કાગળ પત્રો વાંચી જોયા બાદ કહ્યુંઃ—'' સિસિલ ! તમે તે રમણીને હંમેશને માટે ભુલી જાવ. યદા કદાચિત, જો તેને પ્રાણદંડની શિક્ષા નહિ થાય તો પણ જીંદગી પર્યંત દેશનિકાલની સજા તો થશેજ એમાં કોઇ જાતનો સંદેહ નથી. તમે ગમે તેટલા પ્રયત્નો કરશો, પણ તેને મુક્તિ અપાવી શકશો નહિ. હમેશને માટે દુષ્કર્મમાં રત રહેવાવાળી એક પાપીષ્ઠા નારીના પ્રેમમાં તમે મુગ્ધ થઇ તમારા ઉન્નત ચરિત્રને માટીમાં મેળવી દો છો એ મને યોગ્ય લાગતું નથી." એટલું કહી મારો હાથ પકડી તે મને સુલતાનના પ્રમોદોદ્યાનમાંથી બહાર લઇ જવા લાગ્યો.

મેં ગંભીર બની કહ્યુંઃ—"સાહેબ, જુબેદા વિષે તમે જે કાંઇ સાંભળ્યું છે, તે બધું મિથ્યા છે."

કૅપ્ટનઃ—"હશે કદાચિત્ ! ભાઇ, જુબેદા કેવી રૂપસુન્દરી છે તે મારાથી અજાણ્યું નથી. તેના રૂપ આગળ પેરીસની પરીઓને લાવીને મૂકવામાં આવે તો પણ તુલના થઇ શકે એમ નથી. પૃથ્વીના અનેક દેશોમાં મેં ભ્રમણ કર્યું છે, અનેક સુન્દર સ્ત્રીઓને નિહાળી છે છતાં તેનો જોટો તો નથીજ એમ મારે

કબૂલ કરવું જોઈએ."

મેં કહ્યું:—"તેના રૂપની આલોચના કરવાની મારી ઇચ્છા નથી. વારૂ, હું એમ પૂછું છું કે કયા દોષને લીધે તેને આવી ભયંકર શિક્ષા ફ્રેંચ ગવર્નમેન્ટ કરશે? શું તેને માટે નરહત્યાનાં પ્રત્યક્ષ પ્રમાણો તમોએ મેળવ્યાં છે?"

કૅપ્ટનઃ—"ના, તેવી રીતનાં પ્રમાણો મળ્યાં નથી, એમ મેં સાંભળ્યું છે. પરંતુ એટલું તો ખરૂં કે, તેના પર કાયદેસર કામ ચલાવી તેને પ્રાણદંડ નહિ તો દેશનિકાલ—એ બેમાંથી એક સજા તો અવશ્ય થશેજ."

દુઃખ અને ક્ષોભથી હોઠને કચરતાં હું બોલ્યોઃ—"ઓહ! ન્યાયપરાયણુતનો ડૉળ કરનાર ફ્રેંચ ગવર્નમેન્ટ કેવી પ્રતિહિંસાપરાયણ છે તેની આજ સુધી મને ખબર ન હોતી. તે નિર્દોષી યુવતીને દેશનિકાલ, પ્રાણદંડ કિંવા ગિલોટીન યંત્રમાં રીબાવી મારવાની સજા! તેનું કારણ શું? પૃથ્વીપરની બીજી જાતિઓ ફ્રેંચોની આવી દંભનીતિ માટે શું કહેશે?"

કૅપ્ટનઃ—"ગમે તે કહે, તેની અમને દરકાર નથી. કારણ કે, તમારા ચક્ષુઓ પ્રેમમાં પાગલ બની ગયાં છે."

મેં પણ ક્રોધકંપિત સ્વરે કહ્યું:—"પાગલ કહો યા દિવાના કહો, ફ્રેંચોના હાથમાંથી જીવના જોખમે પણ જુએદાને હું છોડાવ્યા વિના રહીશ નહિ."

કૅપટનઃ—'દોસ્ત! આવું દીવાનાપણું છોડી દો. ફ્રેંચ સૈનિકોના હાથમાંથી જુએદાને છોડવવા જતાં, તમારાજ પ્રાણ ગુમાવવા વખત આવી પહોંચશે."

મેં કહ્યું:—"તમારી આવી ઉમદા સાવધગીરીની સૂચના માટે તમારો આભાર માનું છું."

મારી વાત પૂર્ણ થાય ન થાય એટલામાં નેરોરેટ તે સ્થાને આવી પહોંચ્યો. તેણે કૅપ્ટનને કહ્યું:—"મારે એક માણસને અલજીરીયા જરૂરી કામ માટે મોકલવો છે. કોઈ વિશ્વાસુ માણસને શોધી કહાડો."

મેં કહ્યું:—"ઑકટેવ વગર બીજો કયો માણસ મળવાનો

છે? તેને તે કામ સોંપો. હું પણ અલજીરીયા જવાનો છું એટલે અમો ઉભયને મુસાફરી સાથે કરવી ઠીક થઇ પડશે."

કેપ્ટને પુછ્યું:—"કોણ ઑાકટેવ? સેનાપતિ ડેસોનેલના દળપર જ્યારે દસ્યુઓએ હલ્લો કર્યો હતો, તેમાંથી તે એકલોજ બચ્યો હતો. હું જાણું છું કે તે અત્યંત સાહસી અને કષ્ટ સહન કરવાવાળો વીરપુરૂષ છે."

"ત્યારે તેને એક કલાકમાં તૈયાર થઈ રહેવાનું કહો." એટલું કહી સેનાપતિ ત્યાંથી ચાલ્યો ગયો.

સેનાપતિ નજર સામેથી અદૃશ્ય થયા પછી કૅપ્ટને મને પુછ્યું:—"શું ખરેખર તમે મરૂભૂમિમાં મરીચિકાના સંધાન માટે રખડવાનું પસંદ કર્યું છે?"

મેં કહ્યું:—"એ વિષે હું દૃઢ નિશ્ચયી છું. જુબેદાની તપાસ માટે જવુંજ જોઇએ મારી સામે એકજ પ્રશ્ન છે કે, તેને કેવી રીતે મુક્તિ અપાવવી."

કૅપ્ટનઃ—"હું માનું છું કે, તે જાદુગરણીએ જાદુમંત્રથી તમને વશીભૂત કર્યા છે એટલે તમને જેટલી સલાહ આપવામાં આવે તે તમે માની શકશો નહિ! પરંતુ તમને ખબર નથી કે જે દસ્યુદળ ગુપ્ત રીતે અમારો નાશ કરવાને કપટ કારસ્થાન રચી રહ્યું હતું, તે દળની તે અધિષ્ઠાત્રી હતી. એટલુંજ નહિ પણ હાજી અબુ સલામના અંતઃપુરમાં બેગમની માફક રહેતી હતી, તેનું કેમ?"

મેં દૃઢતાપૂર્વક જવાબ આપ્યો:—"જુબેદાની વિરૂધ્ધમાં ગમે તેવા ગંભીર આક્ષેપો તમે મારી સાથે મૂકો, પણ તેના તરફના પ્રેમમાં એક રતી ભાર પણ મને કોઇ ચળીત કરી શકે એમ નથી. હું જે બોલું છું, તે પ્રમાણેજ વર્તીશ. માત્ર એટલી ખાત્રી રાખજો કે, તેને હું મારા પ્રાણ કરતાં પણ વિશેષ પ્રેમથી ચાહું છું. તેનો ઉધ્ધાર કરવાને માટે જીવનનો દાવ ખેલી અનેક સાહસો કર્યાં છે, અને તેમાંથી સુખરૂપ પાર થઈ ગયો છું. આ પ્રયત્નમાં પણ તેને મુક્તિ અપાવ્યા સિવાય રહીશ નહિ."

"જોઇએ છીએ, તમે કેવું પરાક્રમ ગજાવો છો." એટલું કહી કૅપ્ટન ત્યાંથી ચાલ્યો ગયો.

પ્રકરણુ ૧૮ મું.

—:•:—

હું અને ઑક્ટેવ તેજ રાત્રે અલજીરીયા જવાને ઉપડયા. અલજીરીયા પહોંચતાં અમોને લગભગ પાંચ અઠવાડીયાં લાગ્યાં. આટલા વખતમાં અમોએ માત્ર ચોવીસ કલાકજ રેલ્વેમાં મુસાફરી કરી હતી.

નગર પ્રવેશ કર્યાં બાદ સૌથી પહેલાં અમોએ એક હૉટેલમાં રહેવાની ગોઠવણુ કરી. ઑક્ટેવે ખાણુનો હુકમ આપ્યો અને બંને બંધુઓએ ખાણુને ઈન્સાફ આપી વિશ્રાંતિ લેવાનો વિચાર કર્યો.

લગભગ બે કલાક વિશ્રાન્તિ લીધા બાદ કૉફીના બે કપ મંગાવી અમોએ પીધા અને સુસ્તી ઉડાવવા પ્રયત્ન કર્યો. સુસ્તીની સાથે અમો બંને ગંભીર ચિંતામાં નિમગ્ન થઇ ગયા હતા. કેવી રીતે જુએદાને મુક્તિ અપાવવી એ મારી ચિંતા હતી, જ્યારે સેનાપતિનો ગુપ્તપત્ર નિર્વિઘ્ને ગવર્નરને હાથોહાથ પહોંચાડવો તેની ચિંતા ઑક્ટેવને હતી.

ઑક્ટેવે પોતાનો રિપોર્ટ તૈયાર કર્યો અને જેનરલ સેનોરેટના મહેલ તરફ પ્રયાણુ કરી ગયો. જ્યારે નવાં કપડાં પહેરી કઇ યુક્તિ પ્રયુક્તિથી ગવર્નર જનરલને મળવું, તેના વિચાર કરતો હું ઓરડામાં ટહેલવા લાગ્યો.

એટલામાં ઘડીયાલની અંદર દસના ટકોરા પડયા એટલે હું ચમકયો. અને ઉન્મતની માફક વિચારવા લાગ્યો કે હવે મારે શું કરવું ? મારી આશા ચૂર્ણ-વિચૂર્ણ બની ગઇ હતી. હૃદય ભગ્ન બની ગયું હતું, પૂર્વ સંકલ્પો છિન્નવિચ્છિન્ન થઈ ગયા હતા. ક્ષોભ, દુઃખ અને ઉદ્વેગથી મારૂં જ્ઞાન લુપ્ત થઇ ગયું હતું.

આમ વિચારમાં ને વિચારમાં સાડા દસ થયા. સમય પાણીની માફક વહી જવા લાગ્યો. એક ક્ષણુનો પણુ વિલંબ કરવાનું ઉચિત નહોતું. હું મેજની નજીક ગયો. મારા ખીસ્સાઓમાંની કેટલીક ચીજો જે મેજ ઉપર પડી હતી તે બધી મેં

ખીસ્સામાં મૂકી દીધી. ત્યાર પછી ટોપી માથા ઉપર મૂકી હું બહાર નીકળ્યો.

તે અંધકારમયી રાત્રિએ વાંકીચુંકી ગલીઓ વટાવી હું કેટલું ચાલ્યો હોઇશ, તેની મને ખબર રહી નહિ.

લગભગ અર્ધાં કલાક ચાલ્યા બાદ હું ગવર્નર જેનરલના સુવિસ્તીર્ણ એવા રાજમહાલયના દ્વાર પાસે આવીને ઉભો રહ્યો. દ્વાર પર એક મજબુત બાંધાનો ફ્રેંચ સિપાહી પહેરો ભરતો હતો. મને દ્વારમાં ઉભેલો જોતાંજ પહેરગીરે એક સાશંક દૃષ્ટિ મારા પર ફેંકી.

મેં તેને કહ્યું:—"મારે ગવર્નર જનરલને મળવું છે."

પહેરગીર બેદરકારીથી જવાબ આપ્યો:—"લૉર્ડ સાહેબની મુલાકાત લેવી સહેલી નથી. તમે વિદેશી મુસાફર જેવા જણાઓ છો એટલા માટે તેમના એડીકાંગ પાસેથી અનુમતી પત્ર લઇ આવો એટલે મુલાકાત થશે."

મેં કહ્યું:—"રાજપ્રાસાદ જોવાની મારી ઇચ્છા નથી. હું ખુદ લૉર્ડ સાહેબનેજ મળવા માંગું છું." એટલું કહી મારા નામનો કાર્ડ મેં તેના હાથમાં મૂક્યો અને લૉર્ડ સાહેબને પહોંચાડવાનું કહ્યું.

પહેરગીર કાર્ડ જોઈ મને એક નાના બાંકડાપર બેસવાનું કહી ત્યાંથી ચાલ્યો ગયો. પાંચેક મિનિટ બાદ ડોલતો ડોલતો તે પાછો આવ્યો અને મિજાજ જરા કડક કરી બોલ્યો:—"લૉર્ડ સાહેબ, કામમાં ઘણાજ રોકાયેલા છે; છતાં તમારી વિનંતિ અમાન્ય થઇ નહિ. ચાલો, મારી સાથે આવો."

તેના ઉપરોક્ત શબ્દો સાંભળી મારા વક્ષસ્થળમાં વિદ્યુત પ્રવાહનો સંચાર થયો. જુબેદાને બચાવવાને માટે માત્ર એકજ રસ્તો હતો, અને તે બંધ નહોતો એટલા માટે હું ઇશ્વરનો આભાર માનવા લાગ્યો.

અનેક ઓરડાઓ, દિવાનખાનાઓ વગેરે વટાવી પહેરગીર મને મહેલની પાછળના ભાગમાં આવેલા એક ખાનગી ઓરડામાં લઈ ગયો. આ ઓરડાને લૉર્ડ સાહેબની ખાનગી ઑફીસ કિંવા

લાયબ્રેરી કહેવામાં આવે તો અતિશયોક્તિ ભરેલું કહેવાય નહિ. ઓરડાના મધ્ય ભાગમાં એક ગોળ મેજ આવેલું હતું અને તેનાપર પડેલી જૂદી જૂદી જાતના કાગળો ઉડી ન જાય તે માટે સુંદર કારીગરીવાળાં પુતળાંઓ રાખવામાં આવ્યાં હતાં. ઓરડાની ચારે બાજુએ ઉંચી આલમારીઓ આવી હતી, અને તેની અંદર સેંકડો પુસ્તકો ગોઠવેલાં હતાં. આખો ઓરડો યૂરોપિયન પદ્ધતિથી શણગારવામાં આવ્યો હતો. એક બાજુ ટેબલ પર પુષ્પપાત્ર પડ્યું હતું અને તેની અંદર સુન્દર રૂપે ગોઠવેલાં ફૂલો જોઇ કોઇ કલાનિપુણ રમણીનું ત્યાં અસ્તિત્વ હોવું જોઇએ એમ ખાત્રી થતી હતી. આ ઓરડામાં પ્રવેશ કરી હું આતુર નયને ગવર્નર જનરલની પ્રતીક્ષા કરવા લાગ્યો.

થોડા વખતમાંજ દ્વાર ઉઘડ્યું અને એક વયસ્ક પ્રૌઢ પુરૂષે ત્યાં પ્રવેશ કર્યો. તેના મસ્તક પરના કેશ અર્ધપક્વ થઇ ગયા હતા. દહાડી અને મૂછ લશ્કરી પધ્ધતિએ કાપ્યાં હતાં. શરીર પર રાજકીય પોષાક પરિધાન કર્યો હતો. દૃષ્ટિમાં અહંકાર અને કુટીલતા જણાઇ આવતી હતી. આ મહાશય અલજીરિયાના ગવર્નર જેનરલ હતા.

લૉર્ડ સાહેબ ધીમે પગલે ઓરડામાં દાખલ થયા અને મેજની બાજુમાં આવેલી ખુરસી પર બેઠા. ત્યાર પછી એક વિરક્તિપુર્ણ દૃષ્ટિપાત તેમણે મારા તરફ કર્યો.

તેમને બોલવાનો અવસર નહિ આપતાં તાત્કાળિક મેં બોલવાની શરૂઆત કરી:—"સાહેબ, આવા વખતે આપ સાહેબને મળવા માટે આપની હું ક્ષમા માગું છું; પરંતુ મારૂં કામ એટલું બધું જરૂરી છે કે, તેમ કર્યાં સિવાય છુટકો નહોતો."

લૉર્ડે કહ્યું:—"નોકરની પાસે મેં સાંભળ્યું છે કે, તમારે મારી સાથે કાંઇ ખાનગી વાતચિત કરવાની છે માટે જે કહેવાનું હોય તે જલ્દી કહો, કારણ કે, આજે રાતના મારે ત્યાં બૉલનો જલ્સો છે એટલે કેટલાક પરોણાઓ આવવાના છે. વારૂ, તમે ક્યાંથી આવો છો?"

"આગાદેજથી."

"શું, આગાદેજથી ? ત્યારે તો અમારા સેનાપતિ સિનોરેટને ઓળખતા હશો. હાલમાં તેઓએ મહા પરાક્રમ કરી આફ્રિકાના એક મહાભયંકર દસ્યુને તેની ટોળી સાથે કેદ પકડયો છે. તે વખતે શું તમે ત્યાં હતા ?"

"ના, સાહેબ, પરંતુ તે દસ્યુદળ વિષેજ હું આપની સાથે થોડી વાતચિત કરવા માગું છું. હું જાણું છું કે, આપ જુએદાને તો અવશ્ય ઓળખતા હશો !"

"કોણ, જુએદા ?—પેલી સ્ત્રી કે જે દસ્યુઓની સાથે મળી નિર્દોષ પથિકોને પાયમાલ કરતી—તે પાપિષ્ઠા માટે તમે કહો છો? બોલો, તમારે શું કહેવાનું છે ?"

"તેનાપર કયા આરોપો મૂકવામાં આવ્યા છે, અને તપાસ ક્યારે પુરી થશે ?"

"તપાસ બે દિવસમાં પુરી થશે. તેની વિરૂધ્ધમાં જે જે આરોપો મૂકવામાં આવ્યા છે, તેનો તેણે સ્વીકાર કર્યો છે."

"કયા આરોપો ?"

"રાજવિદ્રોહ અને નરહત્યા !"

"સાહેબ, દયા કરી આપ મારી એક અરજ સાંભળશો ? એ રમણી મારી પ્રિયતમા છે. હું—"

મને આગળ બોલતો અટકાવી લૉર્ડ સાહેબ બોલ્યાઃ—"શું એક ખુની અને ધાડપાડુ ઓરતનો બચાવ કરવા તમે આવ્યા છો ?" એટલું કહી નોકરને બોલાવવાની રૌપ્ય ઘંટાને તેમણે સ્પર્શ કર્યો.

મેં કહ્યુંઃ—"સાહેબ, આટલા બધા વિરક્ત બનો નહિ. મારા જેવા ગરીબની પુરતી વાત સાંભળ્યા બાદ આપને યોગ્ય લાગે તેમ કરજો." એટલું કહી જુએદા સાથેની પહેલી મુલાકાતથી આજ સુધીનો સવિસ્તર વૃત્તાંત મેં તેમને કહી સંભળાવ્યો અને જુએદાની મુક્તિ માટે પ્રાર્થના કરી.

મારી વાત સાંભળ્યા બાદ લૉર્ડ સાહેબે કહ્યુંઃ—"ઓહ ! તમે કેવા બેઅકલી છો. એક રાજવિદ્રોહી ભયંકર નરઘાતિની ઓરતને તમે ચાહો છો ! અને તેટલા માટે શું હું તેને છોડી

દઉં ? ના—ના.”

"સાહેબ, આપ ઇચ્છા કરો તો તેને જીવિતદાન આપી શકો છો. આપની પાસે ભીક્ષામાં હું તેનું જીવન માગું છું. આપ ગુપ્ત રીતે તેને પલાયન કરવાની સગવડ કરી આપશો તો આ જીંદગીમાં આપનો અહેસાન ભુલીશ નહિ."

"વાહ! તમે પણ એક વિચિત્ર પ્રકૃતિના મનુષ્ય છો. તમારી વાત હું સાંભળવા માગતો નથી માટે અહિંથી ચાલ્યા જાવ નહિ તો સિપાહી પાસે ધક્કો મરાવી મારા મહેલની બહાર કઢાવીશ. તમારૂં આવું અદ્‌ભુત સાહસ પ્રશંસનીય છે એ વાત હું કબૂલ કરૂં છું અને તેની સિધ્ધિ માટે તમે કદાચ રૂશ્વત આપીને પણ જુએદાને છોડાવવાની બાજી રચો તો નવાઇ નહિ!"

"હા સાહેબ, તેમ કરવાને પણ હું ચુંકું નહિ."

"ધારો કે, હું તેને છોડી દઉં તો તમે મને શું આપશો?"

"આપનાં જીવનની સ્વાધીનતા!"

"મારા જીવનની સ્વાધીનતા? પાગલની માફક તમે શું બકો છો તેની મને સમજણ પડતી નથી."

"ક્યાંથી પડે. તમારો અને મારો પૂર્વપરિચય નથી."

"શું અહિં મારૂં ખૂન કરી જુએદાને છોડાવી જવાનો તમારો વિચાર છે?"

"ના. જો કે મારી પાસે પિસ્તોલ છે અને મારી પ્રણયિનીનું જીવન વિપત્તિથી ઘેરાઈ ગયેલું છે; છતાં આપ ખાત્રી રાખજો કે નરહત્યા કરી તેને છોડાવવાનો મેં સંકલ્પ કર્યો નથી."

"પરંતુ તમારા વર્તન ઉપરથી તમે મને ભય દર્શાવી તમારૂં કાર્ય સિદ્ધ કરી લેવા માગો છો એમ સ્પષ્ટ જણાઇ આવે છે. હું તમારી ધમકીથી ડરી જાઉં એવો નથી. એક ફ્રેંચ શાસનકર્તાને કર્ત્તવ્યથી ભ્રષ્ટ કરવાના ગુન્હાસર હું તમોને કારાગારમાં નાખ્યા સિવાય રહીશ નહિ."

એકાએક લૉર્ડ સાહેબની પછવાડેથી એક રમણી સુકોમળ કંઠે બોલી:—"હેન્રી! હજી સુધી તમે અહિં બેસી રહ્યા છો? હું તો સમજી કે તમે પોષાક પહેરી અતિથિઓનો આદરસત્કાર

કરવા દરવાજા પર ગયા છો! ચાલો, જલ્દી કરો. પરોણાઓ આવવા લાગ્યા છે."

મેં માથું ઉંચુ કરીને જોયું તો એક સુન્દર રમણી ફૅશનનો મૂલ્યવાન પોષાક પહેરી ઓરડામાં પ્રવેશ કરી લૉર્ડ સાહેબને ઉપરોક્ત વચનો સંભળાવી રહી હતી.

લંડનની અનેક દુકાનોનાં બારી બારણામાં મેં આ રમણીની છબીઓ ટીંગાડેલી જોઈ હતી. તે પરથી હું સમજી શકયો કે આ તો લૉર્ડ સાહેબનાં પત્ની અને મારા મિત્ર ઑકટેવની પૂર્વાશ્રમની માશુકા છે."

લૉર્ડ સાહેબે અંગ્રેજી ભાષામાંજ તેમની પત્નીને કહ્યું:–"હવે વિલંબ નથી. હું હમણાંજ આવું છું."

લૉર્ડ પત્ની:–"ત્યારે તો હું અહિં રાહ જોઉ છું. આપને લઇનેજ જઈશ."

મેં લૉર્ડ પત્ની તરફ જોઇ કહ્યું:–"બાનુ, બેઅદબી માફ કરશો. આપની સ્વામીની સાથે મારે કેટલીક ખાનગી વાતચિત કરવાની છે."

રમણીએ નીલનેત્રે મારા તરફ જોયું અને મિઠ ભાષણ કરતાં કહ્યું:–"ત્યારે હું અહિં ખોટી થઈશ નહિ; પરંતુ તેમને જલ્દી મોકલી આપશો."

રમણી તરતજ તે ઓરડો છોડીને ચાલી ગઇ.

લૉર્ડ પત્નીના જવા બાદ લૉર્ડ સાહેબે રોષપૂર્ણ દૃષ્ટિ મારા તરફ ફેંકી કહ્યું:–"તમે મને ભય દેખાડો છો? હું તમને ઓળખતો નથી. તમારાથી ડરવાનું મને શું પ્રયોજન છે, તેની પણ મને ખબર નથી."

મેં દૃઢ સ્વરે કહ્યું:–"સાહેબ, નકામી વાતચિતથી સમયનો વ્યય કરવામાં તમોને અને મને બિલકુલ ફાયદો નથી. એટલે તમને સ્પષ્ટ ભાષામાં જણાવી દઉં છું કે, આજ રાતનાજ હું જુબેદાને મુક્તિ મળે એ ઇચ્છું છુ."

લૉર્ડ સાહેબ મેઘ ગર્જના કરતાં બોલી ઉઠયા:–"અસંભવ."

હું થોડીક પળો શાંત બેસી રહ્યો. પછી આખરે બાણુ

છોડવાનો નિશ્ચય કરી મેં તેમને કહ્યું: "સંભવ–અસંભવ તમારા મનની વાત છે. તમારા હાથમાં માત્ર બે રસ્તા છે. કાં તો જુએદાને છોડો નહિ તો ફ્રેંચ ગવર્નમેન્ટના અલજીરિયાના ગવર્નર જેનરલના પદનો ત્યાગ કરો."

"દીવાના! તારી આવી ધમકીથી હું ડરી જાઉં તેમ નથી. ચાલ ચાલ્યો જા, અને તારી મરજીમાં આવે તેમ કર."

"સાહેબ, વિચાર કરી જુઓ; પાછળથી પસ્તાવાનો વખત વખત ન આવે તેનો ખ્યાલ કરો."

"મેં તને એક વખત કહ્યું કે, હવે તારી વાત હું સાંભળવા માંગતોજ નથી."

'ત્યારે તમે જુએદાને મુકિત નહિ આપો કેમ?"

"હા, નહિ આપું."

"સાહેબ, વિચાર કરો. તમારૂં પૂર્વ જીવન સંભારો. તમારા પૂર્વ જીવન સાથે જડાયેલી વાતો હજી સંભ્રાન્ત કુલોની યાદમાંથી ગઈ નથી. માટે તમારી પાસે હું જે પ્રાર્થના કરવા આવ્યો છું તે માન્ય કરો. આપ માનો છો કે, સુંદરીશ્રેષ્ઠા જુએદાને ગીલોટીન યંત્રમાં છુંદી નાખવાથી આપની ન્યાયપરાયણતાના અને ફ્રેંચ રાજશાસનના ગૌરવનાદ આ વિસ્તીર્ણ રાજ્યમાં સંભળાશે! પરંતુ યાદ રાખજો, તમારૂં આ અભિમાન ચૂર્ણ થઈ જશે. અને તરતજ પદચ્યુત થઈ તમોને બંદીવાનની દશામાં પેરીસ પહોંચવું પડશે અને ત્યાંની નિદારૂણ કલંક અને લજ્જાથી આપને શરમિંદા બની મોતને શરણ થવું પડશે!"

લૉર્ડ સાહેબનો પિત્તો હવે બરાબર ઉછળી આવ્યો. તેમણે સિંહ ગર્જના કરી કહ્યું:–"બદમાસ! એક ફ્રેંચ ગવર્નર જનરલને દમ ભરાવતાં જરા પણ ડર ખાતો નથી? મારે ઘેર આવી મનેજ અપમાનિત કરવાનો તને શું અધિકાર છે?"

મેં કહ્યું:–"સાહેબ, ઠંડા થાવ અને મારા આખરી શબ્દો સાંભળી લ્યો. પછી આપની ઈચ્છામાં આવે તેમ કરવાની આપને

છૂટ છે. હું માનું છું કે, જે વાત હું તમને કહેવા માગું છું તેથી તમો અજ્ઞાત નથી. માટે શાંત ચિત્તે બેસો અને મારી વાત સાંભળી લ્યો.”

લૉર્ડ સહજ ઠંડા થયા. તેઓ ખુરસીમાં બેઠા એટલે મેં એકદમ એક વિચિત્ર કહાણી તેમને કહેવા માંડી.



પ્રકરણ ૧૯ મું.

—:०:—

કેટલાક વખત પહેલાં લંડન નગરમાં એક પ્રતિષ્ઠિત માણસ રહેતો હતો. કેવળ એક માત્ર યુવતી કન્યા સિવાય એ માણસને બીજું એક પણ સંતાન નહોતું. એમ હોવાથી એ ધનવાન માણસની સઘળી મીલકત ઉપર તેની કન્યાનો અધિકાર હતો. ફ્રેંચ પ્રજાતંત્રનો અગાઉ થઈ ગયેલો એક વૃદ્ધ મંત્રી દૈવયોગે એ ઈંગ્રેજ યુવતીના પરિચયમાં આવ્યો. તે જાતે ફ્રેંચ હતો. ખુબસૂરત યુવતીની બાપકમાઇની મિલકત તરફ વૃધ્ધ મંત્રીની લોભદૃષ્ટિ પડી. વૃધ્ધે યુવતીના પિતાની પાસે તેની કન્યાના હાથની માગણી કરી. ઇગ્રેજ ધનકુબેરે એ માગણી સ્વીકારી. પરંતુ એ વિવાહમાં બે મહાન વિઘ્ન હતાં. પહેલું વિઘ્ન એ હતું કે યુવતી બીજા એક યુવકના પ્રેમમાં પડી હતી. તથા બીજું વિઘ્ન એ હતું કે, જે વૃદ્ધ મંત્રી એ યુવતીને પરણવા અધીર બની ગયો હતો તેનું વર્તન અને સ્વભાવ સારા નહોતા. પારીસથી થોડે છેટે આવેલા એક ગ્રામ્ય ભવનમાં મેરીયેટ લિસ્ટ્રેટ નામની એક સુંદરીને પોતાની રખાત—ઉપપત્નિ તરીકે છુપી રીતે તેણે રાખી હતી. એ વાત આ યુવતીનો જ્ઞાતિભાઇ જાણી શકયો હતો. એ યુવકનું મ્હોં બંધ કરવામાં ન આવે તો ઉપરોક્ત ફ્રેંચ અમાત્ય કોઇ પણ પ્રકારે યુવતીને પરણી તેની બાપીકી મિલકતને મેળવી શકે એવો સંભવ નહોતો. તથા એ વાત વૃધ્ધ મંત્રી પણ જાણતો હતો. વળી એ યુવકનું મ્હોં બંધ કરવાનું કામ ફ્રેંચ દ્રવ્યલોભીને માટે શકય ન હોતું.

આવી સ્થિતિમાં એક દિવસે એ યુવકનું સેન્ટ જેમ્સ સ્ટ્રીટમાં આવેલા એક સુસજ્જિત મકાનમાં કોઇએ ખુન કરેલું માલુમ પડયું. ખુની ગુમ થઇ ગયો હતો.

આ વાત કહેતી વખતે હું લૉર્ડ સાહેબના મ્હોં તરફ વારંવાર વક્ર દૃષ્ટિથી જોતો હતો. મારી વાત સાંભળતાં સાંભળતાં તેમના મુખનો ભાવ વારંવાર બદલાતો હતો, તથા તેમનું

જ્હોં ઉતરી જતું હોય એમ મને લાગતું હતું. તેમના ઓષ્ટ કંપતા હતા. નેત્રોમાં ઉદ્વેગનો ભાવ ભરાતો હતો. છતાં ક્ષણ માત્રમાં આત્મસંવરણ કરી તેમણે કહ્યું:—"ખૂની ક્યાં ગુમ થઇ ગયો એ વાતનો કાંઇ પત્તો લાગ્યો નહિ કે?"

મેં કહ્યું:—"પત્તો લાગ્યો છે. પેલો વૃદ્ધ મંત્રી એ યુવકનું સફાઈથી ખૂન કરી એવી સાવધાનતાથી સરકી પડયો કે, તેના ઉપર કોઇને સંદેહ પણ ઉપજ્યો નહિ. તે નિર્વિઘ્ને પેલા ધનકુબેરની યુવતી કન્યા સાથે વિવાહ કરી તેની અગાધ સંપત્તિનો ઉત્તરાધિકારી થયો છે. સમાજમાં તેનાં માનપ્રતિષ્ઠામાં ઘણો વધારો થયો છે. આજે તે અલજીરિયાના ગવર્નર જનરલના પદ ઉપર બિરાજે છે!"

મારી આ વાત સાંભળી લૉર્ડ સાહેબ સફાળા ઉઠી ગયા તથા કંપતા કંપતા બોલી ઉઠયા:—"તમે આ ખોટો અપવાદ મૂકો છો. આ અન્યાય છે. શું તમારૂં તેમજ ધારવું છે કે એ ખૂની હું છું?"

"આપની વિરૂધ્ધ મારૂં કાંઇ કહેવું નથી. છતાં હું આપને એટલું ચોક્કસ કહું છું કે ખૂનીના ઉધ્ધારનો કોઇ બચાવ નથી. એ ખૂની મામલાનાં ચોક્કસ પ્રમાણો મારી પાસે મૌજૂદ છે."

"પ્રમાણો? એ તમે શું કહો છો?"

"હું શું કહું છું અને જાણવા જ્યારે તમે આતુર છો, ત્યારે બધી વાત સાફ સાફ કહું છું. સાંભળો, "વાયોલેટ હેન્સબરીના આશક એટલે કે આપના હરીફ યુવકના હાથે આ ખૂન થયું છે, એમ લોકોનું માનવું છે."

"હા, એ વાત સાબીત થઇ ચૂકી છે. જે છૂરીના આઘાતથી એ યુવકનું ખૂન થયું હતું એ છૂરી ખૂનીની પોતાની છે, એમ સાબીત થઈ ગયું છે. ખૂન થયેલા મકાનમાંથી જે સોનાની પેન્સીલ કેસ મળી આવી છે, તેના ઉપર ખૂનીનું નામ કોતરેલું છે. એટલુંજ નહિ, પણ મરનારના દ્વારપાળે ખૂન થયું એ રાત્રે ખૂનીને મકાનમાં દાખલ થતો જોયો હતો. પોલીસે તેને પકડવાને ઘણી મહેનત કરી છે; પરંતુ પકડી શકી નથી."

"હવે હું એ નિર્દોષ માણસપર આવી પડેલા કલંકને દૂર કરવા માટે તેના પ્રતિનિધિ તરીકે તેની નિર્દોષિતા સાબીત કરવા તેમજ ખરા ગુનેહગારને ન્યાયની અદાલતમાં ખડો કરવા ઇચ્છું છું."

"તમે તમારી ખુશી હોય તેમ કરી શકો છો."

"મહાશય, આ કામ મારે માટે મુશ્કીલ નથી. જો મુશ્કીલ હોત તો હું આવી રીતે આપની પાસે આવવાનું સાહસ કરત નહિ."

"પરંતુ પુરાવા વિના કાંઈ થવાનું નથી. મારી વિરૂધ્ધ શો પુરાવો છે?"

"સાહેબ, મારી પાસે કેવો મજબૂત પુરાવો છે, એની જો આપને કલ્પના પણ હોત તો આવો દંભ આપ કદાપી ન દર્શાવત. થોડા દિવસમાંજ જ્યારે આપને ફોજદારી ગુન્હેગાર તરીકે અદાલતમાં હાજર થવું પડશે, તે દિવસે આપને પૂછવામાં આવશે કે એ મરનાર માણસે આપની સાથે તેનું ખૂન થયું તે દિવસે બૅન્ડ સ્ટ્રીટની હૉટલમાં શા માટે તમારી મુલાકાત લીધી હતી?"

"તેમને મળવા આવ્યો ન હોતો."

"અદાલતમાં એ વાત સાબીત થશે."

"કોણ એ વાત સાબીત કરશે? હું અલજીરીયાનો ગવર્નર જનરલ છું અને તું રસ્તે રખડતો એક જુગારી અંગ્રેજ ફકીર છે."

'આપના જેવા પ્રતિષ્ઠિત માણસે ગુસ્સે ભરાઇ જીભની લગામ આટલી છુટી મૂકવી એ શોભાં ભરલું નથી. મનમાં ને મનમાં આપ બીતા જણાવ છો. મુખેથી કબૂલ કરો યા ન કરો. છતાં આપ એટલું અવશ્ય જાણો છો કે, હમણાં આપ ફ્રેંચ આફ્રિકામાં રહેતા હોવા છતાં કોઈ પણ જાતના ખુની કાયદામાંથી છટકી શકો એમ નથી. એકજ અઠવાડીયામાં હું લંડન નગરમાં જઈ પહોંચીશ ત્યાર પછી—"

વચ્ચેજ લૉર્ડ સાહેબ બોલી ઉઠયા:—"પછી શું?"

"આપના જેવા બુધ્ધિશાળી માણસ એટલું પણ સમજી શકતા નથી? લંડન જઇ હું સ્કૉટલૅન્ડ યાર્ડના ડીટેકટીવ ડીપાર્ટમેન્ટના

સુપરિન્ટેન્ડન્ટને મળીશ. તથા આપની વિરૂધ્ધ જે સઘળાં શાબખાણુ પ્રમાણુ છે, તે તેમના હાથમાં મૂકીશ. અને આપને આ દેશમાંથી લંડનમાં લઇ જવાનું વૉરન્ટ મેળવીશ.''

"હું આવી રીતે બેસી રહી તારી આ વાહીયાત જેવી વાતો સાંભળવા માગતો નથી. તમે ચાલ્યા જાવ. બીજા કોઇ સ્થળે જઇ આવી રીતે સુકો દમ ભરાવજો. તમારી બનાવટી વાતો સાંભળી ડરી જાઉં એવો હું નાનો કીકો નથી.''

"મારી પાસે કેવા મજબુત પુરાવા છે એનો જો આપને ખિયાલ પણુ હોત તો આ પ્રકાર તરફ તમે સહજ પણુ તિરસ્કાર દર્શાવત નહિ. તમે શું એમ કહેવા માગો છો કે જે દિવસે એ યુવકનું ખૂન થયું તે દિવસે સાંજે લૅાંગના હૉટેલમાં તે આપને મળ્યો નહોતો ?''

"ના. તે દિવસે તો શું પણુ સાત આઠ દિવસ અગાઉ પણુ તેની સાથે મારી મુલાકાત થઇ નહોતી.''

"ત્યારે આપ સાંભળીને અજાયબ થશો કે મરનારે તે દિવસે સાંજે આપને મળી જે સઘળી વાતચીત કરી હતી, તેજ તેણે આપની મુલાકાત થઇ ગયા પછી, તેના એક મિત્રને લખી જણાવી હતી. એ મિત્રજ હમણાં આપની દૃષ્ટિએ ખૂની છે.''

લૅાર્ડ સાહેબે અતિશય આશ્ચર્યચકિત બની કહ્યું:—"પત્રમાં સઘળી હકીકત લખી જણાવી હતી ?''

"હા, શબ્દે શબ્દ. મેરીયેટ લિસ્ટ્રેટ નામની વેશ્યા સાથે આપના સંબંધની વાત એ વાત ગુપ્ત રાખવા માટે આપે કરેલી આજીજી, દર્શાવેલી દમદાટી વગેરે સઘળી હકીકત તેણે પત્રમાં લખી હતી ''

"તદ્દન અશક્ય. એવો પત્ર તેણે લખ્યોજ નથી.''

મારા મિત્ર ઑાક્ટેવ પાસેથી મેળવેલા કેટલાક પત્રો મેં ખિસામાંથી બહાર કહાડયા અને તેમાંથી એક પત્ર લૅાર્ડ સાહેબના હાથમાં મૂકી કહ્યું:—"આ રહી એ પત્રની નકલ. અસલ પત્ર અહિં આપની પાસે લાવવાનું મને વ્યાજબી લાગ્યું નથી.''

લૅાર્ડ સાહેબનું મ્હોં લેવાઇ ગયું. તુટક સ્વરે તેમણે કહ્યું:—

એ માણુસે મરતા પહેલાં આ પત્ર લખ્યો હતો ?"

"હા, ઇન્સાફની અદાલતમાં આ પત્રદ્વારા ઘણાં રહસ્યોના ભેદનો પડદો ખુલશે. સાધારણ જનસમાજને ચર્ચા કરવાનો એક મામલો મળશે તથા આપના જેવા પ્રતિષ્ઠિત પુરૂષની કીર્તિનો ડંકો સમસ્ત ફ્રેંચ સામ્રાજ્યમાં વાગશે. આપ એક વખત પત્ર વાંચી જુઓ." લૉર્ડ સાહેબે લૅમ્પ પાસે જઇ પત્રને અથેતિ વાંચી જોયો. પછી ખુરશીમાં ઢળી પડી કાંઇ વિચાર કરવા લાગ્યા. મેં કહ્યું:—"આ કાગળ આપની પાસે પિશાચનો શાપ લઇ આવ્યો છે. આ કાગળ વાંચતાંજ સાફ સમજી શકાય છે કે, શા હેતુથી આપે એ યુવકનું ખૂન કર્યું હતું. આપે ખૂન કરવાની તૈયારી અગાઉથી કરી રાખી હતી; પરંતુ આપનાં સદ્‌ભાગ્યે આપનો હરીફ પ્રણયી એ ખૂન થયું ત્યાર પછી અલ્પકાળને અંતરે કોઈ કારણથી છુપી રીતે ઈંગ્લૅન્ડ છોડી ગયો, તેથી સંજોગનો ભોગ થયો અને સંદેહનો શિકાર બન્યો. પોતે નિર્દોષ હોવા છતાં પોતાની જાતને તે બચાવી શકયો નહિ. પરંતુ હવે આપ સાફ સમજી શકયા હશો કે આ પત્રની મદદથી ખરા ખૂનીને શોધવાનું કામ સહેલું થયું છે."

"તમારાં આ સઘળાં પ્રમાણો ન્યાયાધીશ સ્વીકારશે નહિ."

"જો આપ પોતે આપનો ઇન્સાફ કરવા બેસો તો આ પ્રમાણ ન સ્વીકારો. પરંતુ જે સનાતન સત્ય છે, તે અસત્યના આવરણ નીચે કદાપિ ઢંકાઇ રહેતું નથી. જૅકનું ખૂન કરવાનો કોઈ હેતુ આપના હરીફના ઉપર મૂકી શકાય એમ નથી."

"ખૂનની મતલબ શોધી કાઢવાથી ફ્રૅંચ દેશમાં કાઇને ફાંસીની સજા થતી નથી. એ સંબંધી ફ્રૅંચો અંગ્રેજોના જેવા જંગલી નથી."

"પરંતુ ગુન્હો સાબીત થતાં ગમે તેવા મોટા ગુન્હેગારને પણ માફી મળતી નથી. આપના ગુન્હાની આપને કેવી સજા થશે, તે ટુંક સમયમાં આપ પોતેજ જોઇ શકશો."

"હું દોષનો અસ્વીકાર કરીશ. આ બનાવટી કાગળ છે, એમજ કહીશ."

"હજી આપ ભુલો છો. પત્ર યથા રીતે પોસ્ટ કરવામાં આવ્યો હતો. કવર ઉપર તારીખ સાથેની પોસ્ટ ઓફીસની છાપ પણ છે. પત્રના હસ્તાક્ષર મી. જૅકના છે એ પણ સાબિત થઇ શકે તેમ છે."

"તમે કેટલાક બદમાસોએ મળી મારી વિરૂધ્ધ કપટ કારસ્તાન રચ્યું હોય એમ મને લાગે છે."

"આપને જેમ સમજવું હોય તેમ સમજો."

"હું કોઇનો ભય રાખતો નથી."

"ત્યારે એ વાત સાંભળીને આપ શાંત થશો કે, આ ખૂન થયું તેનાથી થોડા વખત બાદ આપની ઉપપત્નિ મેરીયેટના જીવનનો એકાએક અંત આવ્યો. તેનું મૃત્યુ સ્વાભાવિક નહોતું એ વાતનો અસ્વિકાર તમે પણ નહિજ કરો. એક ગુન્હાને છુપાવવા આપે બીજો ગુન્હો કર્યો હતો એમ અમે ઘણી સહેલાઈથી સાબીત કરીશું. આ સઘળાં પ્રમાણો ઘણા વખતથી મારા હાથમાં આવેલાં હોવા છતાં જાણી જોઇનેજ મેં તે આજ સુધી લંડન પોલીસના હાથમાં આપ્યાં નથી. કારણ કે, આપને જો ગુન્હેગાર ઠરાવી સેશન કોર્ટમાં ખેંચવામાં આવે તો આબરૂદાર સમાજમાં આપનું અપમાન અને તિરસ્કાર થયા સિવાય રહે નહિ. આપ એ સઘળું કદાચ સહન કરી શકો; પરંતુ કુસુમ સમાન કોમળ હૃદયની આપની પત્ની તથા આપનાં બાળ બચ્ચાં જે દિવસે આપના કલંકની વાત જાણે તે દિવસેજ આત્મહત્યા કરે તેમ છે. આપ આ ઉપનિવેશમાં મહાન ગૌરવથી ફ્રેંચ પ્રજાતંત્રના પ્રતિનિધિનું કામ કરો છો આપની ઇજ્જત દેશ વિખ્યાત છે. સુયોગ્ય સુબેદાર તરીકે આપની ખ્યાતી છે. આપના ચરિત્ર તરફ ઘણા માણસોને શ્રધ્ધા છે. આવી પરિસ્થિતિમાં એક ખૂની તરીકે જાહેર થતાં આપનો દંભ કયાં દૂર થઇ જશે! એ વિચારી શકો છો ?"

વૃધ્ધ લૉર્ડ સાહેબ આત્મસંવરણ કરી શકયા નહિ. ત્રુટક સ્વરે તેમણે કહ્યું:—" તમે ચુપ રહો. તમારા શબ્દો ઝેરી કટારની માફક મારા હૃદયને વીંધે છે. એ સહન કરવાની મારામાં

શકિત નથી.”

“ના છુટકેજ મારે આપને દુઃખ દેવું પડયું છે. કોઈપણ રીતે આપ આપના સંકલ્પથી વિચળીત થયા નહિ. જુએદાને છોડવાની વિનંતિ તિરસ્કારથી આપે ઉડાવી દીધી. તેથીજ ના છુટકે મારે આ સઘળી હકીકત કહેવી પડી છે. હજી પણ હું આપને પૂછું છું કે, આપ મારા કહેવા પ્રમાણે વર્તવા તૈયાર છો કે નાહ ?”

ક્ષણુકાળ સુધી મારા તરફ જોઇ લૉર્ડ સાહેબે કહ્યું:—
“બીજાઓ જોઇ શકે નહિ, એવી છુપી રીતે જુએદા જો છુટી થઈ શકે, તો તમે મને શું ઇનામ આપશો ?”

“જો એમ થશે તો આપની વિરૂધ્ધ કોઇ પણ ફરિયાદ કરવામાં આવશે નહિ. આપનું ગૌરવ, આપનું સન્માન થતા આપની શકિત સુરક્ષિત રહેશે.”

“તમારી આ કબુલતપર હું સંપૂર્ણ વિશ્વાસ મૂકી શકું ખરો કે ?”

“હા, આપની મારફત કામ પાર પાડી છેવટે આપને આફતમાં ફસાવી જગતમાં કલંકિત કરૂં એવો નરાધમ હું નથી.”

“ત્યારે તમે અસલ કાગળ મારા હાથમાં આપવાને કબૂલ થાઓ છો ?”

“ના. આપના પુત્ર પરિવારનાં સુખ શાન્તિ અને સન્માન તરફ નજર રાખી હું ચુપ રહીશ. એવી પ્રતિજ્ઞા કરવા હું તૈયાર છું; પરંતુ એ પત્ર આપને આપી શકું તેમ નથી.”

“ત્યારે એ કાગળની મદદથી તમે મને વિવિધ પ્રકારે સતાવવા ચાહો છો કેમ ?”

“આપ એ માટે નિશ્ચિંત રહો. આપની પાસે હું મારી માશુકના પ્રાણુની ભીક્ષા માગું છું. એ ઉપરાંત મારે પોતાને અગર તો પારકાને માટે હું કદાપિ આપની પાસે કોઇપણ પ્રકારની પ્રાર્થના કરીશ નહિ. જુએદા છુટી થતાં આપ જીવન પર્યંતને માટે નિર્ભય થઇ શકશો.”

આ વાતનો લૉર્ડ સાહેબે કાંઈ જવાબ આપ્યો નહિ. થોડા

સમય પછી બંને હાથથી મ્હોં ઢાંકી અસ્પષ્ટ સ્વરે તેમણે કહ્યું:– “ જીંદગીમાં કરેલી એકજ ભૂલને માટે કેવી ભયંકર સજા ભોગવવી પડે છે! જો હું મારા ભૂતકાળના જીવનની સ્મૃતિનો સર્વાંશે નાશ કરી શકયો હોત તો કેવું સારૂં.”

“ આપની પાસે બે માર્ગ ખુલ્લાં છે. આપ કયો માર્ગ સ્વીકારશો ? ”

“આ પ્રશ્નનો ઉત્તર તમને કાલે મળશે. આજ રાત્રે તમે મારા મહેમાન થઇ શકો છો.”

“ આપની મહેમાનગીરીથી હું ઘણો મુગ્ધ થયો છું; પરંતુ આપને ત્યાં નાચની મજલિસમાં હાજર રહેવા કરતાં બીજા ગંભીર કાર્યમાં હું ગુંથાયેલો છું. આપને જે કરવું હોય તે આજે રાત્રેજ કરવું જોઇએ. જો કદાચ આપ મારી માગણી નહિ સ્વીકારો તો સહવારની સ્ટીમરમાંજ હું ઈંગ્લૅન્ડ ચાલ્યો જઈશ.”

લૉર્ડ સાહેબ ઘણા સમય સૂધી ચુપકીદીથી બેસી રહ્યા. રાત્રી ગંભીર હતી. મારબલની ઘડીયાળનો ટીકટીક અવાજ સંભળાતો હતો. તથા નજીક આવેલા એક વિશાળ હૉલના મજલિસમાંથી નાચનો અવાજ આવતો હતો. છતાં એ તરફ મારૂં ધ્યાન નહોતું. ઑક્ટેવ મારો મિત્ર હતો. તેની નિર્દોષતા સાબીત કરવાનો માર્ગ આવી રીતે બંધ કરી હું તેના તરફ અન્યાય કરતો હતો, એ વાતનો મને વિચાર ન હોતો. જો જરૂર પડે તો આ જીંદગી આપીને પણ જુએદાનો ઉદ્ધાર કરવા હું તૈયાર થયો હતો. લૉર્ડ સાહેબ સમજ્યા હતા કે મેં તેમને સુકો દમ ભરાવ્યો ન હોતો. તેમને માટે એક તરફ અપમાન–કલંક અને ફાંસીની સજા હતી, જ્યારે બીજી તરફ જુએદાને છુપી રીતે છુટી કરતાં તેમની આફત ટળી જાય તેમ હતું. તેમના વિચારનો પાર નહોતો.

એકાએક પાછલું દ્વાર ખુલ્યું અને કોઈ કામિની કંઠ સંભળાયો કે, “હેનરી–હેનરી! પ્રિયતમ, હજી પણ તમારા કાર્યની વાત પુરી નથી થઇ કે? મોડી રાત થઇ છે, તમારી ગેરહાજ-

રીથી મહેમાનો શું ધારશે? પોષાક ઉતારી જલ્દી બૉલ રૂમમાં આવો.

ઉત્તેજીત સ્વરે લૉર્ડ સાહેબે કહ્યું:–"બે મીનીટ સબુર કર. હું હમણાંજ આવું છું." પછી તેઓ ઉઠી એ ઓરડામાં આમ તેમ આંટા મારવા લાગ્યા. છેવટે તેમણે કહ્યું:–"હું નિશ્ચય ઉપર આવ્યો છું. આજે રાત્રેજ છુપી રીતે તે આ રાજ્ય છોડી જશે. યાદ રાખજો, એ મારી મહેરબાનીથી છુટી થાય છે એવી વાતનો એક અક્ષર પણ બહાર આવશે તો મારા કલંક, અપમાન અને દુ:ખનો પાર રહેશે નહિ. તમારા માથામાં અજબ યુક્તિઓ ભરેલી દેખાય છે માટે કઇ યુક્તિથી જુએદાને છુટી કરવાનું કામ સરળ થશે એ કહો છો?"

"કોઇ પણ રીતે એક ઇંગ્રેજી વહાણમાં તેને બેસાડવી જોઇએ. સંધ્યાકાળે એક પ્લેકાર્ડમાં મેં જોયું હતું, કે વિકટોરિયા નામની સ્ટીમર આજે રાતના બે વાગે જીબ્રાલ્ટરને રસ્તે લંડન જવાની છે. એ સ્ટીમરમાં જુએદાને બેસાડવાની વ્યવસ્થા થઇ શકશે કે?"

"આ વાત તો હું ભૂલીજ ગયો હતો. મારો એક મિત્ર એજ વહાણમાં બેસી ઇંગ્લૅન્ડ જવાનો છે. તેણે મને કહ્યું હતું કે, સ્ટીમરમાંની કેટલીક કેબીનો હજી ખાલી છે. તમે હમણાજ શીપ્સ એજન્ટ સ્ટુઅર્ટ કંપનીની ઑફીસમાં જાવ. બે કેબીન ભાડે રાખવાનો બંદોબસ્ત કરી સ્ટીમરમાં ઉપડી જવાની ગોઠવણ કરો."

મેં આશ્ચર્યથી કહ્યું:–"મારે બીજું કાંઇ કરવાનું નથી કે?"

"ના. સ્ટીમરનો કૅપ્ટન એમજ જાણશે કે, યૂરોપિયન વસ્ત્ર-વિભૂષિતા જે રમણી તમારી સાથે છે, તે તમારી વાગ્દત્તા પત્નિ છે. સ્ટીમર ઉપડતાં પહેલાંજ જુએદા તમારી પાસે હાજર થશે."

આમ કહી લૉર્ડ સાહેબે ટેલીફોનના યંત્ર નજીક જઈ યંત્રને યથારીતિ દબાવી પ્રત્યુત્તરરૂપ ઘંટાધ્વનિ થતાં મુખ નમવી કહ્યું:– "હમણાંજ વિલીયમને મારા બેઠકખાનામાં મોકલો."

પછી મારા તરફ જોઇ તેઓ બોલ્યા:–"હવે તમે ઇશ્વરના

સોગંદ ખાઇ પ્રતિજ્ઞા કરો કે મારા આ ગુપ્ત રહસ્યનો સ્ફોટ તમે કોઇની પાસે નહિ કરો.”

મેં તેમના કહેવા પ્રમાણે પ્રતિજ્ઞા કરી એટલે તેમણે મારા હાથને પોતાના હાથમાં લઇ વિદાયસૂચક કરકંપન કર્યું. પછી માથું નીચું નમાવી નિરસ સ્વરે કહ્યું:—“ આજે તમારી પાસે મારી હાર થઇ છે. વિદાય.”

“આ જીંદગીમાં ફરીથી આપની મુલાકાત ન થાય એ ઇચ્છું છું. આપની વાત યાદ કરવાની પણ મારી મરજી નથી. વિદાય.”

કામ પાર પાડી ઉત્સાહથી ઉછળતા હૃદયે હું અલજીરીયાના લૉર્ડ સાહેબનો બંગલો છોડી વિદાય થયો.



પ્રકરણ ૨૦ મું.

—:૦:—

યથા સમયે હું સ્ટીમરપર ઉપસ્થિત થયો. સ્ટીમર બંદરથી થોડે દૂર સફર કરવા માટે તૈયાર થઇ ઉભી હતી. હું સ્ટીમરની રેલીંગ ઉપર નમી પડી કીનારા તરફ જોઇ રહી વિવિધ વાત વિચારવા લાગ્યો. હજી સૂધી જુબેદા દેખાઇ નહોતી. લૉર્ડ સાહેબે પ્રપંચ વચનો ઉચ્ચારી મને છેતર્યો તો નહિ હોય!

નગરમાં આવેલી આસમાની આકાશ સાથે સ્પર્ધા કરતી મસ્જીદની મોટી ઘડીયાલમાં દોઢ વાગ્યો. ચારે દિશા નિસ્તબ્ધ હતી. કેવળ સમુદ્રના તરંગધ્વનિથી એ રહસ્યમયી અંધકાર રજનીના ગાંભીર્યમાં વૃધ્ધિ થયેલી હતી. પ્રથમ શુકલ પક્ષનો ચંદ્ર ઘણા વખતથી અસ્ત થઇ ગયો હતો. અનંત આકાશમાં અસંખ્ય તારાઓ ઉજ્વળતાથી પ્રકાશી રહ્યા હતા. અને એ નક્ષત્ર સમુહની ઉજ્વળ કાંતિના પડછાયા સમુદ્ર જળમાં પડતા હતા.

સ્ટીમરપરના ઘણાખરા માણુસોની આંખોમાં ઉંઘ નહોતી. નાવીકો વ્યાકુળ ભાવથી આમતેમ ફરતા હતા. વચ્ચે વચ્ચે સીડી પકડી ખેંચાખેંચ કરતા હતા, મજબુત દોરડાંઓ યથા સ્થળે ગુંચળું વાળી ગોઠવતા હતા.

છેવટે રાતના બે વાગે સ્ટીમરની સીટીનો અવાજ થયો.

મારી અધીરતાનો પાર રહ્યો નહિ. વિવિધ પ્રકારની આશંકાથી મારૂં હૃદય જોશથી ધબકવા લાગ્યું. હાવરો બાવરો બની જઈ હું આમ તેમ આંટા મારવા લાગ્યો. છેવટે એક નૌકાને તીર વેગથી સ્ટીમર તરફ દોડી આવતી મેં જોઇ. નૌકામાં ત્રણ માણુસો બેઠાં હતાં.

હજી સૂધી સ્ટીમર ચાલુ થઇ નહોતી. નૌકા ધીમે ધીમે સ્ટીમર પાસે આવી ઉભી રહી. પછી એક રમણી નૌકામાંથી સ્ટીમર પર આવી. તેનું સર્વાંગ કપડામાં ઢંકાયેલું હતું.

એ જુબેદાજ હતી, એવી મારી ખાત્રી થઈ. બે બદસૂરત નાવિકોને નજીક ઉભેલા જોઇ જુબેદા બીધી હોય એમ લાગ્યું.

તેણે ભયભીત બની પૂછ્યું:–"આ લોકો મને ક્યાં લઈ આવ્યા?"

ઝડપથી મેં જુબેદાની નજીક જઇ તેના કાંડા ઉપર હાથ મૂકયો અને અરબ્બી ભાષામાં કહ્યું:–"તમે બ્હીશો નહિ. હું તમને છોડાવી શકયો છું. હવે તમે સ્વતંત્ર છો. આપણે બન્ને જણા આ સ્ટીમરમાં બેસી ઇંગ્લૅન્ડ જઇએ છીએ."

મારી વાત સાંભળી જુબેદાએ તેના મૃણાલ જેવા સુકેદ દસ્તથી મારા કંઠમાં વળગી પડી પ્રેમપૂર્ણ સ્વરે કહ્યું:–"અય કલાબાજ આશક! આ જીવનમાં તમારૂં દર્શન થશે એવી મને આશા નહોતી."

મેં કહ્યું:—"મેં તમારી પાસે જે પ્રતિજ્ઞા કરી હતી, તે આજે આટલા દિવસે હું પાળી શકયો છું."

જુબેદાનો પોષાક જોઇને તે મરૂભૂમિની મોહિની યાને અરબરમણી હોય, એવી કલ્પના કોઈના પણ મનમાં ઉપજવા સંભવ નહોતો. ઇંગ્રેજ કુમારિકાની માફક તેના શરીરનો રંગ ઉજ્વળ હતો. કેવળ બંને આંખો વિશેષતાવાળી હતી. આધક કાળનો ઉદ્વેગ–અશાંતિ અને કષ્ટ સહન કરી તેના બંને ઉજ્વળ નયન જાણે કે, વિશુષ્ક અને મલીન થઇ ગયાં હતાં.

બે ત્રણ મિનિટમાં પેલી નૌકા સ્ટીમર પાસેથી દૂર ચાલી ગઈ. હું જુબેદાની સાથે રેલીંગના છેડે જઇ બોલ્યો:–'પ્રિયે! આપણે વિનાવિલંબે ઇંગ્લૅન્ડ પહોંચી જઇશું તથા અતિ આનંદથી એક બીજાં વિવાહ બંધનમાં બંધાઇશું. હવે આપણે નિરાશા, ઉદ્વેગ કિંવા દુઃખ ભોગવવાનાં નથી. માલિકની મહેરબાનીથી આપણી સઘળી આફત ટળી ગઇ છે."

પછી મેં જુબેદાની આગળ મહમદ બિન ઇસાકની મુલાકાતથી માંડી આસ્ફીયાનો ધનભંડાર શોધી આગાદેજ પાછો ફર્યો અને જે જે બન્યું હતું, તે સઘળું ટુંકમાં કહી સંભળાવ્યું. અને આખરમાં કહ્યું કે: "હવે જે સઘળી હકીકત તમારે કહેવાની છે–જે સઘળું રહસ્ય ખુલ્લું કરવા પહેલાં તમે કબુલ થયાં નહોતાં–એ બધું કહેવા હવે તમને હરકત નહિ હોય એમ હું ધારૂં છું."

જુએદાએ મુખ મલકાવી કહ્યું:–"હા, હવે એ સઘળી હકીકત હું તમને કહીશ. હવે મારે તમારાથી કાંઇ છુપાવવાનું નથી. શેખની મંડળી સાથે મારૂં જે બંધન હતું તે છિન્ન કરી આજે હું તમારા દેશમાં આવું છું હવે તમે મારૂં જીવન સર્વસ્વ છો તેથી તમારાથી મારે શું છુપાવવાનું હોય! મારૂં જીવન કેવું રહસ્યપૂર્ણ છે, કેટલી આફતો વેઠી હું આ ઉમરે પહોંચી છું, એ સાંભળવામાં આવતાં તમારી અજાયબીનો પાર રહેશે નહિ. મારી જીંદગી મોજ–મજાહથી ભરેલી નહિ પણ ભેદ ભરમથી ભરેલી અદ્‌ભુત ઘટનામયી નવલકથા જેવી છે. ભાગ્યયોગથી બાલ્યાવસ્થામાંજ મારો શયતાની ટોળી સાથે સંબંધ થયો હતો. મારા પિતા બનાસુઝર નિવાસી એક શેખ હતા અને હું તેમની એકની એક લાડકી કન્યા હતી. પોતાના મૃત્યુ પ્રસંગે મારા પિતાએ આ અર્ધ લોહચન્દ્ર મને આપી કહ્યું હતું કે, પૂર્વજોના કાળથી આ વસ્તુ આપણા વંશમાં યથાક્રમે ઉતરી આવેલી છે. એની મદદથી ઘણા અદ્‌ભુત પ્રકારો જાણી શકાય છે. એ વસ્તુની જાદુઇ શકિત સંબંધી મને વિવિધ માહિતી આપી એમાંની કાંઇ પણ વાત કોઇને કહેવાનો તેમણે મને નિષેધ કર્યો હતો.

"પિતાનું મૃત્યુ થયા પછી એક મહિને એકલી ઘરમાં રહેવું ઠીક નહિ લાગવાથી હું મારા પિતાના સંબંધી કેટલાક સોદાગરોની સાથે મુસાફરીએ નીકળી હતી. રસ્તામાં લૂટારાઓએ અમારા પર હુમલો કર્યો અને અમારી પાસે જે કાંઇ જીવ વાજીરો હતો તે બધું લૂંટી લઈ અમને કેદ કરી પોતાના અડ્ડામાં લઇ ગયા.

"હું મારા પિતા પાસેથી થોડી થોડી જાદુ વિદ્યા શીખી હતી. વળી કદાચ હાજી અબુ સલામ મારા તરફ કાંઈ જુલ્મ ગુજારશે એવા ભયથી મેં તેને એક દિવસે એમ જણાવ્યું કે, હું કાંઈ માયકાંગલી સાધારણ સ્ત્રી નથી. હું ધારૂં તો ઘણાં અદ્‌ભુત કામ કરી શકું તેમ છું. અને સુલતાન (હાજી અબુસલામ) જો ચાહતા હોય તો તેમને ચમત્કાર બતાવી શકું તેમ છું. મેં હાજી અબુ સલામને મારી ઇંદ્રજાળ વિદ્યાની કેટલીક ચાલાકી

બતાવી. એ જોઇ શયતાનનો સરદાર એટલો બધો ખુશ થયો કે, મને કેદખાનામાંથી જનાનખાનામાં મોકલી દેવામાં આવી."

એ જનાનખાનું પવિત્ર સ્થાન નહિ હોવાથી કાંઇક નારાજ થઇ મેં પૂછ્યું:—"તમને જનાનખાનામાં શા માટે મોકલ્યાં ? એટલી બધી કૃપા કરવાનું કાંઈ કારણ ?"

જુબેદાએ કહ્યું:—"હા, કૃપા તો ખરી. પરંતુ એ કૃપાનો પૂર્ણ પરિચય પ્રાપ્ત થયો નહોતો. શયતાનના જનાનામાં દાખલ થયા પછી એક કલાકે તે મારી નજીક આવ્યો, તથા મારી જાદુઇ શક્તિનું મૂળ ક્યાં છે, એ વિષે અતિ આગ્રહથી મને પૂછ્યું. મેં લોહ અર્ધચન્દ્ર બહાર કહાડી તેને બતાવ્યો અને કહ્યું:—"જેની પાસે આ વસ્તુ હોય છે, તે જીંદગીમાં ફત્તેહ મેળવે છે—જોતજોતામાં તેની આફત ટળી જાય છે અને દીન દુનિયાના માલીક પરવરદિગાર તેનું રક્ષણ કરે છે."

મારી વાત સાંભળી હાજી અબુ સલામે એ લોહ અર્ધચન્દ્ર મેળવવાની મુરાદ દર્શાવી. મેં તેને કહ્યું:—"એ વસ્તુ પૂર્વજોના વખતથી અમારા હાથમાં આવેલી છે. કોઈ પણ રીતે હું તે બીજાને આપી શકું તેમ નથી. ખરા માલીકના હાથમાંથી જો કોઇ જબરદસ્તીથી અથવા લુચ્ચાઈથી એ ચીજ મેળવે છે, તો મેળવનારનાં દુઃખ—કષ્ટનો પાર રહેતો નથી. ગમે તેમ હોય, છેવટે મેં તેને એમ સમજાવ્યું કે, હું એ લોહ અર્ધચન્દ્રનો તેના તેમજ તેની ટોળી માટેના ભલા માટે યત્ન કરીશ અને તેના બદલામાં તે મને પોતાની કન્યાની માફક અંતઃપુરમાં ઉછેરશે અને સૂર્યનન્દિનીના નામથી હું ઓળખાઇશ. એ લોહ અર્ધચન્દ્રની મદદથી હાજી અબુ સલામે ઘણા મયદાને જંગમાં ફત્તેહ મેળવેલી છે; પરંતુ એથી તેના લોભનો અંત આવ્યો નથી. તેની ટોળીના માણસો મને જાદુગરી નારી ધારી મારાથી ડરતા, પરંતુ તેમનો સરદાર હંમેશાં મારા નાશના વિચાર કરતો હતો. તેના ગૌરવ અને પ્રભુતાને ઘણા અંશે મેં ઓછાં કર્યાં હોય એમ તેનું ધારવું હતું.

"એ અરસામાં એક ફકીરની સાથે હાજી અબુ સલામની મુલાકાત થઈ, એ ફકીરે વાતમાં ને વાતમાં તેને એમ જણાવ્યું

કે, મારા એ લોહ અર્ધચન્દ્રની સાથે આસકિયાના મૂલ્યવાન ધન-ભંડારનો યાને ભેદી ખજાનાનો કાંઈક સંબંધ છે., એ ફકીર મુલ્લાંઓની મંડળીમાં સામેલ હોય એમ મને લાગ્યું. કારણ કે મુલ્લાં મંડળ સિવાય એ વાત બીજા કોઈના જાણવામાં આવવાનો સંભવ નહોતો.

તે મુજબ શયતાનના સરદારે એક દિવસ મને કહ્યું:—"જો તું આસકિયનો ભેદી ખજાનો શોધી કહાડી મને તેનો પત્તો આપી શકે, તો તને છુટી કરૂં.'

બીજી ઘણી વાતની ચર્ચા થયા પછી મેં જુએદાને પૂછયું:—તારા છિન્ન હસ્તનું રહસ્ય તો તેં દર્શાવ્યું નહિ! એ બધો શું ઘોટાળો હતો?"

જુએદાએ કહ્યું:—"એ મારી એક દાસીનો હાથ હતો, અને મેંજ તમારી પાસે મોકલ્યો હતો. મારા તરફનો તમારો પ્રેમ કેટલો ગંભીર હતો, મારૂં મૃત્યુ થયું છે એમ વિચારી તમે તમારો સંકલ્પ સાધવામાં પાછી પાની કરો છો કે કેમ એ જાણવાના હેતુથીજ એ હાથ તમારી પાસે મોકલ્યો હતો. પ્રિય-તમ! મારા એ અપરાધની તમે ક્ષમા આપો. આગાદેજના સુલતાનની વિરૂદ્ધ જે યુદ્ધયાત્રા કરવામાં આવી હતી, તે કાર્ય કેવળ મારા પ્રપંચથીજ થયું હતું. કારણ હું પ્રથમથીજ જાણી શકી હતી કે, તમારો સંકલ્પ સાધવા માટે તમે આગાદેજ જઇ સુલતાનના રાજમહાલમાં ગુલામ બન્યા છો. ત્યાર પછી નિષ્ઠુર લાવાકાન તમારૂં ખુન કરવા તમને છેતરીને લઇ ગયો. તેથી તમને ફરીથી આગાદેજમાં લઈ ગયા સિવાય કાર્ય સિદ્ધ થાય એમ નથી એવું વિચારી સુલતાનના ધનરત્નોનો લોભ બતાવી હાજી અબુ સલામને મેં આગાદેજમાં લુંટ ચલાવવા ઉત્સાહિત કર્યો હતો. તમે જાણો છો કે, અમે આગાદેજ કબજે કર્યું હતું; પરંતુ એકાએક ચોતરફથી ફ્રેંચો આવી પડવાથી અમારે હારવું તથા કેદી થવું પડ્યું. હવે એમ લાગે છે કે, હાજી અબુસલામ તથા તેનો બદમાશ વજીર લાવાકાન બચવાના નથી."

મેં કહ્યું:—"એ બંને જનાવરોએ અનેક નિર્દોષ માણસોના

લોહીથી પોતાની તરસ છિપાવી છે. હવે એ દોજખના દૈત્યોને તેમના મહા પાપોની વ્યાજબી સજા થશે, વિના વિલંબે ગેલોટીન યંત્રથી તેમનાં માથાં છિન્નભિન્ન થઇ જશે સૌભાગ્ય યોગથી આજે તમે હાજી અબુ સલ્લામના પંજામાંથી બચી ગયાં છો. જો આટલા દિવસ સુધી તમે તેના હાથમાં હોત તો તેણે પોતાની કબુલત તોડી જબરદસ્તીથી તમને પોતાનાં બેગમ બનાવ્યાં હોત."

જુબેદાએ હસીને કહ્યું:—"સદ્‌ગૃહસ્થની સુશિલા સ્ત્રી થવું એજ સ્ત્રી જાતિનું યથાર્થ સૌભાગ્ય છે. પિશાચના વિલાસની પુતળી થવામાં કાંઈ સુખ નથી. ગમે તેમ હો, પણ ભૂતકાળના મારા સઘળા ગુનાહોની તમે મને માફી આપી છે એ વાત તમારા મુખે સાંભળી મારા હર્ષ અને આનંદનો પાર રહેશે નહિ."

મેં કહ્યું:—"કર્તવ્ય અગર નીતિની આગળ તમે જાણતાં કે અજાણતાં જો કાંઇ ગુન્હો કર્યો હોય, તો આજે હું મારા સાચા જીગરથી તે માફ કરૂં છું. સ્નેહમયી સુશીલા, તમે મારા સંસારમાં આવી સર્વ પ્રકારે સુખી થાવ, અને અનેરી શાંતિ ભોગવો એજ મારા અંતરની એક માત્ર કામના છે. ભૂતકાળની સ્મૃતિથી તમે જો કદાચ અફસોસ કરશો તો મારા શોકનો પાર રહેશે નહિ."

આમ કહી મેં ફરીથી પૂછ્યું:—"હૂરે-અરબ! હજી તમે આ લોહ અર્ધચન્દ્રનું ગુપ્ત રહસ્ય મારી પાસે પ્રકાશિત કર્યું નથી."

જુબેદાએ કહ્યું:—"એ સંબંધી હું જે કાંઈ જાણું છું, તે સઘળું તમને કહું છું. એ ચન્દ્રમાં એવી અદ્‌ભુત શક્તિનો સંચાર શા કારણથી થયો છે, તે હું જાણતી નથી. મેં એમ સાંભળ્યું છે કે, આસકીયાના અતિ પ્રતાપશાળી સુલતાન પોતાના રત્નજડીત શિરપેચનો ત્યાગ કરી દ્રવ્ય તરફ તિરસ્કાર દર્શાવવા માટે જે લોખંડી શિરપેચ ધારણ કરતા હતા એજ શિરપેચનો આ એક કડકો છે. છતાં એ લોહ અર્ધચન્દ્રના અદ્‌ભુત પ્રભાવથી તમે આસકીયાની અખૂટ દૌલત મેળવવામાં ફતેહમંદ થયા છો. એ સંબંધી મને કાંઇ સંદેહ નથી. તમારી ઇચ્છાશક્તિ એટલી બધી પ્રબળ છે કે, આ લોહ અર્ધચન્દ્રના વિશેષ ગુણથી તે તમારા

લલાટને અડકતાંની સાથેજ આસકીયાની પોતાની યાદ તમારા મનમાં તાજી થઇ આવી હતી. તેથીજ તમે જે સ્થળે ધન ભંડાર છુપાવી રાખવામાં આવ્યો હતો, એ સ્થળે જઇ શકયા હતા."

મેં અજાયબી પામી કહ્યું:—"આ ઘણી અદ્‌ભુત વાત છે છતાં એક વાત હજી પણ હું સમજી શકતો નથી. પ્રબળ ઇચ્છા શક્તિ કેવળ મનેજ છે એમ કાંઇ નથી. 'બહુરત્નાવસુંધરા' એ લોકોક્તિ અનુસાર પૃથ્વીમાં એવા બીજા પણ ઘણા માણસો હશે કે જેઓ આ ચન્દ્રને કપાળે લગાડતા સહેલાઇથી આસકીયાનો ધનભંડાર શોધી શકે."

જુબેદાએ કહ્યું:—"ના, તમારી સમજ ફેર થાય છે. કયા સ્થળે જઇ કેવી રીતે કપાળ સાથે ચન્દ્રનો સ્પર્શ કરવાથી સફ-ળતા મળે તેમ છે, એ વાત કેવળ મહમદ બિન ઇસાક જાણતા હતા. એટલા માટેજ મેં તમને તેમના આશ્રમમાં મોકલ્યા હતા. મારે હવે વિશેષ કાંઇ કહેવાનું નથી. રાત વીતી પ્રભાત થવા આવ્યું છે. આપણે હવે થોડો આરામ લેવાની જરૂર છે."

પછી હું જુબેદાને બાહુ બંધનમાં આલિંગન કરી વિશ્રામ ગૃહ તરફ જવા લાગ્યો. એ વખતે પૂર્વ દિશામાં ઉષાના આગ મનની જ્યોતિનો વિસ્તાર થવા લાગ્યો હતો. હૃદયને ઠારે એવો શતળ વાયુ ઉષાનું આગમન સૂચવતો સ્વચ્છન્દતાથી વિહરતો હતો, અને પર્વત જેવા તરંગરંગને ભેદી સ્ટીમર ઇંગ્લેન્ડ તરફ આગળ વધતી હતી.

જુબેદાના શિથિલ દેહને આલિંગન કરી તેના ઓષ્ઠ પર ચુંબન કરી ધીમે ધીમે કૅબીનમાં જઇ શય્યામાં હું સૂતો.

વાંચક! આજની નિદ્રા કેવા સુખની હતી! જીવન યુધ્ધમાં વિજયી થઇ પ્રફુલ્લ અંતઃકરણથી સોનેરી જીવનના વિવિધ સ્વપ્ન અંતરપટમાં અવલોકતો અવલોકતો હું આજે સ્વદેશ તરફ જતો હતો.

સમાપ્ત.

મોજ-મજાહ

વાર્તા, નાટક અને સિનેમાના

શોકીન-લાખો વાંચકોનું

માનીતું પત્ર

વાર્ષિક લવાજમ

મુંબઇમાં રૂ. ૪-૦-૦ બહાર ગામ રૂ. ૪-૪-૦

પરદેશ રૂ. ૫-૦-૦

તે સિવાય

ભેટનું પુસ્તક અને દીવાળી તથા સીનેમા અંકો મફત

આજેજ ગ્રાહક થાવ.

મોજ-મજાહ કાર્યાલય

મુંબઇ ૪.